કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંદી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચકકાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ
અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૩ એપ્રિલ, ૨૦૨૪ મંગળવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરચક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ
અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૨૮૬◆વર્ષ : ૩૦ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ચૈત્ર સુદ-૧૫◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

રાજસ્થાનના રણમાં મોદી : વિપક્ષ પર પ્રહાર

ટોંકમાં વડાપ્રધાને જાહેરજનસભાને કર્યુ સંબોધન : મોટી સંખ્યામાં લોકો રહ્યા હાજર : કોંગ્રેસને લીધી આડેહાથ : કર્ણાટકની સરકાર પર પણ વરસાવ્યા શાબ્દીક ચાબખાં : ભજનલાલ સરકારની કાર્યવાહીની કરી પ્રસંશા

જયપુર : આજ રોજ વડાપ્રધાન નરેન્દ્રમોદી ચૂંટણીનો પ્રચંડ પ્રચાર કરી રહ્યા છે. આજે તેઓ રાજસ્થાન અને તે બાદ છત્તીશગઢમાં ચૂંટણી પ્રચારના કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે. આજ રોજ સવારે ૧૧ વાગ્યે રાજસ્થાનનાટોંકમાં વડાપ્રધાનશ્રીએ ચૂંટણીની વિશાળ જનસભાને સંબોધન કરી અને વિપક્ષ, કોંગ્રેસ, કર્ણાટકની સરકાર પર શાબ્દીક વાર કર્યા હતા. તેઓએ કહ્યુ હતુ કે,તમને અમારા ભજનલાલજીને સેવા કરવાની તક આપી છે અને જયારથી ભજનલાલ અને તેમની ટીમ કામમા લાગી છે ત્યારથી માફીયાઓ અને અપરાધીઓ રાજસ્થાન છોડીને ભાગવા પર મજબુર બન્યા છે. પેપર લીક માફીયાઓ પણ ભજનલાલના કાયદાકીય દંડા પડયા બાદ ઠંડા પડી ગયા છે. હજુ તો ભજન લાલજીની ટીમને માત્ર ત્રણ ચાર મહિનાઓ જ થયા છે. જે અપરાધી અંધારામાં છે તેઓ જાણી લે કે, આ ભજનલાલજી છે, હજુ તો ભજનલાલ સરકારની ગાડી ચાલવાની શરૂ થઈ છે, હજુ તો ટોપગીયરમાં આવાવનુ બાકી છે. કોંગ્રેસે મહીલાઓના અપમાન મુદે રાજસ્થાનને ટોપમાં મુકયુ છે. મોદીજીએ કહ્યુ કે, આજે હનુમાન જયંતિ છે. મને કેટલાક સમય પહેલાની તસવીર યાદ આવે છે, મીડીયાનુ કામ છે કે આ વાત પહોંચાડે પણ તેઓએ નહી પહોંચાડી હોય. આ તસવીર છે કોંગ્રેસના શાસનવાળા કર્ણાટકની. કેટલાક દીવસ પહેલા એક નાના દુકાનદારને એટલા માટે પીટવામાં આવ્યો, લહુલુહાણ કરી દીધો કે, તે પોતાની દુકાનમાં બેઠા બેઠા હનુમાન ચાલીસા સાભળતો હતો. આ કોંગ્રેસની કર્ણાટકની સરકારનું કામ છે. અક વ્યકિત પોતાની દુકાનમાં ભકિતસભર અવસ્થામાં હનુમાન ચાલીસા સાંભળતો હતો તેને લોહીલુહાણ કરી દેવામા આવ્યો હતો. આપણે કલ્પના કરી શકીએ છીએ કે કોગ્રેસના રાજમાં હનુમાન ચાલીસા સાંભળવી પણ ગુનો બની જાય છે. કોંગ્રેસના રાજમાં પોતાની આસ્થાનું પાલન કરવુ પણ મુશ્કેલ બની જતુ હોય છે. રાજસ્થાન તો ખુદ તેનો ભોગ તો અગાઉ બન્યું જ છે. હનુમાનજયંતીના દીવસે વડાપ્રધાને રાજસ્થાનમાંથી કર્ણાટકની કોંગ્રેસની સરકાર પર શાબ્દીક વાર કર્યા હતા. મોદીએ કહ્યુ કે, રામનવમીના દીને રથયાત્રા પર પથ્થરમારો કરનારાઓને કોંગ્રેસ દ્વારા સરકારી સરંક્ષણ આપ્યુ હતુ.

મલેશિયામાં સૈન્યના હેલિકોપ્ટરની ટકકર :૧૪ના મોત

મંગળવાર સવારે મલેશિયામાં સર્જાયો અમંગળ : નેવીના વાર્ષિક કાર્યક્રમના રિહર્સલ દરમિયાનની ઘટના

નવી દીલ્હી : મલેશિયાની રોયલ મલેશિયન નેવીના વાર્ષિક કાર્યક્રમના રિહર્સલ દરમિયાન નેવીના બે હેલિકોપ્ટર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ૧૪ લોકોના મોત થયા છે. નેવીએ આ ઘટનામાં દસ લોકોના મોતની પુષ્ટિ કરી છે. દુર્ઘટનામાં માર્યા ગયેલા તમામ હેલિકોપ્ટરના ક્રૂ મેમ્બર હતા. આ ઘટના સ્થાનિક સમય અનુસાર મંગળવારે સવારે ૯.૩૨ વાગ્યે બની હતી.

નેવીનું આ રિહર્સલ મંગળવારે લુમુતના રોયલ મલેશિયન નેવી સ્ટેડિયમમાં થઈ રહ્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક હેલિકોપ્ટર બીજા હેલિકોપ્ટર સાથે અથડાતું જોઈ શકાય છે. આ બે હેલિકોપ્ટર હ્�હીષ્ઠ સ૫૦૨-૬ અને HOM M503-3 હતા. પહેલું હેલિકોપ્ટર ક્રેશ થયું અને સ્ટેડિયમની સીડીઓ પર પડ્યું જ્યારે બીજું સ્વિમિંગ પુલમાં પડ્યું હતું.

ગુજરાતમાં કોંગ્રેસના સ્ટાર પ્રચારકો જાહેર

સોનિયા ગાંધી રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના ૧૦થી વધુ રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે : કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સોનિયા ગાંધી રાહુલ ગાંધી પ્રિયંકા ગાંધી ગુજરાતમાં પ્રચાર કરશેઃ ગુજરાતના ૩૦ નેતાઓનો સ્ટાર પ્રચારકની યાદીમાં સમાવેશ

ગાંધીનગર : ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો માટે ચૂંટણી પ્રચાર કોંગ્રેસે શરૂ કરી દીધો છે ત્યારે ગુજરાતમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિત ૪૦ સ્ટાર પ્રચારકોને ચૂંટણી પ્રચાર જંગમાં કોંગ્રેસ ઉતારશે.

ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો માટે ૭ મી મે ના રોજ ચૂંટણી યોજાનારી છે ત્યારે ગુજરાતમાં તમામ ૨૬ લોકસભા બેઠકો પર ચૂંટણી પ્રચાર માટે કોંગ્રેસે ૧૦ જેટલા રાષ્ટ્રીય નેતાઓ અને ૩૦

જેટલા પ્રદેશ નેતાઓને સ્ટાર પ્રચારક તરીકે ચૂંટણી પ્રચારના મેદાનમાં ઉતાર્યા છે.

ગુજરાતમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, સચિન પાયલોટ, કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ કે.સી. વેણુગોપાલ ગુજરાતના પ્રભારી મુકુલ વાસનિક કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢી , અલકા લાંબા સહિત ૧૨ રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતની ૨૬ લોકસભા બેઠક પર ચૂંટણી પ્રચાર કરશે.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ સહિત અમિત ચાવડા, જગદીશ ઠાકોર, ભરત સોલંકી, સિદ્ધાર્થ પટેલ, દીપક બાબરીયા, મધુસુદન મિસ્ત્રી, અમીબેન યાજ્ઞિક, શૈલેષ પરમાર, લલિત કથગરા, જીગ્નેશ મેવાણી, ગૌરવ પંડ્યા, સુખરામ રાઠવા સહિત ૩૦ જેટલા પ્રદેશ નેતાઓને પણ ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપવામાં આવી છે.

૧મેથી મોદી ગુજરાતના પ્રવાસે

ચૂંટણીનો કરશે પ્રચંડ પ્રચાર : જુનાગઢમાં જાહેરસભાને સંબોધશે તો વડોદરામાં યોજાશે પીએમનો ભવ્ય રોડ શો : સાબરકાંઠા-બનાસકંઠામાં પણ મોદી કરશે પ્રચાર : અમિત શાહ ૨૭થી ૨૯ એપ્રીલ કરશે ઝંઝાવાતી પ્રચાર

ગાંધીનગર : ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનો માહોલ ગરમાઈ રહ્યો છે. અને તેની સાથે જ પ્રચાર-પ્રસાર પણ તેજ બની જવા પામ્યા છે. દરમ્યાન જ હવે ગુજરાતમાં પ્રચારની બાગડોર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને અમિત શાહ સંભાળશે તેવા અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. આ મામલે જાણવા મળતી વધુ વિગતો અનુસાર નરેન્દ્ર મોદી આગામી એક મેથી ગુજરાતમાં પ્રચારની બાગડોર સંભાળસશે. તેઓ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. તે ઉપરાંત અમિત શાહ પણ ગુજરાતમાં ઝંઝાવાતી પ્રચાર કરનાર છે.

આ મામલે મળતી વધુ વિગતો અનુસાર આગામી ૨૭મી એપ્રીલથી ૨૯મી

એપ્રીલ સુધી અમિત શાહ ચૂંટણીનો કરશે પ્રચાર. તથા ૧ મેથી વડાપ્રધાન માદરે વતનમાં પડાવ નાખશે અને ચૂંટણી લક્ષી પ્રચારની બાગડોર સંભાળશે. નરેન્દ્ર મોદીની જુનાગઢમાં વિશાળ જનસભા યોજવામા આવી રહી છે તો વળી બીજીતરફ વડોદરામાં તેઓનો ભવ્ય રોડ શો પણ યોજવામા આવનાર હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. મધ્ય, ઉત્તર, દક્ષીણ ગુજરાતમાં પણ ઝંઝાવાતી પ્રચાર યોજવામા આવશે. મોદી સાબરકાંઠા તથા બનાસકાંઠામાં પણ પ્રચારને વેગવાન બનાવશે.

ભાજપના ચૂંટણી સંકલ્પ પત્રની ગુજરાતી આવૃત્તિનું પ્રદેશ અધ્યક્ષ પાટીલ - મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિમોચન

ચૂંટણી પ્રચાર પ્રસાર ગીતો અને વિવિધ કૃતિઓનું પણ લોન્ચિંગ

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : લોકસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલ ચૂંટણી સંકલ્પ પત્રની ગુજરાતી આવૃત્તિનું આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું તેમજ ચૂંટણી પ્રચાર પ્રસારણ ગીતો

અનુસંધાન પાના નં.૪ પર

કાશ્મીરમાં ફરી ટારગેટ કીલીંગઃ ત્રાસવાદીઓએ સરકારી અધિકારીને ઠાર કર્યા

રાજૌરી (જમ્મુ-કાશ્મીર): અત્રે સોમવારે આતંકી હુમલામાં એક સરકારી અધિકારી પર ગોળીબારથી સરકારી અધિકારીનું મૃત્યુ થયું હતું.આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ આતંકીઓએ એક વ્યકિત પર નજીકથી ગોળીબાર કર્યો હતો. જેને સારવાર માટે હોસ્પિટલે દાખલ કરાયો હતો, જયાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.ઘટનાની જાણકારી મળતા સુરક્ષા દળોની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આતંકીઓને પકડવા માટે પૂરા વિસ્તારની ઘેરાબંધી કરી હતી. મૃતકની ઓળખ મોહમ્મદ રજાક તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું હતું કે મૃતક સમાજ કલ્યાણ વિભાગમાં જુનિયર આસિસ્ટન્ટના પદે ફરજ પર હતા.

શું કેજરીવાલ બાદ આમ આદમી પાર્ટીનો વારો ? EDની પૂરક ચાર્જશીટ અંગે ખતરાની ઘંટડી વાગી

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : ઓક્ટોબર ૨૦૨૩માં, સુપ્રીમ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને સવાલ કર્યો હતો કે, જો દિલ્હી લિકર પોલિસી કેસમાં આમ આદમી પાર્ટીને ફાયદો થયો છે, તો પછી તેને પક્ષકાર એટલે કે પક્ષકાર અથવા આરોપી કેમ ન બનાવવામાં આવ્યો? ત્યારથી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ કાયદાકીય નિષ્ણાતોની સલાહ લઈ રહ્યા હતા. આ અંગે કોર્ટને થોડા દિવસો પહેલા જાણ કરવામાં આવી હતી, અને હવે ઈડ્ડના અધિકારીઓ તેનો અમલ કરવા જઈ રહ્યા છે.૧૬ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ, એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ પણ સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ સંજીવ ખન્ના અને એસવી ભાટીની બેંચ સમક્ષ કહ્યું હતું કે, અમે PMLAની કલમ ૭૦નો ઉપયોગ કરીને આમ આદમી પાર્ટીને આરોપી બનાવવા પર વિચાર કરી રહ્યા છીએ. દિલ્હી હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં એમ પણ કહ્યું છે કે લોકોના પ્રતિનિધિત્વ કાયદા હેઠળ રાજકીય પક્ષની વ્યાખ્યા પણ 'વ્યક્તિનું સંગઠન' છે અને મની લોન્ડરિંગ એક્ટની કલમ ૭૦ હેઠળ કંપનીની વ્યાખ્યા પણ 'લોકોનું જૂથ' છે. 'હાઈકોર્ટે EDની દલીલને પણ સ્વીકારી હતી કે આમ આદમી પાર્ટી પણ એક કંપનીની જેમ કામ કરી રહી છે - અને તેને PMLA ની કલમ ૭૦ હેઠળ એક કંપની તરીકે ગણવામાં આવવી જોઈએ. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ૧૫ મે પહેલા તેની ચાર્જશીટ ફાઈલ કરી શકે છે, કારણ કે ૬૦ દિવસની સમયમર્યાદા નજીક આવી રહી છે. ખરેખર, BRS MLC કે. કવિતાની ૧૫ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી, અને તે પણ અરવિંદ કેજરીવાલ સાથે ચાર્જશીટમાં આરોપી હશે. એવું કહેવાય છે કે ચાર્જશીટનો ડ્રાફ્ટ અંતિમ તબક્કામાં છે - અને તેમાં વધુ ચાર-પાંચ આરોપીઓના નામ સામેલ થઈ શકે છે.નવા આરોપીઓમાં એક નામ ચેનપ્રીત સિંહનું પણ હોઈ શકે છે.

આખી રાત ધણધણી તાઈવાનની ધરતી

માત્ર ૬ જ કલાકમાં ૮૦ આંચકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ, તીવ્રતા ૬.૩ નોંધાઇ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : ૨૦ દિવસ પહેલા આવેલા ભૂકંપમાંથી તાઈવાનના લોકો હજુ સંપૂર્ણ રીતે બહાર આવ્યા ન હતા, ત્યારે ફરી એકવાર તાઈવાનની ધરતી ભૂકંપથી હચમચી ગઈ. અહીં એક જ રાતમાં ભૂકંપના ૮૦ આંચકા અનુભવાયા હતા. તેમાંથી સૌથી શક્તિશાળી આંચકો ૬.૩ની તીવ્રતાનો હતો. આ ભૂકંપ પછી ૩ એપ્રિલના ભૂકંપથી નુકસાન પામેલી ઈમારતો હવે એક તરફ નમેલી છે.જણાવવામાં આવી રહ્યું છે કે ભૂકંપનું કેન્દ્ર હુઆલીનના ગ્રામીણ ઈસ્ટર્ન કાઉન્ટીમાં હતું.અહીં ૩ એપ્રિલે ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેમાં લગભગ ૧૪ લોકોના મોત થયા હતા. આ શક્તિશાળી ભૂકંપ બાદથી તાઈવાનમાં સેંકડો ભૂકંપ આવી ચૂક્યા છે.હુઆલીનના અગ્નિશમન વિભાગે જણાવ્યું હતું કે ૩ એપ્રિલે આવેલા ભૂકંપ બાદ એક હોટલને ખરાબ રીતે નુકસાન થયું હતું અને ગઈકાલે રાત્રે આવેલા ભૂકંપ બાદ તે વધુ નમેલી છે. જો કે, વિભાગે એ પણ માહિતી આપી હતી કે હાલમાં તે બિલ્ડિંગમાં હોટેલ ચલાવવામાં આવી રહી નથી.

તિકડમ !
- દેવેન વ્યાસ

વિક્રમ સર્જક ભ્રષ્ટાચાર ભલે કર્યો, પરંતુ તેના માટે પદમશ્રી એવોર્ડ ના મળે !

તમિલનાડુ-કેરળ બોર્ડર પર જંગી રોકડ સાથે એક વ્યક્તિ ઝડપાયો

(એજન્સી દ્વારા)

ચેન્નાઈ : તમિલનાડુ-કેરળ સરહદી વિસ્તારના વાલ્યારમાં એક વ્યક્તિ લાખો રૂપિયાની રોકડ લઈને જતો પકડાયો છે. અધિકારીઓના હાથે ઝડપાયેલા વ્યક્તિ પાસેથી ૧૪ લાખ રૂપિયાથી વધુની રોકડ મળી આવી છે, જે તેણે પોતાના કપડાની અંદર અનોખી રીતે રાખી હતી. તમને જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને અધિકારીઓ આંતરરાજ્ય વિસ્તારોમાં કિંમતી ધાતુઓ અને દવાઓની ગેરકાયદેસર દાણચોરીને રોકવા માટે સતત વાહનોની તપાસ કરી રહ્યા છે.અત્યારે દેશમાં નૈતિક આચારસંહિતા છે. આવી સ્થિતિમાં વ્યક્તિને માત્ર ૫૦ હજાર રૂપિયા લઈ જવાની છૂટ છે. જો કોઈ વ્યક્તિ આ રકમ કરતાં વધુ રોકડ લઈ જાય છે, તો તેના માટે જરૂરી દસ્તાવેજો જરૂરી છે.અધિકારીઓએ જણાવ્યું કે તમિલનાડુ-કેરળ સરહદ પર વાલ્યાર ચેકપોસ્ટ પર કોઈમ્બતુર અને થ્રિસુર વચ્ચે ચાલતી બસની અંદર તપાસ ચાલી રહી છે. આ દરમિયાન એક વ્યક્તિના કપડા શંકાસ્પદ લાગ્યા અને ત્યાર બાદ તેની તલાશી લેવામાં આવી.

ભારતે રક્ષા ખર્ચમાં વધારો કર્યો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : વિશ્વભરના દેશોનો સંરક્ષણ ખર્ચ સતત વધી રહ્યો છે અને ૨૦૨૩માં તે ઈ૨,૪૪૩ બિલિયનના રેકોર્ડ પર પહોંચી ગયો છે. અમેરિકા, ચીન અને રશિયા પછી ભારત દુનિયાનો ચોથો દેશ છે જે પોતાના સંરક્ષણ પર સૌથી વધુ ખર્ચ કરે છે.

સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના રિપોર્ટ અનુસાર, ૨૦૨૩માં વિશ્વભરમાં સંરક્ષણ પરનો કુલ ખર્ચ વાસ્તવિક દ્રષ્ટિએ ૬.૮ ટકા વધ્યો છે.

સંરક્ષણ પર સૌથી વધુ ખર્ચ કરનારા દેશોમાં અમેરિકા ($૯૧૬ બિલિયન), ચીન ($૨૯૬ બિલિયન), રશિયા ($૧૦૯ બિલિયન), ભારત ($૮૪ બિલિયન), સાઉદી અરેબિયા ($૭૬ બિલિયન), બ્રિટન ($૭૫ બિલિયન) છે. $૬૭ બિલિયન), યુક્રેન ($૬૫ બિલિયન), ફ્રાન્સ ($૬૧ બિલિયન) અને જાપાન ($૫૦ બિલિયન). આ યાદીમાં પાકિસ્તાન ૩૦માં નંબર પર છે. તેણે સંરક્ષણમાં $૮.૫ બિલિયનનો ખર્ચ કર્યો. SIPRIએ કહ્યું કે ૨૦૦૯ પછી આ પ્રથમ વખત છે જ્યારે તમામ પાંચ ભૌગોલિક ક્ષેત્રો એટલે કે અમેરિકા, યુરોપ, મધ્ય પૂર્વ, આફ્રિકા અને એશિયામાં સંરક્ષણ ખર્ચમાં વધારો થયો છે.

અમારા કોઈ સભ્યો ભાજપમાં નહીં જોડાય

ક્ષત્રીય સંકલન સમિતિનો મોટો ખુલાસો

ગાંધીનગર : : ક્ષત્રિયોને મનાવવા ભાજપ તમામ પ્રયાસ કરી રહ્યું છે. ક્ષત્રિય સંકલન સમિતિના સભ્યો સાથે ભાજપ સતત બેઠક કરી રહ્યું છે. ત્યારે આ વચ્ચે સંકલન સમિતિના કેટલાક સભ્યો ભાજપમાં જોવાના સમાચાર વહેતા થયા હતા. ત્યારે હવે આ મામલે મોટો ખુલાસો થયો છે. ક્ષત્રિય સંકલન સમિતિએ સ્પષ્ટતા કરી છે કે, આ વાત ખોટી છે, અને સંકલન સમિતિના સભ્યો ભાજપમાં નહિ જોડાય.

કોંગ્રેસના લોકસભા ઉમેદવારોની વધુ એક યાદી જાહેર :બિહારમાં પ્રદેશ અધ્યક્ષના પુત્રને ટિકિટ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે વધુ સાત ઉમેદવારોની જાહેરાત કરી હતી, જેમાંથી પાંચ બિહારના છે.પાર્ટી દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર અજય નિષાદને બિહારના મુઝફ્ફરપુરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.આ સીટના વર્તમાન સાંસદ નિષાદ થોડા દિવસો પહેલા જ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) છોડીને કોંગ્રેસમાં જોડાયા હતા.પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અખિલેશ પ્રસાદ સિંહના પુત્ર આકાશ પ્રસાદ સિંહને બિહારની મહારાજગંજ લોકસભા બેઠક પરથી ટિકિટ આપવામાં આવી છે

નોંધનીય છે કે કોંગ્રેસના દિલ્હી એકમના કેટલાક કાર્યકરોએ સોમવારે ઉત્તર-પશ્ચિમ દિલ્હીથી લોકસભાના ઉમેદવાર તરીકે ભારતીય જનતા પાર્ટી (બીજેપી) માંથી પક્ષ બદલીને ઉદિત રાજને ચૂંટતા પક્ષ સામે વિરોધ કર્યો હતો. વિરોધીઓ દીન દયાલ ઉપાધ્યાય માર્ગ પર પાર્ટી કાર્યાલયની બહાર એકઠા થયા હતા અને ઉદિત રાજ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા, જેને કોંગ્રેસ દ્વારા ચાલી રહેલી લોકસભા ચૂંટણીમાં મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.ઉદિત રાજે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં

અનુસંધાન પાના નં.૪ પર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ચૈત્ર સુદ- ૧૫, તા.૨૩ એપ્રિલ, મંગળવાર

રૂપાલા વિવાદ : ભાજપના સંકટમોચક તરીકે શ્રી સંઘવી ઉતર્યા મેદાનમાં..!

રાજકોટ-ભાવનગર બાદ કચ્છમાં પણ બંધબારણે ક્ષત્રીય આગેવાનો સાથે શ્રી સંઘવીએ યોજી લંબાણપૂર્વકની બેઠક સુચક

રૂપાલાના વિવાદમાં રાજપૂતો હવે બહાર કાઢેલી તલવાર મ્યાનમાં મૂકવા તૈયાર નથી. હવે વાત ક્ષત્રિયોના આન બાન અને શાનની છે, ત્યારે ક્ષત્રિયોએ મોટાપાયે વિરોધ દર્શાવવાનું શરૂ કર્યુ છે. સાથે જ ભાજપ વિરોધી મતદાન કરવા આહવાન કર્યું છે. આવામાં હવે ભાજપને ડેમેજ કન્ટ્રોલ કર્યે જ છૂટકો છે. નહિ તો લોકસભામાં જીતના ટાર્ગેટ પર અસર પડશે.

ત્યારે હવે ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનોને સમાજમાં જઈ લોકસભા ચૂંટણીમાં ભાજપને સહયોગ આપવા સૂચન કરવા અપીલ કરાઈ છે. હવે ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીને ડેમેજકન્ટ્રોલ માટેની વિશાળ જવાબદારી આપવામાં આવી છે. અને શ્રી સંઘવી તે વિષયને લઈને સક્રીય પણ બની ગયા છે. ગઈકાલે રાજકોટ બાદ આજે ભાવનગરમાં ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનો સાથે બંધ બારણે બેઠકનો ધમધમાટ શરૂ કર્યો હત. આ ડેમેજ કન્ટ્રોલની જવાબદારીથી સરકારમાથી હર્ષ સંઘવીને અપાઈ હોવાથી જે તેઓની ગુજરાત સરકારમાં મહત્વતા તથા તેમના પર સરકાર-સંગઠનને રહેલો ભરોસાની પ્રતિતી થવા પામી રહી છે.

શ્રી હર્ષ સંઘવીને ડેમેજ કન્ટ્રોલ માટેની આ મળેલી જવાબદારી તેઓ બખુબી નિભાવી રહ્યા છે. પહેલા રાજકોટ તે બાદ ગઈકાલે ભાવનગર અને ગઈકાલે સાંજે જ તેઓ કચ્છ ગુપચુપ રીતે પહોચી ગયા હતા અને ક્ષત્રીય આગેવાનો સાથે સંવાદપૂર્વકની બેઠક તેઓએ કરી હતી. ક્ષત્રિય સમાજના આંદોલને રાજયમાં ઉગ્ર રૂપ ધારણ કર્યું છે. રૂપાલાએ બે વખત ક્ષત્રિય સમાજની માફી માગી લીધા બાદ પણ પ્રદેશ ભાજપ દ્વારા ડેમેજ કંટ્રોલ કરવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જોકે, હજુ સુધી ડેમેજ કંટ્રોલ થઈ શક્યું નથી અને ક્ષત્રિય સમાજનું આંદોલન દિન-પ્રતિદિન ઉગ્ર રૂપ ધારણ કરી રહ્યું છે. ત્યારે ગઈકાલે કચ્છના ભુજ ખાતે પણ ક્ષત્રિય આગેવાન સાથે ગૃહમંત્રી હર્ષ સંઘવી અને રત્નાકરજીએ બેઠક યોજી હતી. હવે આ બધી બેઠકો કેટલી કારગત નીવડે છે તે જોવાનુ રહે છે.

યુવા મોરચો ભાજપ સંગઠનની ઉર્જાનો સ્ત્રોત

ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત કોરાટની ઉપસ્થિતિમાં ભુજ ખાતે બૃહદ બેઠક યોજાઈ : પાર્ટીના યુવા કાર્યકર્તાઓને લોકસભા ચૂંટણી સંદર્ભે અપાયું માર્ગદર્શન

ભુજ : કોઈ પણ રાજકીય સંગઠન માટે તેનો યુવા કાર્યકર કરોડરજ્જુ સમાન સમાન હોય છે. ભાજપાનો યુવા મોરચો પાર્ટીની ઉર્જાનું સ્ત્રોત છે, તેવી લાગણી ભુજના ટાઉનહોલ ખાતે કચ્છ જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા આયોજીત બૃહદ બેઠક કાર્યક્રમમાં ઉપસ્થિત પાર્ટીના આગેવાનોએ વ્યક્ત કરી હતી.

ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટની ઉપસ્થિતિમાં યુવા કાર્યકરો માટે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ, જિલ્લા ભાજપના પ્રમુખ દેવજીભાઈ વરચંદ, પ્રદેશ મહામંત્રી અને ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડા વગેરેએ યુવા કાર્યકર્તાઓને લોકસભા ચૂંટણી સંદર્ભે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. કચ્છ સહિત રાજયની ૨૫ લોકસભા બેઠકો માટે આગામી ૭મી મેના મતદાન થવાનું છે, ત્યારે યુવા કાર્યકર્તાઓ ચૂંટણી પ્રચાર કાર્યોમાં કઈ રીતે ભૂમિકા ભજવી શકે તે દિશામાં માર્ગદર્શન અપાયું હતું.

ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, મતદાનના દિવસે કચ્છ બેઠક પર મહતમ મતદાન થાય તે માટે પાર્ટીના યુવા કાર્યકરોની સવિશેષ ભૂમિકા રહેલી છે. ત્યારે બૃહદ બેઠકમાં બુથ કાર્યકરો, શક્તિ કેન્દ્રો કાર્યકર્તાઓને જરૂરી દિશા નિર્દેશ આપવામાં આવ્યા છે.

કચ્છ લોકસભા બેઠક વિસ્તારમાં ભાજપની તરફેણમાં અભૂતપુર્વ લોકજુવાળ જોવા મળ્યો છે. ત્યારે મતદાનના દિવસે એક પણ મતદાર પોતાના મતાધિકારથી વંચિત ન રહે અને સંપૂર્ણ મતદાન થાય તે બુથ અને પેજ સમિતિ દ્વારા સુનિશ્ચિત કરશે. કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવોની હસ્તે દિપ પ્રાગટય કરાયું હતું. પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત કોરાટનું જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમમાં કચ્છભરમાંથી યુવા મોરચા અને શક્તિ કેન્દ્રના હોદેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

વરસામેડીમાં મકાન ભાડે આપી ડોક્યુમેન્ટ જમા ન કરાવતા માલિક સામે ફરિયાદ

અંજાર : તાલુકાના વરસામેડી ગામે અંબાજીનગર-૬, તુલસી ઉર્ફે સામજી અણદાભાઈ મકવાણાએ પોતાનું મકાન પરપ્રાંતિઓને ભાડે આધાર કે ડોક્યુમેન્ટ પોલીસમાં જમા ન કરાવી જાહેરનામાનો ભંગ કરતા મકાન માલિક સામે અંજાર પોલીસ દ્વારા ફરિયાદ નોંધાવી હતી.

બાર ગાઉએ બોલી બદલાય, પણ મતદાન કરવાનું કચ્છીઓથી કદી ન ભૂલાય.

કચ્છ ઉદય પરિવાર દ્વારા અપીલ

અંજાર-મુંદરા હાઈવેની હોટલમાંથી સોયાતેલ પકડાયું

ગાંધીધામ : હોટલમાં ચોરી કે, છળકપટથી સોયાતેલના મુદ્દામાલ સાથે હોટલ સંચાલકની ધરપકડ કરવામાં આવી છે. આ અંગે મળતી વિગતો મુજબ પૂર્વ કચ્છ એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે, ચોરી કે, છળકપટથી સોયાતેલનો જથ્થો રાખેલ છે. જે બાતમીના આધારે અંજાર - મુંદરા હાઈવે રોડ પર આવેલ આઈમાતા હોટલના સંચાલક કુહારામ આસારામજી પ્રજાપતિના કબ્જાની હોટલમાં ચેક કરવામાં આવી હતી. જેમાં હોટલની પાછળના ભાગે ૩૫ લિટરની ક્ષમતાવાળા પ્લાસ્ટિક ૨ કેરબા તથા ૩૦ લિટરની ક્ષમતાવાળા પ્લાસ્ટિકનો કેરબો, ૨૦ લિટરની ક્ષમતાવાળા પ્લાસ્ટિકનો કેરબો મળી આવ્યો હતો. ચાર કેરબાઓમાં ૧૨૦ લિટર સોયાતેલ કિ.રૂા. ૯,૬૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જે મુદ્દામાલ અંગે બિલ કે, આધાર પુરાવા કુહારામ આસારામજી પ્રજાપતિ પાસે માંગતા સંતોષકારક જવાબ આપેલ નહીં, જેથી ચોરી કે, છળકપટથી સોયાતેલ મેળવેલ હોઈ જેથી મુદ્દામાલ કબ્જે કરી અંજાર પોલીસને સોંપવામાં આવ્યો હતો.

સોમાણીવાંઢનો યુવક પોતાના લગ્નની પત્રિકા આપવા ગયો ત્યાં રસ્તામાં કાળ સાથે ભેટો થયો

ચાર દિવસ બાદ લગ્ન લેવાના હતા તે પૂર્વે માર્ગ અકસ્માતમાં મોત થતાં સમગ્ર વાગડ પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું

રાપર : તાલુકાના વલ્લભપર ગામ તરફ જતા માર્ગે એક સાથે ત્રણ બાઈકો ટકરાઈ હતી, જેમાં સોમાણીવાંઢના ઓરતા ભર્યા રાજુભાઈ બચુભાઈ સોમાણી નામના યુવકનું ઘટના સ્થળે જ કમાટીભર્યું મોત નીપજયું છે, જેના પાંચ દિવસ બાદ જ લગ્ન હતા.

મળતી માહિતી મુજબ વલ્લભપર ગામથી અડધો કિલોમીટર દૂરના માર્ગે બે બાઈક સામસામે ટકરાયાં બાદ એ જ ક્ષણે અન્ય એક બાઈક પણ બાઈકો સાથે ધડાકાભેર ટકરાઈ પડી હતી.ઘટનામાં અંદાજિત પાંચ જેટલા લોકો ઈજા પામ્યા હતા, એમાં એક પાંચ વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે. સોમણીવાંઢના ૧૯ વર્ષીય રાજુ સોમાણી પિતરાઈ ભાઈ સાથે રાપર લગ્નપત્રિકા આપવા જતા હતા, ત્યારે અકસ્માત સર્જાતાં તેનું ગંભીર ઈજાઓના કારણે ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ થયું હતું. જયારે તેની સાથે રહેલા ૩૨ વર્ષીય પિતરાઈ ભાઈ રામજી બાબુ સોમાણીને માથાના ભાગે ગંભીર ઈજાની સારવાર માટે પાટણ ખસેડવામાં આવ્યો છે.

ગોઝારી ઘટનામાં રાજુ સોમાણીના ૨૮મી એપ્રિલના રવ ગામે લગ્ન લેવાના હતા, જે અંતર્ગત કન્યાના ઘરે આજે જ ગણેશ સ્થાપનની વિધિ સંપન્ન કરાઈ હતી. કરૂણ ઘટનાના પગલે બંને પરિવાર સાથે વાગડ વિસ્તારમાં ગામગીની પ્રસરી ગઈ છે.

અંજાર પોલીસના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

અંજાર : અહીના પોલીસ સ્ટેશનમાં ત્રણ વર્ષ પૂર્વે નોંધાયેલા ગુનામાં નાસતો ફરતો આરોપી રામજી રવજી શિયાણીને ભુજ બી ડિવિઝન પોલીસે અટક કરી હતી. નાસતા ફરતા આરોપીને અંજાર પોલીસને સોપવામાં આવ્યો હતો. કામગીરીમાં બી ડિવિઝન પીઆઈ આર.જે. ઠુમર, એએસઆઈ નરેન્દ્રસિંહ ગોહિલ, કોન્સ્ટેબલ નાનુભાઈ કરમટા જોડાયા હતા.

રાપરમાં ૨ જુગારી પકડાયા, ૩ ભાગી ગયા

રાપર : શહેરના દુધ ડેરી વિસ્તારમાં શેરીમાં જુગાર રમતા ૨ પકડાયા, ૩ ભાગી જવામાં સફળ રહ્યા હતા. બાતમીના આધારે પોલીસે દુધ ડેરી વિસ્તારમાં અલીમાબેન સોઢાના ઘરની બહાર શેરીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા હકો કાસુ સમા, આજીદ અલી સોઢા અને સાહિલ કાદુ પણકા પોલીસને જોઈ જતા નાસી

ગયા હતા. જયારે લખમણ પાંચાભાઈ કોલી અને ભચા ભુરાભાઈ મસાલિયા કોલીને રૂા. ૫,૪૧૦ રોકડ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ભુજમાં આંકડાનો જુગાર રમતો શખ્સ પકડાયો

ભુજ : શહેરના સરપટ નાકા બહાર આંકડાનો જુગાર રમતા શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી પાડ્યો હતો. ભુજ બી ડિવિઝન પોલીસને મળેલી બાતમીના આધારે સરપટ નાકા બહાર આવેલ તુલસી મીલના ગેટ પાસે આંકડાનો જુગાર રમી રહેલા આરોપી ઉમરશા ઓસમાણશા શેખાડાને રોકડા રૂપિયા ૩૪૦ અને ડાયરી સહિના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

પોલીસ-જનરલ ઓબ્ઝર્વરે સ્ટ્રોંગરૂમ તથા મત ગણતરી સેન્ટરની લીધી મુલાકાત

ભુજ : ભારતના ચૂંટણી આયોગ દ્વારા ૧-કચ્છ (અ.જા.) સંસદીય મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી માટેની તારીખો જાહેર કરવામાં આવેલી છે, જે મુજબ કચ્છ જિલ્લામાં મતદાનની પ્રક્રિયા તા.૭/૫ના હાથ ધરવામાં આવનારી છે. આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ભારતના ચૂંટણી આયોગ કચ્છમાં પાંચ ઓબ્ઝર્વરની નિમણૂક કરવામાં આવી છે ત્યારે પોલીસ ઓબ્ઝર્વર, ૨-જનરલ ઓબ્ઝર્વર દ્વારા ભુજ એન્જિનિયરીંગ કોલેજ ખાતેના ઈવીએમ સ્ટ્રોંગરૂમ તથા મત ગણતરી કેન્દ્રની મુલાકાત લઈને સમગ્ર કામગીરીની સમીક્ષી સાથે જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

પોલીસ ઓબ્ઝર્વર સુનીલ કુમાર મીનાને ૧-અબડાસા, ૨-માંડવી, ૩-ભુજ, ૪-અંજાર, ૫-ગાંધીધામ, ૬-રાપર અને ૬૫-મોરબી મતદાર વિભાગની ફરિયાદ - રજૂઆત બાબતે નિમણૂક થયેલા છે. જનરલ ઓબ્ઝર્વર અમર કુશલ્હાને ૧-અબડાસા, ૨-માંડવી, ૩-ભુજ, ૪-અંજાર મતદાર વિભાગ તથા જનરલ ઓબ્ઝર્વર બચનેશ કુમાર અગ્રવાલને ૫-ગાંધીધામ, ૬-રાપર અને ૬૫-મોરબી મતદાર વિભાગની ફરિયાદ - રજૂઆત બાબતે નિમણૂક થયેલા છે ત્યારે ત્રણે ઓબ્ઝર્વરે એન્જીનીયરીંગ કોલેજ ખાતે વિધાનસભા વિસ્તાર વાઈઝ બનાવેલા ઈવીએમ,વીવીપેટ સ્ટ્રોંગરૂમ, બેલેટપેપર સ્ટ્રોંગરૂમ, મીડિયા રૂમ, ઓબ્ઝર્વર રૂમ, કાઉન્ટીંગ સેન્ટર, કંટ્રોલ રૂમ વગેરેની મુલાકાત લીધી હતી. આ સમયે તેમણે ઈવીએમની સુરક્ષા તથા મતગણતરી સમયે યોગ્ય રીતે કામગીરી થઈ શકે તે માટે ભરાયેલા જરૂરી સુરક્ષા તથા વ્યવસ્થાપનની સમીક્ષા કરી હતી. આ સાથે સિકયોરીટી તથા કાઉન્ટીંગ સમયે કોઈ સમસ્યા ન થાય તે માટે જરૂરી સુચના સાથે માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈ, ભુજ પ્રાંત અધિકારી અનિલ જાદવ તથા અન્ય ચૂંટણીલક્ષી કામગીરીના સંદર્ભે નિમણૂંક થયેલા નોડેલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેંગ્લોરમાં કચ્છી પાટીદાર સમાજના પરિવારને નડ્યો અકસ્માત, કિશોરીનું મોત

ભુજ : મૂળ નખત્રાણા તાલુકાના મંથલ ગામના વતની શાંતિભાઈ દેવશી પોકારનો પરિવાર ધંધાર્થે બેંગ્લોર રહેતા કચ્છી કડવા પાટીદાર સમાજના પરિવાર અકસ્માત નડ્યો હતો. જેમાં એક ૧૬ વર્ષિય કિશોરીનું મોત થયું હતું.

આ અંગે મળતી વિગતો મુજબ બેંગ્લોરમાં રહેતા મૂળ મથલના ચંદુલાલ દેવશીભાઈ પોકાર પરિવાર ધંધાર્થે બેંગ્લોરમાં વસવાટ કરી રહ્યા છે. અકસ્માતમાં ભોગ બનેલા પરિવારના પટેલ શાંતિલાલ દેવશીભાઈ પોકાર ઈન્ડોશિયાથી આવ્યા હોવાથી જમવા માટે આપેલ આમંત્રણ બાદ પોતાના ઘરે જમીને પરત ફરતી વેળાએ તુમકર - બેગ્લોર ધોરીમાર્ગ પર બેંગ્લોર ઈન્ટરનેશનલ એક્ઝિબીશન સેન્ટર પાસે બ્રિજ પર બલેનો કાર નં. કેએ ૧૯ એન ૯૩૬૮ સાથે ટક્કર થઈ હતી. કારને પાછળથી આવતી બોલેરો જીપે જોરદાર ટક્કર મારતા કાર ત્રણ પલટી મારી ગયા બાદ તેની પેટ્રોલ ટાંકી ધડાકાભેર ફાટવાના કારણે કાર ભડભડ સળગતા કારમાં રહેલા પટેલ શાંતિલાલ દેવશી પોકાર, તેમના પત્ની મંજુલાબેન પોકાર, પુત્ર મહેશ પોકાર, તરૂણ પોકાર, પૌત્ર મયંક તરૂણ પોકાર, નમન મહેશ પોકાર તેમજ સુનિતા તરૂણ પોકારને ઈજાઓ થઈ હતી. જયારે ૧૬ વર્ષિય દિવ્યા તરૂણ પોકારનું મોત નિપજયું હતું. અકસ્માત સર્જનાર બોલેરો જીપમાં સવાર ત્રણ લોકો નાસી છુટ્યા હતા. આ અકસ્માતને લઈને બેંગ્લોર પાટીદાર સમાજ તથા સ્થાનિક મથલ પંથકમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી છે.

નખત્રાણા સંતકૃપા વિદ્યાલયમાં ખાતે બે દિવસીય સમર કેમ્પનું આયોજન કરાયું

ભુજ : અહીંના જીનામ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સંતકૃપા વિદ્યાલય ખાતેસમર કેમ્પનું આયોજન કરાયું હતું. કેમ્પને વિરાણી મોટી રામ મંદિરના લઘુમહંત સુરેશ બાપુએ ખુલ્લું મૂક્યું હતું.

કેમ્પમાં ઈન્ડોર ગેમ, ક્રાફ્ટ, સ્વિમિંગ, પેઈન્ટિંગ, જુમ્બા ડાન્સ, યોગા ડાન્સ, વેસ્ટમાંથી બેસ્ટ અને વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નખત્રાણા તાલુકાના ૨૫ ગામના ૪થી ૯ વર્ષના બાળકોએ અને વાલીઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં ૩૨૫ વિદ્યાર્થીઓ અને ૨૯૭ વાલીઓએ ભાગ લીધો હતો. કેમ્પનો આનંદ માણ્યો હતો.

છેલ્લા સેશનમાં વિદ્યાર્થીઓના વાલીઓ હર્ષબિન પટેલ, જલ્પાબેન રાઠોડ, દર્શનભાઈ ઠક્કર, ભાવનાબેન રૂડાણી, કલાબેન પટેલે પોતાના બે દિવસના અનુભવો વર્ણવતા જણાવ્યું હતું કે, સંતકૃપા વિદ્યાલયના શિક્ષકો અને તમામ ટીમે બાળકોએ પશ્ચિમ કચ્છમાં આજદિન સુધી ક્યારેય પ્રવૃત્તિઓ જોઈ નથી તેવી પ્રવૃત્તિઓનું આયોજન જોવા મળ્યું હતું.

દર્શનભાઈ ઠક્કરે સંસ્થાનો આભાર માનતા જણાવ્યું હતું કે આવી પ્રવૃત્તિઓ સંસ્થા દર વર્ષે કરે અને બે દિવસ નહીં પણ વધારે દિવસ રાખે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. સંસ્થાના તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફે જહેમત ઉઠાવી સમર કેમ્પને સફળ બનાવતા સંસ્થાના ટ્રસ્ટી મુરૂભા વી. જાડેજાએ તમામ સ્ટાફ અને વાલી, બાળકોનો આભાર માન્યો હતો.

સ્ટેટીક સર્વેલન્સ ટીમ દ્વારા વાહનોનું ચેકીંગ

કચ્છમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ૬ વિધાનસભા ક્ષેત્ર વાઈઝ ૧૮ એસએસટી ટીમની નિમણૂંક કરવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયાને અવરોધરૂપ કે અસરકર્તા પરીબળોને ઓળખવા તથા ગેરકાયદે નાણાની હેરફેર સહિતની ગતિવિધિને ડામવા સ્ટેટીક સર્વેલન્સ ટીમ દ્વારા સક્રિય રીતે વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છ ત્યારે સુખપર ચોકડી પાસે ટીમ દ્વારા વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવ્યું હતું.

સૂરજબારી પાસેથી દેશી બંદુક સાથે આરોપી ઝડપાયો

ભુજ : ભચાઉ તાલુકાના સૂરજબારી પાસે દેશી બંદુક સાથે સામખિયાળી પોલીસે આરોપીને ઝડપી પાડ્યો છે. સામખિયાળી પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ આરોપી હુસેન નૂરમામદ લધાણીએ પોતાના કબ્જામાં ગેરકાયદેસર લાયસન્સ પરવાના વગરની દેશી હાથ બનાવટની લાકડાના બટવાળી સિંગલ નાળ વાળી બંદુક સાથે સૂરજબારી ગામથી પાછળના રસ્તે પીરની દરગાહ બાજુના રણ વિસ્તારમાં હતો. ત્યારે પોલીસે ૨ હજારની સિંગલ નાળવાળી જુની દેશી બંદુક સાથે આરોપીને ઝડપી પાડ્યો હતો.

વી.કે.ગોકલાણી,એક્ઝિકયુટીવ મેજિસ્ટ્રેટ માંડવી(કચ્છ)ની કોર્ટમાં જાહેર નોટીસ જન્મ-મરણ કેસ નં.૩૩/૨૦૨૪

જાડેજા વિક્રમસિંહ રામસિંહ રહે. તલવાણા તા.માંડવી-કચ્છ. ..... અરજદાર
ના વકીલશ્રી આબીદ ઓ.મેમણ માંડવી-કચ્છ
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહમંત્રીશ્રી તલવાણા ગ્રામ પંચાયત ..... સામાપક્ષ

વિષય : ૨જન મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જાડેજા વિક્રમસિંહ રામસિંહ રહે.તલવાણા તા.માંડવી-કચ્છ એ તા.૧૮/૦૪/૨૦૨૪ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પત્ની નામે જાડેજા ઈન્દ્રાબા વિક્રમસિંહ તા.૦૧/૦૪/૧૯૯૯ ના રોજ તેમના ઘરે મોજે.તલવાણા તા.માંડવી-કચ્છ મધ્યે અવસાન થતા અંતિમક્રિયા કરેલ છે. પરંતુ પરિવારની અજ્ઞાનતાના તથા સતર્કતાના કારણે મરણ અંગેની નોંધણી જન્મ મરણ નોંધણી અધિકારી અને મુખ્ય અધિકારીશ્રી માંડવી નગરપાલિકાના વર્ષ ૧૯૯૯ ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી જવેલ છે. જેથી સદરહુ મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અને અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ-મરણ નોંધણી રજીસ્ટર નં.૩૧/૨૦૨૪ ઉપર નોંધવામાં આવેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અગેની કોર્ટમાં જરૂરી આધારપુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની આવશ્યક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તારીખ : ૨૦/૦૪/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(વી.કે.ગોકલાણી) એક્ઝિકયુટીવ મેજિસ્ટ્રેટ માંડવી-કચ્છ

વી.કે.ગોકલાણી,એક્ઝિકયુટીવ મેજિસ્ટ્રેટ માંડવી(કચ્છ)ની કોર્ટમાં જાહેર નોટીસ જન્મ-મરણ કેસ નં.૩૧/૨૦૨૪

ઝુમી સિકંદર હસન રહે.મોટા સલાયા તા.માંડવી-કચ્છ. ..... અરજદાર
ના વકીલશ્રી આબીદ ઓ.મેમણ માંડવી-કચ્છ
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
મુખ્ય અધિકારીશ્રી માંડવી નગરપાલિકા ..... સામાપક્ષ

વિષય : ૨જન મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ઝુમી સિકંદર હસન રહે. મોટા સલાયા તા.માંડવી-કચ્છ એ તા. ૧૫/૦૪/૨૦૨૪ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પિતા નામે ઝુમી હસન ઈબ્રાહિમ તા.૦૧/૧૧/૧૯૬૯ ના રોજ તેમના ઘરે માંડવી-કચ્છ મધ્યે અવસાન થતા અંતિમક્રિયા કરેલ છે. પરંતુ પરિવારની અજ્ઞાનતાના તથા સતર્કતાના કારણે મરણ અંગેની નોંધણી જન્મ મરણ નોંધણી અધિકારી અને મુખ્ય અધિકારીશ્રી માંડવી નગરપાલિકાના વર્ષ ૧૯૬૯ ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી જવેલ છે. જેથી સદરહુ મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અને અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ-મરણ નોંધણી રજીસ્ટર નં.૩૧/૨૦૨૪ ઉપર નોંધવામાં આવેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અગેની કોર્ટમાં જરૂરી આધારપુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની આવશ્યક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તારીખ : ૨૦/૦૪/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(વી.કે.ગોકલાણી) એક્ઝિકયુટીવ મેજિસ્ટ્રેટ માંડવી-કચ્છ

-:: નોટીસ ::-

(એમ.વી.એકટની ૧૯૮૮ની કલમ ૧૪૯ અનુસાર નોટીસ)
ના.શ્રી મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (સહાયક) સમક્ષ, ગાંધીધામ-કચ્છ.
(ના.શ્રી બી.જી.ગોલાણી સાહેબની કોર્ટ) પ્રો.નં. ૯૪૮/૨૦૨૪

એમ.એ.સી.પી.નં. ૧૯૯/૨૦૧૭,
મુદત તારીખ : ૦૩/૦૫/૨૦૨૪

(૧) મમતાસિંહ રમેશ ઠાકુર.. વિ.... ... અરજદાર
વિરૂધ્ધ
(૧) વિજયભાઈ રમેશભાઈ નટ ..... વિ ... સામાપક્ષીઓ

અરજદારના વિ.વ.શ્રી એમ.બી.ખટાણા

પ્રતિ
સામા નં.૨ જગદીશ હરીશભાઈ ઉદેશી,
રહે. માધાપર, ભુજ-કચ્છ.

આથી તમોને આ નોટીસથી જણાવવાનું કે ઉપરોક્ત અરજદારે તમો સામાપક્ષ સામે એમવી એકટ ૧૯૮૮ની કલમ ૧૪૬ અનુસાર રૂા. ૪૫,૦૦,૦૦૦/- ની રકમ વળતર તરીકે અપાવવા આ ટ્રીબ્યુનલ સમક્ષ તા. ૧૦-૧૧-૨૦૧૭ના રોજ અરજીઓ કરેલ છે. તમોને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, **તા. ૦૩-૦૫-૨૦૨૪** ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સદરહુ અરજીઓનો જવાબ આપવા આ ટ્રીબ્યુનલમાં તમારે જાતે હાજર રહેવું. તે દિવસે તમારા સાક્ષી તેમીત પુરાવા જેના ઉપર તમો તમારા બચાવનો આધાર રાખતા હોય તે હાજર કરવાને તમારે તૈયાર રહેવું.

અને તમને એવી નોટીસ આપવામાં આવે છે કે, જો ઉપર જણાવેલ દિવસે તમો હાજર નહી થાય તો તમારી ગેરહાજરીમાં આ અરજી સાંભળીને તેનો નીકાલ કરવામાં આવશે.

વળી તમને એવી નોટીસ આપવામાં આવે છે કે, નિર્દિષ્ટ કરેલ તારીખે અથવા તે પહેલા જવાબદારી માટે પતો લગાવતો તમો કસુર કરશો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહી.

આજરોજ તા. ૨૨ માહે ૦૪ સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા ટ્રીબ્યુનલનો સિક્કો કરીને આપું.

તૈયાર કરનાર (કે.ટી.કેશાણી) આસીસ્ટન્ટ | મુકાબીલ કરનાર (એન.એન.રામાણી) આસીસ્ટન્ટ | આદેશથી (જે.પી.માડ) ડે.રજીસ્ટ્રાર, એમ.એ.સી.ટી.(સહાયક) ગાંધીધામ-કચ્છ.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યું. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ

જાગો શેરહોલ્ડર્સ જાગો..! : નહી તો ભવ્ય ભવન સંકુલના હાથમાંથી સરી જશે!

સંકુલ માટે આશીર્વાદરૂપ સીંધુભવન માટે

SRC જેવી મહાનસંસ્થામાં ફરી ફરીને "કુલડીમાં ગોળ ભાંગનારા" અમુક બની બેઠેલ કોણ?



જાગૃત નાગરીક દ્વારા સિંધુભવનને ફરીથી વેળાસર ખુલ્લુ મુકવાની દીશામાં ઉચ્ચસ્તરે રજુઆત થયા બાદ ૧૦૦કરોડની સ્ટેટ ઓફ ધી આર્ટ સમાન પ્રોપર્ટી ૧૦ કરોડમાં સોદાબાજી કરવાની ગોઠવણીઓ પર ક્યાંક ને ક્યાંક તડાં પડતા હવે નવા કીમીયાથી સેટીંગ કરનારા અમુક બની બેઠેલાઓને ઓળખો, ઉઘાડા પાડો : જાગૃત વર્ગનો સુચક ઈશારો

શેરહોલ્ડર્સ જાગશે નહી તો સિંધુભવનને આર્બીટ્રેટરના રૂપકડા નામ હેઠળ ૧૭ કરોડનો એવાર્ડ જાહેર કરી આવ ભાઈ હરખા આપણે બેઉ સરખાના તાલે રકમની ભાગબટાઈ થઈ જવાની કરાઈ રહી છે ગોઠવણી : સાપ ભી મર જાય ઓર લાઠી ભી ના તુટેનો થશે તાલ - આર્બીટ્રેટર પણ સંચવાઈ જાય, ભળતાવળા નામવાળી પાર્ટીને પણ માંગ મુજબનો ફાળો મળી જાય અને અને એસઆરસી જેવી મહાન સંસ્થામાં બની બેઠેલા અમુક તત્વોની પણ જાતી જીંદગી સુધરી જાયની ગોઠવણી કરનારાઓ છે કોણ?

શ્રી કરના જી સંભાળજો, હવે ક્યાંક તમારી વિકેટ ન જાય ! : આજથી બરાબર બે વર્ષ પહેલા એપ્રીલ ૨૦૨૨માં તત્કાલીક એસઆરસીના જનરલ મેનેજર હતા તેઓ અડધી રાતે બીમારીના કારણો રજુ કરી અને આ પદની નોકરી છોડીને જતા રહ્યા હતા, અને તેના મુળમાં પણ સિંધુભવનનો જ વિવાદ કારણભુત હોવાનું મનાતુ રહ્યુ છે, તો હવે અ સિંધુભવન ક્યાંક કરના જીના પદનો પણ ભોગ ન લઈ લે...? : જાણકારોની લાલબતી

ખાટલે મોટી ખોટ : જાગૃત નાગરીકે સિંધુભવન અંગે પીએમઓ સુધી રજુઆત કરતા તે તપાસનો રેલો આવી જતા, હવે અલગથી ૧૭ કરોડમાં ખેલ પાડી દેવાની વેતરણ ચાલી રહી છે પરંતુ અહી યક્ષ સવાલ એ બની રહ્યો છે કે, આ ૧૭ કરોડ જશે તો કોના ખાતામાથી જશે?

શેરહોલ્ડર્સે આવી છાની ગોઠવણીઓ જરા સહેજ પણ સાંખી ન લેવી જોઈએ

ગાંધીધામ : બીજીતરફ આ અંગે જાગૃત વર્ગ કહ રહયો છે કે, શેરહોલ્ડર્સએ આવી ગોઠવણીઓને જરા સહેજ પણ સ્વીકારી ન લેવી જોઈએ, સાંખી ન લેવાય અને અત્યારથી જ જાગૃતી દાખવી જોઈએ અને એસઆરસી જેવી મહાનસંસ્થામાં બની બેઠેલા અમુક તત્વો કે જે આ મુજબની ગોઠવણીઓ કરવાની પેરવીમાં છે તેમના કાન આમળવા જોઈએ. કારણ કે, ભળતાવળતા નામવાળી કંપની બનાવવી તે જ એક મોટી ગુનાહીત માનસીકતાના દર્શન કરાવી જવાવાળી વાત દેખાવવા પામી રહી છે અને તેનો લાભ જો છાની ગોઠવણીઓ કરી અને પ્રજાજનો, સંકુલ, સંસ્થાના અન્ય જાગૃત ડાયરેકટર્સશ્રીઓ સહિતનાઓને ઠેંગો આપી જાય તે જરા સહેજ પણ ચલાવી જ ન લેવાય.

૧૭ કરોડની કેવી રીતે ૩ ભાગોમાં થશે વહેંચણી? શું છે ચર્ચા..આવો જાણીએ..!

ગાંધીધામ : સિંધુભવન જેવા આલીશન સંકુલને પધરાવી દેવાની વધુ એક નવતર ગોઠવણીઓ કરવામા આવી રહી હોવાની ચર્ચાઓ તેજ બની જવા પામી ગઈ છે. કહેવાય છે કે, આ રકમ આરબીટ્રેટર, ભરતી કંપનીના લાગુ પડતા તત્વો તથા મહાન સંસ્થાના અમુક બની બેઠેલા ઉધઈ જેવા તત્વો-લાભાર્થીઓના ગજવામાં સરકાવી લેવામા આવશે. બે કરોડ અને પાંચ કરોડ એમ કુલ્લ સાત કરોડ અન્યોને આપી દેવાશે જયારે ૧૦ કરોડ તો અગાઉની માફક આ ઉધઈ સમાન બની બેઠેલા તત્વોના હાથ-મો અને ગજવામાં જ આવી જાય તેવી ચર્ચાઓ સતેજ બનવા પામી ગઈ છે. જો ખરેખર આવાત સત્ય હશે તો મહાન સંસ્થાને ચુનો લાગશે ...!

ગાંધીધામ : પૂર્વ કચ્છ માત્ર જ નહી પરંતુ ગુજરાતભરમાં જે સંસ્થાનુ નામ માન-મોભા સાથે લેવાય છે તેવી મહાન સંસ્થા એસઆરસીમાં પાછલા કેટલાક સમયથી એક મુકી અને બીજે વિવાદનો મધપુડો સતત છંછેડાઈ જ રહ્ય છે ત્યારે આવી મહાન અને પ્રતિષ્ઠીત સંસ્થામાં આવી રીતે એક પછી એક કુલડીમાં ગોળ ભાંગી કોણ રહ્યા છે?ખરેખર શેરહોલ્ડર્સે હવે જાગૃત બનવુ જોઈએ અને આવા અમુક બની બેઠલાઓને ઉઘાડા પાડવાનો સમય પાકી ગયો છે.

દરમ્યાન જ ગાંધીધામ-કંડલા કોમ્પલેક્ષને માટે આર્શીવાદરૂપ કહી શકાય તેવા ભવ્ય સીંધુભવનનો વિવાદ પણ સૌ કોઈના ધ્યાને આવેલો જ છે. પરંતુ આ સિંધુ ભવન જેવા સ્ટેટ ઓફ આર્ટ સમાન ભવ્યાતિભવ્ય આલીશન સંકુલ પણ અહીની પ્રજાને માટે બનાવાયો છે પરંતુ પ્રજાજનોને તેનો લાભ અંદાજીત પાછલા બે વર્ષથી મળવા પામતો જ નથી અને તેની પાછળ પણ છાની રમત કારણભુત હોવાના અંગુલીનિર્દેશ ઉઠવા પામી ચૂકયા છે. જેં પકી જાણકારો અને અંતરંગ વર્તુળોમાથી એક વાત એવી પણ ચર્ચામાં હતી કે ૫૦ કરોડનું ભવન અને ૫૦ કરોડની અંદાજીત કિમત જેટલો ખુલ્લો પ્લોટ ધરાવતા આ સંકુલને એક યા બીજી રીતે અમુક બની બેઠેલાઓ દ્વારા ૧૦ કરોડમાં પધરાવી દેવાની ગોઠવણીઓ કરાઈ હોવાની ચર્ચાઓ સામે આવી હતી. તે વચ્ચે જ એક જાગૃત નાગરીક દ્વારા આ ભવનનો વાદ-વિવાદ જે હોય તેમાં મારે નથી પડવુ પરંતુ સ્ટેટ ઓફ ધી આર્ટ સમાન આ ભવન વેળાસર જ ફરીથી સંકુલ માટે ખુલ્લુ મુકવામાં આવે તે સબબની ધારદાર રજુઆતો કરતી અજીર કેન્દ્રીય કક્ષાએ કરવામાં આવી અને તેના પગલે પુછાણાઓ પણ શરૂ થઈ જવા પામ્યા હતા. જો કે આશ્ચર્યજનક રીતે અથવા તો આ સંસ્થાના અમુક બની બેઠેલાઓને વહીવટનો કક્કો પણ આવડતો જ ન હોય તેવી રીતે જાગૃત નાગરીકની અરજીના અનુસંધાને તેઓને સંસ્થાના એક એસ્ટેટ એન્જીનીયર કે જેઓ કાયમી પણ ન હોવાનુ મનાય છે, જેઓ માત્ર કોન્ટ્રાકટર પર રહેલા છે તેઓની સહી મારફતે પત્ર પર એવો જવાબ આપ્યો કે, વિષય સબજયુડાઈઝ છે અને આર્બીટ્રિટરની નિમણુકની પ્રકીયાઓ ચાલી રહી છે. વિચાર કરો કે જે મેટર કાયદાકીય રીતે ચાલી રહી હોવાનો ખુલાસો આ મહાન સંસ્થાના અમુક બની બેઠેલાઓએ કરાવ્યો તે પણ સંસ્થાના એસ્ટેટ સબંધિત હંગામી એન્જીનીયર મારફતે કરાવ્યો? ખૈર, આ પ્રકારની અરજી બાદ આ મહાન સંસ્થાના અમુક બની બેઠેલાઓ દ્વારા ૧૦ કરોડમાં આ ભવન પધરાવી દેવાની યોજના ભાંગી પડી હોય તેવુ બધા માની રહ્યા હતા પરંતુ આ મહાન સંસ્થાને ઉધઈની જેમ કોતરી રહેલા અમુક તત્વો છાના બેસે તેમ નથી અને તેથી જ હવે આર્બીટ્રિશન કક્ષાએથી જ આખોય નવો ખેલ પાડી દઈ અને હવે ૧૦ કરોડના બદલે ૧૭ કરોડમાં ગોઠવણીઓ કરવામાં આવી રહી હોવાનુ ચર્ચાવવા પામી રહ્યું છે. શહેર સંકુલની લાફીંગ કલબ, રમીઓ જયા રમાઈ રહી છે તેવી કલબો, નિવૃત બુજુર્ગ નાગરીકો તથા ચોરેને ચોટે ચર્ચાઓ હવે એ શરૂ થવા પામી ગઈ છે કે, ૧૦ કરોડનો જે ખેલ અને ગોઠવણીઓ થઈ તે ભાંગી પડી છે ત્યારે હવે આરબીટ્રેશન કક્ષાએ જ મોટો ખેલ પાડી દેવો તેવી વિચારણાઓ કરવામા આવી રહી છે. આ ગોઠવણીઓમાં એમ કહેવાય છે કે, આર્બીટ્રિટર ભળતા નામવાળી કંપનીના ફેવરમાં જ ૧૭ કરોડ રૂપીયોનો એવોર્ડ જાહેર કરી આપે, જેના પગલે ભળતા નામની વાળી કંપનીના ગુનાહીત પ્રવૃતીઓમાથી બહાર નીકળી જવાય, ૧૭ કરોડના આસામી પણ થઈ જવાય, અને તે ૧૭ કરોડના ત્રણ ભાગ એટલે કે બે કરોડ, પાંચ કરોડ અને દસ કરોડના સ્વરૂપમાં ભાગબટાઈ અને વહેંચણીઓ પણ કરી લેવામાં આવે તેવી ગોઠવણીઓની ચર્ચા પણ સંકુલનો જાણકાર વર્ગ કરી રહ્યો છે. જો આ ચર્ચાઓ સત્ય હોય તો ખરેખર શેરહોલ્ડર્સે જાગવુ જોઈએ અને સિંધુભવનના વિષયમાં આ મહાન સંસ્થાના અમુબ બની બેઠેલાઓ દ્વારા કેવા પ્રકારની પ્રકીયાઓ ચાલી રહી છે, સસ્થા અને સંકુલના હિતમાં જ નિર્ણય લેવાશે તે દીશામાં શું મજબુત કાર્યવાહી થઈ રહી છે, તે સહિતની માહીતીઓ મેળવવી જોઈએ તે જ સમયનો તકાજો બની રહ્યો છે નહી તો સ્ટેટ ઓફ ધી આર્ટ સમાન આ સંસ્થા સંકુલના હાથમાંથી સરકી જશે તેવી ભીતી જાણકારો દર્શાવી રહ્યા છે. આ બાબતે એસઆરસી જેવી મહાનસંસ્થાના ઈન્ચાર્જ જનરલ મેનેજરશ્રી કરના ની પ્રતીક્રીયાઓ જાણવાનો પ્રયાસ તેઓએ રાબેતા મુજબ ફોન ઉપાડવાની તસ્દી ન લેતા વિફળ જ નીવડયો હતો.

ટપ્પર જમીન મામલે વારસાઈ હુકમ મેળવવાની અપીલ દાખલ કરવા ધાક બેસાડતો ચૂકાદો

અંજાર : તાલુકાના ટપ્પર ગામે આવેલી જમીનો સંદર્ભે વારસાઈ નોંધ અપૂરતી અને અધુરા વારસોની નોંધ દાખલ કરાવેલ હોવાથી અરજદાર લખીબેન વા/ઓ. શામજી હાસમ કોલી વગેરે તરફથી તેમને વારસાઈ હક મેળવવા સંદર્ભે નાયબ કલેક્ટર અંજાર સમક્ષ અપીલ કેસ દાખલ કરાયો હતો. આ કેસ કામે અપીલ દાખલ કરવા માટે ૭ વર્ષ અને ૩ માસની મુદ્દત દોષ થયો હતો. આ કેસ બાબતે બન્ને પક્ષકારોને સાંભળવવામાં આવ્યા હતા અને અરજદાર લખીબેન વા/ઓ. શામજી હાસમ કોલીના એડવોકેટ પી.આર.પ્રજાપતિ હાજર રહીને અનેક ચૂકાદા સાથે ધારદાર દલીલો કરી હતી. સદરહુ કેસ કામે ૭ વર્ષ અને ૩ માસનો મુદ્દત દોષ માફ કરી આપતો અરજદારની તરફેણમાં ધાકબેસાડતો ચૂકાદો આપી અપીલનો મેરીટ ઉપર નિર્ણય થવા હુકમ કરવામાં આવ્યો છે.

માધાપર સ્વામિનારાયણ મંદિરે પાટોત્સવ ઉમંગભેર ઉજવાયો

ભુજ : સદગુરૂ શાસ્ત્રી આનંદપ્રિયદાસજી સ્વામી સંસ્થાપિત સ્વામિનારાયણ મંદિર કુમકુમ માધાપરનો પાટોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ બાપા, મુક્તજીવન સ્વામબાપાનું પૂજન, અર્ચન કરીને આરતી કરવામાં આવી હતી. સ્વામિનારાયણ ભગવાનને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. પાટોત્સવ પ્રસંગે પ્રેમવત્સલદાસજી સ્વામી, હરિવલ્લભદાસજી સ્વામી, શાસ્ત્રી હરિકૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી પ્રવચન આપ્યાં હતાં. પ્રેમવત્સલદાસજી જણાવ્યું હતું કે, સંસારની અંદર સુખ છે પણ એ ક્ષણિક અને નાશવંત છે. જ્યારે ભગવાનનું સુખ શાશ્વત છે.

સુવઈમાં બંધારણના ઘડવૈયાની જન્મજયંતીની ઉજવણી કરાઈ

રાપર : બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતિની ઉજવણી રાપર તાલુકાના સુવઈ ખાતે કરવામાં આવી હતી. જેમાં માજી સરપંચ હીરૂબેન રાઠોડ, સહકારી આગેવાન વાડીલાલ સાવલા, કિશોર મહેશ્વરી, મણીલાલ રાઠોડ મોહન મહેશ્વરી, મિતેશ પટેલ, હરીગર ગૌસ્વામી, જયંતિ દરજી, હરીભાઈ રાઠોડ, ગાભાભાઈ કોળી, પ્રેમજીભાઈ પઢીયાર, નરસી મહેશ્વરી, આણંદાભાઈ ભટ્ટી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. બાળકો તથા લોકોએ સમગ્ર ગામમાં પ્રભાતફેરી દ્વારા ડો.આંબેડકર અમર રહોના નારા સાથે તથા તેમના જીવન ચરિત્ર પર આધારિત કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું.

મારી આંગળી પરની આ વાદળી શાહી મારા મતના અધિકારની સાક્ષી છે.

કચ્છ ઉદય પરિવાર દ્વારા અપીલ

ગોરેવાલી ખાતે મારવાડા સમાજ આયોજીત ક્રિકેટ મેચમાં ખાવડાની ટીમ વિજેતા

ભુજ : તાલુકાના ગોરેવાલી ગામે મારવાડા સમાજ દ્વારા ૧૮ ટીમે ભાગ લીધો હતો, જેમાં હિંદુ મુસ્લિમ એકતાનો ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. ફાઈનલ મેચ ખાવડા અને ગોરેવાલી મારવાડાની ટીમ વચ્ચે મેચ રમાઈ હતી, જેમાં ખાવડાની ટીમ વિજેતા થઈ હતી. ગામના સરપંચ ગુલમામદભાઈ, પૂર્વ સરપંચ કરમણભાઈ સુકરીયા, આગેવાનો ઈસાભાઈ મેરાણ, ફેજલભાઈ અમીરખાન, સોહેભભાઈ વડલ, ગુલાબ દિનભાઈ શકુર, વીરાભાઈ આલા ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરાયું હતું. આભારવિધિ વીરાભાઈ આલા મારવાડાએ કર્યું હતું.

ઉમિયા માતાજી મંદિર ઈશ્વર આશ્રમ ટ્રસ્ટના પ્રમુખ હંસરાજભાઈ ધોળુની પુનઃ વરણી

નવી કારોબારીની રચના કરવા પંચોની નિમણૂક કરાઈ : ભારતભરથી સંસ્થાના કારોબારી સભ્યો હાજર રહ્યા

નખત્રાણા : મા ઉમિયાના બેસણા છે એવા કચ્છ વાંઢાય ખાતે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા મળી હતી અને વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ઉમિયા માતાજી મંદિર ઈશ્વર રામજી આશ્રમ ટ્રસ્ટ આયોજીત વાર્ષિક સામાન્ય સભામાં વિવિધ મુદ્દે ચર્ચા પ્રમુખ હંસરાજભાઈ ધોળુના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં હિસાબોનું વાંચન, બહાલી, પારદર્શક વહીવટ વગેરે સભાસદો સામે વાંચી સંભળવવામાં આવ્યો હતો તેને સર્સંમિતથી બહાલી આપવામાં આવી હતી. હાલમાં કારોબારી ટીમની સમયમર્યાદા પૂરી થઈ છે. નવી કારોબારી રચવા પંચોની નિમણૂક કરવામાં આવી તેમાં નવી બોડીની જાહેરાત કરાઈ હતી. આ યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં ભારતભરમાંથી સંસ્થાના કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. નવી ટીમને જાહેરાતમાં હંસરાજભાઈ ધોળુને ફરીથી પ્રમુખ પદ માટેપસંદ કરવામાં આવ્યા હતા. ઉપપ્રમુખ ડો.પ્રેમજીભાઈ ગોગરી, ઈશ્વરભાઈ માવાણી, મહામંત્રી જિયાપરના બાબુભાઈ ચોપડા, મંત્રી ઈશ્વરભાઈ ભાવાણી, પ્રવીણ ધોળુ, રમેશભાઈ પોકાર અને ખજાનચીમાં પુનઃ ગંગારામ ચૌહાણની નિમણૂક કરવામાંઆવી હતી. આ સભામાં કેન્દ્રીય સમાજના પ્રમુખ, ઝોન સમાજના પ્રમુખ, સંસ્કારધામના પ્રમુખ, યુવક સંઘ, મહિલા સંઘના હોદ્દેદારો, સંસ્થાના કારોબારી સભ્યો વગેરે હાજર રહ્યા હતા.

અંધ શાળામાં તાત્કાલિક શિક્ષિક ઘટ પૂરવા માંગ કરાઈ

ભુજ : અહીં આવેલી અંધશાળામાં તાત્કાલિક ધોરણે શિક્ષક ઘટ પુરવા માટે દિવ્યાંગ અધિકાર સંગઠન (કચ્છ)ના કાસમ શેખ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીને પત્ર લખી જાણ કરવામાં આવી છે. ભુજ સમા સુરક્ષા કચેરી ખાતે આવેલી અંધશાળામાં હાલમાં કોઈ શિક્ષક ન હોવાને કારણે અહીં ભણતા વિદ્યાર્થીઓનું ભાવી અંધકારમય બની ગયું છે અને વિદ્યાર્થીઓના શિક્ષણ પર માઠી અસર પહોંચે છે. અત્યાર સુધી આ શાળામાં ઉદ્યોગ શિક્ષક ફરજ બજાવતા હતા. તેમનો કરાર પૂરો થઈ ગયો છે. તેઓ હાલ બેરોજગાર થઈ ગયા છે. હાલમાં બાળકો, શિક્ષણથી વંચિત થઈ ગયા છે અને પરિક્ષાઓ ચાલુમાં છે. ચૂંટણી આચારસંહિતા લાગુ પડી ગઈ છે. સરકારના પરિપત્ર મુજબ તાત્કાલિક ધોરણે કોન્ટ્રાક્ટર રિન્યુ કરવામાં આવે તેવી બેરોજગાર બનેલા શિક્ષકને રોજગારી મળે અને બાળકોને શિક્ષણ મળી રહે તેવી માંગ કરાઈ છે.

મતિયાપીર પદયાત્રી સેવા કેમ્પનો રોહા રોડ ખાતે પ્રારંભ

ગાંધીધામ : સ્વ. માલશી વલુ માતંગ દાદાના સ્મરણમાં છેલ્લા ૩૬ વર્ષથી ઈફકો કર્મચારી સંઘ તથા રોહા (સુમરી) ગ્રામજનોના સહયોગથી મતિયાપીરથી પદયાત્રી સેવા કેમ્પનું આયોજન રોહા રોડ (રોહા ફોર્ટ) ખાતે કરાયું હતું. મતિયાદે ગુડથરવાળા પદયાત્રી સેવા કેમ્પ તા.૨૩/૪થી ૨૬/૪ ચાર દિવસ રહેશે. જેમાં ભક્તજનોને ૨૪ કલાક ચા-નાસ્તો જમવાનું અને મેડિકલ વ્યવસ્થા રાખવામાં આવી છે. તા.૨૪/૪ના દાદા સ્વ. માલશી વલુ માતંગ તથા દાદી સ્વ. ભચીબાઈ માલશી દાદા માતંગના સ્મર્ણાર્થે કરશનભાઈ કોચરા, નારાયણભાઈ દેવરીયા દ્વારા જ્ઞાનકથન (ઠાઠ)નું આયોજન કરવામાં આવ્યું છે. આયોજક ધોરિયા ચંદ્રકાન્ત મૂળજીભાઈ તથા ધનજી જેપારે સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે.

નખત્રાણામાં પોલીસ દેશીદારૂના અડ્ડાઓ પર કાર્યવાહી નહીં કરે તો જનતા રેડ કરાશે

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં નખત્રાણામાં ખૂલે આમ દેશી દારૂ વેચાઈ રહ્યુ છે. હાલ જયારે સમગ્ર કચ્છમાં દેશી દારૂનો દુષણ વધ્યું છે. ત્યારે નખત્રાણામાં પણ દેશી દારૂનો વ્યાપ ખૂબ જ વધ્યો છે તેવું સ્થાનિક લોકો પોલીસને લેખીત રજુઆત કરતા જણાવ્યું હતું. દારૂના દૂષણથી અનેક લોકો બેરોજગાર થયા છે અને આર્થિક રીતે નુકસાની ભોગવી રહ્યા છે, ત્યારે આ જનતાની માંગને લઈ હંમેશા અન્યાય અને અત્યાચાર સામે લડતા સંગઠન રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ નખત્રાણા દ્વારા નખત્રાણા પોલીસ સ્ટેશન ખાતે દારૂબંધી બાબતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યો ટૂંક સમયમાં જો દારૂ બાબતે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવા નહીં આવે તો જનતા રેડ કરવામાં આવશે તેવું રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના પ્રમુખ કરણભાઈ જણાવ્યું હતું.

બજારભાવ

ભુજ માર્કેટ યાર્ડ	
૧૦૦ કિલોના ભાવ	
ગોવાર	૫૦૦૦-૫૧૬૦
વરિયાળી	૪૧૯૦-૫૫૧૦
ભુજ માર્કેટ યાર્ડ	
૪૦ કિલોના ભાવ	
એરંડા	૨૨૦૦-૨૨૨૭
રાયડો	૧૭૫૦-૧૭૭૧
ઈશબગુલ	૪૩૪૮-૪૭૮૬
અંજાર માર્કેટ યાર્ડ	
૧૦૦ કિલોના ભાવ	
વરિયાળી	૪૦૦૦-૫૭૪૦
અંજાર માર્કેટ યાર્ડ	
૪૦ કિલોના ભાવ	
એરંડા	૨૧૨૧-૨૨૭૦
કપાસ	૨૮૦૦-૩૦૯૧
જીરૂ	૭૨૦૦-૮૭૨૦
ઈશબગુલ	૩૪૯૯-૪૬૮૦
રાપર માર્કેટ યાર્ડ	
જીરૂ	૩૭૩૨-૪૪૦૦
એરંડા	૧૦૯૯-૧૧૦૯
વરિયાળી	૯૫૨-૧૧૨૮
ઈશબગુલ	૧૫૦૦-૨૩૦૦
સોવા	૮૬૧-૯૧૧
મેથી	૯૬૧
જુવાર	૫૪૧
અજમો	૨૫૦૦
ભચાઉ માર્કેટ યાર્ડ	
એરંડા	૧૧૦૦-૧૧૨૧
ગોવાર	૯૮૦-૧૦૨૦

સાખજીરૂ	૪૦૦૦-૪૨૩૬
વરિયાળી	૮૨૧-૧૧૨૭
મઠ	૯૦૦-૧૦૫૧
ઈશબગુલ	૨૦૨૫-૨૧૯૯
ભુજ માર્કેટ યાર્ડ	
(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)	
ડુંગળી	૧૮-૨૨
બટેટા	૨૦-૨૫
ટમેટા	૪-૧૩
લીલી ડુંગળી	૫-૨૦
મરચા	૧૦-૪૦
મરચી	૪૦-૭૦
રીંગણા કાળા	૫-૧૮
રીંગણા બાજરીયા	૫-૨૫
કોબી દેશી	૫-૧૭
કોબી	૫-૧૨
ફુલાવર	૧૫-૨૦
ફુલાવર દેશી	૭-૨૦
વટાણા	૭૫-૧૦૦
ધાણા	૧૫-૨૫
ભીંડા	૧૫-૪૦
કાકડી કાળી	૫-૧૫
કાકડી સફેદ	૫-૧૫
કાકડી ખીરા	૧૫-૨૫
પાલક	૧૫-૨૫
લસણ સુકું	૧૩૦-૧૫૦
લીંબુ	૨૦-૮૦
પીત્તાઈ ગાજર કેશરી	૧૦-૨૦
દુધી	૩-૧૨

આદુ	૧૦૦-૧૫૦
કારેલા	૧૫-૨૫
શક્કરિયા	૨૦-૩૫
ચોળા ડોલર	૨૦-૪૫
ચોળી	૩૫-૮૦
ગીલોડા	૨૦-૩૫
મરચા સીમલા	૨૦-૫૫
ગોવાર દેશી	૨૦-૭૦
ગોવાર	૨૦-૫૦
ગીસોડા	૮-૨૦
પરવળ	૫૦-૮૦
સરગવો	૧૦-૩૦
ગેલકા	૧૦-૨૦
કોળુ	૭-૧૫
બીટ	૧૫-૩૦
મેથી	૨૦-૪૦
ભુજ ફ્રુટ બજાર	
કેળા કાચા	૧૦-૨૦
કેળા પાકા	૩૦-૩૫
પપૈયા કાચા	૭-૧૫
પપૈયા પાકા	૧૦-૨૫
જામફળ	૧૫-૩૫
ચીકુ	૧૫-૩૫
શક્કરટેટી	૧૦-૩૦
કાચી કેરી	૧૦-૪૦
પાકી કેરી	૩૦-૭૦
ફણસી	૭૦-૯૦
દાડમ	૧૦-૭૦
ફલીંગર	૫-૧૫

જેવું જોઈએ તેવું પ્રકાશનના માધ્યમથી આપીએ તો લોકો આપોઆપ પુસ્તકો વાંચશે

ખાસ આજનો યુવા પેઢીને મેનેજમેન્ટ, સ્કીલ ડેવલોપમેન્ટ, ટુંકીવાર્તા, બાળવાર્તા વગેરે પુસ્તકો ટોપ ઉપર

ભુજ : આજે વિશ્વ પુસ્તક દિવસ છે. આપણેજેપુસ્તકો વાંચીએ છીએ તેમાંથી જરૂર બોધપાઠ મળે છે. અગાઉ મોટા શહેરોમાં લાયબ્રેરી હતી. આ લાયબ્રેરીમાંથી શહેરના અને ગામડાના વાંચકો પોતાના મનગમતા લેખકોના પુસ્તકો વાંચવા લઈ જતા યુવાનો, વડીલોમાં ધાર્મિક, આધ્યાત્મિક, ઐતિહાસિક પુસ્તકો વંચાય છે.

આ દિને કચ્છમાંથી નવા લેખકો, સાહિત્યકારોના પુસ્તક પ્રકાશનક્ષેત્રે મોટું નામ ધરાવતા માંડવી સ્થિત વી.આર. ટી.આઈ.ના ગોરધન પટેલ (કવિ)એ પોતાનું મતંવ્યમાં જણાવ્યું હતું કે પુસ્તકો વંચાય છે. એટલે જ ખુબ મોટા પ્રમાણમાં ગુજરાતમાં રોજ પ્રકાશન થાય છે એટલે પુસ્તકો નથી વંચાતા એવું નથી આપણે આજના જમાના પ્રમાણે જેવુ જોઈએ તેવું આપીએ એટલે લોકો, યુવાનો જરૂરથી વાંચે છે. જેમાં ખાસ તો યુવાનો માટે સ્કીલ ડેવલોપમેન્ટ, ટુંકીવાર્તા, બાળવાર્તા, ધાર્મિક, આધ્યાત્મિક, ઐતિહાસિક વગેરે પુસ્તકો લોકો વાંચે છે.

એટલે જમાના મુજબ પ્રકાશન વર્તમાન પેઢીને અનુરૂપ કરવામાં આવે તો જરૂરથી લોકો વાંચવા લાગશે અગાઉ મોટા શહેરોમાં લાયબ્રેરીઓ હતી. આજે લોકોના પુસ્તક પ્રેમમાં એટલો વધારો થયો છે કે ગામડામાં લાયબ્રેરીઓ શરૂ થઈ ગઈ છે. એટલા ગામડાના લોકોને જે જગ્યાએ રહે છે ત્યાં જ પુસ્તકો મળી રહે છે. આજના સમયમાં ઈલેક્ટ્રોનીક માધ્યમની સાથે પુસ્તક વાંચે છે. હવે મોબાઈલમાં એપના માધ્યમથી પુસ્તકોનો ભંડારછે. ઈ પુસ્તકો આવેલ છે એટલે વાંચન ઘટ્યું નથી. થોડુંક ઓછું થયું છે. પરંતુ જો જેવું જોઈએ તેવું આપવાથી લોકો જરૂરથી વાંચન તરફનો આકર્ષણ વધશે. આપણે નિબંધ સ્પર્ધા રાખીએ છીએ તો વાંચન સ્પર્ધા રાખવી એ સમયની માંગ છે. જો વાંચન સ્પર્ધા રાખવાથી જે લોકો પુસ્તકનું વાંચન કરે છે. તેઓ સ્પર્ધામાં તેના વિશે બોલશે એટલે આવી સ્પર્ધા શિબિર રખાય એ જરૂર છે. પુસ્તક વાંચવાથી જરૂર માર્ગદર્શન મળે છે. જીવનમાં આવેલી સમસ્યાઓનું નિરાકરણ ઘણી વખત પુસ્તકોના માધ્યમથી થાય છે તેવું કહ્યું હતું.

સમાઘોઘાના ક્ષત્રિય યુવાનના અકસ્માતે નિધનથી શોક

મુંદરા : તાલુકાના સમાઘોઘા ગામના ત્રણ યુવાનો સાણંદ પાસે આવેલા ખોડા ગામે લગ્ન પ્રસંગે જઈ રહ્યા હતા ત્યારે અંજાર ખેડોઈ રોડ પર તેમની સીફ્ટ કારને અકસ્માત નડયો હતો. આ અકસ્માતમાં ૨૩ વર્ષિય હસમુખનું મોત નિપજયું હતું. સદ્ગત માતા - પિતાનો એક માત્ર સંતાન હોઈ પરિવારમાં શોકની લાગણી ફરી વળી હતી. તેના અવસાનના સમાચાર વાયુવેગે ફરી વળતા મિત્ર વર્તુળ શોકમાં ગરકાવ થયો હતો. સદ્ગતની અંતિમ યાત્રામાં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. અને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પૂર્વ આઈએએસ પ્રદીપ શર્માની અરજી પર સુપ્રીમ કોર્ટે ગુજરાત પાસેથી માંગ્યો જવાબ

ભુજ : સુપ્રીમ કોર્ટે સોમવારે નિવૃત્ત આઈએએસ અધિકારી પ્રદીપ શર્માની જામીન અરજી પર ગુજરાત સરકાર પાસેથી જવાબ માંગ્યો છે.

શર્માએ કચ્છ જિલ્લાના કલેક્ટર તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન નાણાકીય લાભ માટે સરકારી જમીનની કથિત ગેરકાયદેસર ફાળવણીના કેસમાં જામીન અરજી દાખલ કરી છે. જસ્ટિસ અભય ઓકા અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાનની ખંડપીઠે ગુજરાત સરકારને નોટિસ પાઠવી ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.સુપ્રીમ કોર્ટે સોમવારે નિવૃત્ત આઈએએસ અધિકારી પ્રદીપ શર્માની જામીન અરજી પર ગુજરાત સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. શર્માએ કચ્છ જિલ્લાના કલેક્ટર તરીકેના તેમતા કાર્યકાળ દરમિયાન નાણાકીય લાભ પાટે સરકારી જમીનની કથિત ગેરકાયદેસર ફાળવણીના કેસમાં જામીન અરજી દાખલ કરી છે. જસ્ટિસ અભય એસ.ઓકા અને જસ્ટિસ ઉજ્જવલ ભુયાનની બેન્ચે ગુજરાત સરકારને નોટિસ પાઠવી ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.આ કેસમાં ગુજરાત હાઈકોર્ટના નિર્ણય સામે શર્માએ સુપ્રીમકોર્ટના દ્વાર ખટખટાવ્યા છે.

હાઈકોર્ટે ૨૦ માર્ચે તેમની જામીન અરજી ફગાવી દીધી હતી. આ કેસમાં પ્રદીપ શર્મા જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. આ દરમિયાન, જમીન ફાળવણીના કેસમાં એફઆઈઆર નોંધતા પહેલા પ્રાથમિક તપાસની માંગ કરતી તેમની અરજીને ફગાવી દેતા હાઈકોર્ટના ૩ જાન્યુઆરીના આદેશ સામે શર્માની બીજી અપીલમાં સર્વોચ્ચ અદાલતની બેન્ચે રાજય સરકારને જવાબ દાખલ કરવા જણાવ્યું છે.

જુના કટારિયા પાસે ટ્રક-ટ્રેલર વચ્ચે અકસ્માતમાં એકને ગંભીર ઈજા

પત્નીને માવતરે મુકવા જતા યુવકને બોલેરો ચાલકે લીધા હડફેટે

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં અકસ્માતના જુદા જુદા બનાવો બન્યા છે. જેમાં જુના કટારિયા પાસે ટ્રક - ટ્રેલર વચ્ચે અકસ્માત થયો હતો. જયારે આદિપુર ટાગોર રોડ પર પત્નીને માવતરે મુકવા જતા યુવકને અકસ્માત નડ્યો હતો.

આ અંગે મળતી વિગતો મુજબ રાધનપુર - સામખિયાળી હાઈવે પર આવેલ જુના કટારિયા ચોકડી પુલ પાસે મુરિદખાન રમદાનખાન મગેલિયા (ઉ.વ. ૪૨) (રહે રાજસ્થાન) વાળાના કબ્જાની ટ્રેક નંબર આર જે ૧૯ જીએફ ૫૭૭૭ વાળા સાથે આરોપીના કબ્જાનું ટ્રેલર નંબર આર.જે ૦૧ જીઈ ૨૭૮૬ વાળુ ભટકાવી અકસ્માત કરીને સાહેદને ફ્રેકચર કરી ઈજાઓ પહોંચાડતા લાકડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તો આદિપુર ટાગોર રોડ અભિષેકની સામે નરેશભાઈ ભાણજીભાઈ માતંગ મેઘપર કુંભારડીથી પોતાની પત્નીને માવિત્રે કિડાણા મુકવા જતા હતા. ત્યારે બોલેરો નં. જી.જે ૧૩ એટી ૭૫૧૪ વાળીના ચાલક ઉમરાભાઈ રબારીએ પોતાની બોલેરો બેદરકારી અને ગફલત ભરી રીતે ચલાવી ફરિયાદીને ફ્રેકચર સહિતની ઈજાઓ પહોંચાડતા આદિપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ભચાઉમાં ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી બે વર્ષે પકડાયો

ભચાઉ : લોકસભાની ચૂંટણી અન્વયે નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે ડ્રાઈવર હાથ ધરવામાં આવી છે. ત્યારે એલસીબીની ટીમે ભચાઉ પોલીસ સ્ટેશનમાં નોધાયેલા ચોરીના ગુનામાં બે વર્ષથી નાસતા ફરતા આરોપી ભુજ તાલુકાના કમાગુનાના હાલે ભચાઉમાં રહેતા રજાક ઈભલા ત્રાયાની ભચાઉ બસ સ્ટેશન પાસેથી પકડી પાડી ભચાઉ પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો.

ભુજ સમીપે નાગોર ફાટક પાસે ઝાડી - જાંખરામાં આગનું છમકલું થતા ભુજ ફાયરની ટીમ ઘટના સ્થળે ધસી ગઈ હતી. અને આગ પર કાબુ મેળવ્યો હતો. ડીસીઓ જીગ્નેશ જેઠવા, ફાયર મેન ઈમ્તિયાઝ સમા, સુનીલ મકવાણા સહિતના જોડાયા હતા.

કુકમા સમીપે વાડીમાં આગ

ભુજ : તાલુકાના કુકમા - કંઢેરાઈ સીમ પાસે વાડી નંબર ૧૩માં અગમ્ય કારણોસર આગ ફાટી નિકળતા ભુજના ફાયર સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. ફાયર સ્ટાફના લીડીંગ ફાયરમેન દિલીપ ચૌહાણ, ડીસીપીઓ ઈસ્માઈલ જત, ફાયરમેન સોહમ ગોસ્વામી, ઈમ્તિયાઝ સમા વગેરેએ આગને કાબુમાં લીધો હતો. ૧૫ કલાક બાદ આગ કાબુમાં આવતા લોકોને હાશકારો થયો હતો.

નખત્રાણામાં ભીડનો લાભ લઈ કેટલાકના ખિસ્સા કપાયા

નખત્રાણા : ગઈકાલે શહેરમાં ભાજપના કાર્યાલય ઉદઘાટન પ્રસંગે આવેલા ગુજરાતના મુખ્યમંત્રીના કાર્યક્રમ દરમિયાન ભીડનો લાભ લઈને કેટલાક લેભાગુએ ખિસ્સા કાપ્યા હોવાનું સામે આવ્યું છે.

આ અંગે મળતી વિગતો મુજબ નખત્રાણામાં મુખ્યમંત્રીના કાર્યક્રમ બાદ ઉમા વિદ્યાલયમા જમણવાર રાખવામાં આવ્યો હતો. જયાં ભીડના કારણે તકનો લાભ લઈ ખિસ્સા કાતરૂઓએ લોકોના ખીસા કાપ્યા હતા. જેમા રોકડ રકમ તેમજ અગત્યના ડોકયુમેન્ટ સેરવી લેવાયા હોવાની ફરિયાદો ઉઠી હતી. આ અંગે હરિલાલભાઈ કેશરાણી એ જણાવ્યું હતું કે, તુલસીદાસ વાલજીના ૮૦૦ રૂપિયા તેમજ ડોકયુમેન્ટ અને હીરાલાલ ગોપાલ રૂડાણીના ડોકયુ મેન્ટ તેમજ રોકડ રકમ ચોરાઈ હતી. આ ઉપરાંત અનેક લોકોના ખિસ્સા કપાયા હોવાથી લોકોમાં નારાજગી જોવા મળી હતી. આ બાબતની હજુ સુધી પોલીસ ચોપડે કોઈ નોધ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

આખલાની ટક્કરે ઘવાયેલા આદિપુરના આધેડનું મોત

ભુજ : દસ દિવસ અગાઉ બાઈક પર જતી વખતે આખલાની ટક્કરે ઘાયલ આદિપુરના આધેડે સારવાર દરમ્યાન જામનગર ખાતે દમ તોડયો છે. આ અંગેની વિગતમુજબ ગત ૧૧મી તારીખે આદિપુરની મલીર સોસાયટી પાસેથી પોતાની બાઈક પર પસાર થઈ રહેલા વિનોદભાઈ પારવાણી (ઉ.વ. ૫૨)ને રસ્તા પર યુધ્ધ કરી રહેલા આખલાઓએ ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વિનોદભાઈને માથાનાના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. સ્થાનિકો તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જૈન હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જયાંથી વધુ સારવાર માટે ડિવાઈન લાઈફ હોસ્પિટલમાં રિફર કરાયા હતા. માથામાં ગંભીર ઈજાઓથી તેઓ દિવસો સુધી બેભાન રહ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે તેમને જામનગર લઈ જવાયા હતા. જામનગરની હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન તેમનું મોત નીપજ્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છમાં રખડતા આખલાઓન મસ્યા શરદર્દ સમાન બની છે. અદાલતના આદેશ બાદ પણ કચ્છની નગરપાલિકાઓ રખડતા ઢોરોને અંકુશ કરવામાં વિફળ રહી છે. અગાઉ ભચાઉ અને ગાંધીધામમાં રખડતા આખલાઓએ માનવ જીંદગીનો ભોગ લીધો છે. વધુ એક આધેડ આખલા યુધ્ધનો ભોગ બનતા લોકોમાં રોષ ફેલાયો છે.

મીઠીરોહરના ગોડાઉનમાં ખાંડની બોરીઓની ચોરી કરનાર આરોપી પકડાયો

ગાંધીધામ : લોકસભાની ચૂંટણી અન્વયે નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે ડ્રાઈવર હાથ ધરવામાં આવી છે. ત્યારે ગાંધીધામ તાલુકાના મીઠીરોહર ગામે આવેલ જીઆઈડીસી ખાતે આવેલ નરેશ મુલચંદાણી ગાંધી ગોડાઉનમાં દિવાલની અંદર કાણુ કરી અંદરથી ખાંડની બોરીઓની ચોરીમાં આરોપી ઈલિયાસ ઈસ્માઈલ ટાંક (રહે ખારીહોર) વાળની સંડોવણી કરી હતી. છેલ્લા એક વર્ષથી પોતાની ધરપકડથી બચવા નાસતો ફરતો હતો. જેને હ્યુમન સોર્સના માધ્યમ અને બાતમીના આધારે ધરપકડ કરવામાં આવી હતી.

શિક્ષકની તીર્થ ભૂમિ એટલે શાળા

અંજારની શાળાના કર્મઠ શિક્ષક એસ એલ પરમારનો વય નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો

અંજાર : શાળાએ પવિત્ર મંદિર છે શાળામાં જ બાળકોનું ઘડતર સાથે ભણતર થાય છે પરંતુ આજે જયારે શિક્ષણનું વ્યાપારીકરણ થઈ રહ્યું છે ત્યારે અનુભવી અને કર્મઠ શિક્ષક જ નિષ્ઠાપૂર્વક કાર્ય કરી શકે, શાળામાં અભ્યાસથી કરીને નિવૃત્તિ સુધી પાંત્રીસ વર્ષ દીર્ઘકાલીન શૈક્ષણિક કાર્ય કરવાનો લાભ ભાગ્યશાળી વ્યક્તિને મળે અને તે છે આ શાળાના શિક્ષક એસ એલ પરમાર. પરમાર, પરિવારનો વારસો સંભાળી આજે નવી ઈનિંગ શરૂ કરવા જઈ રહ્યા છો ત્યારે પરમ કૃપાળુ પરમાત્મા તંદુરસ્ત નિરોગી સુખમય જીવન બની રહે તેવી આશીર્વચન - શુભેચ્છા મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજેએ પાઠવ્યા હતા.અતિથિ વિશેષ ડો. મધુકાન્ત આચાર્ય પૂ. જિલ્લા શિક્ષણ અધિકારી એ જણાવ્યું હતું કે કોઈપણ કાર્ય લગનથી કરવામાં આવે તો સફળતા મળે, મેં સંજયભાઈ માં કાર્ય કરવાની અને સફળતા આપવાની ક્ષમતા જોઈ છે . તે દરેક કાર્ય પાર પાડવા તન મનથી લાગી જાય છે આવી વ્યક્તિ જયારે સંસ્થામાંથી નિવૃત થાય ત્યારે સંસ્થાને ખોટ પડે,પરંતુ તેઓ સમાજની સામાજિક પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે, અને નિવૃત્તન થતા સક્રિય રહી તેમનું કાર્ય આગળ વધારે તેવી શુભેચ્છા પાઠવી હતી.

જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી ભુજના એજયુકેશન ઈન્સ્પેક્ટર પૃથ્વીરાજસિંહ વાઘેલાએ કચેરી વતી શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે વર્ષોથી તેમની સાથે મિત્રતાનું નાતો છે તેમના દરેક કાર્યો ના અમે સાક્ષી છીએ શાળા પરિવારની સાથે મિત્રતાની લાગણીના બળે ,અમે સહુ તેમને શુભેચ્છા પાઠવીએ છીએ. આ પ્રસંગે જામનગરના પૂર્વ જિલ્લા શિક્ષણ અધિકારી બી એન દવે, જિલ્લા કેળવણી નિરીક્ષક મીનાબેન મોઢા જાયન્ટ્સ ગ્રુપના નિષદ મહેતા, ગુજરાત રાજય સરકારી શિક્ષક સંઘના પ્રમુખ દિવ્યરાજસિંહ જાડેજાએ તેમની શૈક્ષણિક કારકિર્દીને બિરદાવી શુભેચ્છાની લાગણી વ્યક્ત કરી હતી.પ્રારંભમાં શાળાના બાળકોની સમૂહ પ્રાર્થના, શાળાના શિક્ષિકા બહેનો વિશ્વાબેન કોડરાણી, નીલમબેન ગક્કરની સરસ્વતી વંદના બાદ, શાળાના વહીવટી વડા શ્રી ભરતસિંહ જાડેજા એ દુહા છંદ ભજનની રમઝટ બોલાવી હતી.મંચસ્થ મહેમાનો પ. પૂ. સંત ત્રિકમદાસજી મહારાજ, શાળાના વર્ગ-ર આચાર્ય એસજી દરિયાણીના સુપરવાઈઝર એસ એલ પરમાર અને મંચસ્થ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજનું શ્રીમતી એસ જી દરિયાણીનો શાળાના મ.શિ. રાહુલભાઈ નાઈએ સાલ પુસ્તક ભેટ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. મંચસ્થ તમામ આમંત્રિત સર્વ મધુકાંત આચાર્ય બી એન દવે મીનાબેન મોઢા, ઈ.આઈ. પૃથ્વીરાજસિંહ વાઘેલા એ. ડી.આઈ.ડો. અશ્વિન સિંહ વાઘેલા, પરેશ અજાણી, બિપીન વકીલ, અમિતભાઈ ધોળકિયા,ગુ રા શિક્ષક સંઘના અધ્યક્ષ દિવ્યરાજસિંહ જાડેજા, ગુજરાત શિક્ષણ અને તાલીમ ભવનના ઓફિસ વડા શ્રી દિલીપભાઈ પરમાર, જિલ્લાની જુદી જુદી શાળાના વર્ગ-ર આચાર્ય સર્વશ્રી રાકેશ પટેલ, વિપુલગીરી ગોસ્વામી, જે એન પટેલ, પરેશ અજાણી,A D I, બીપીનભાઈ વકીલ, જયેશ પીઠડીયા, પંકજ પરમાર, તમામનું શાળાના સ્ટાફ દ્વારા સાલ મોમેન્ટો થી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળા પરિવાર તરફથી વય નિવૃત્ત શિક્ષક એસ એલ પરમારનું સાલ શ્રીફળ ચાંદીનો સિક્કો મોમેન્ટો, તેમજ જુદી જુદી શાળા માંથી આવેલ આચાર્ય, શિક્ષકો, પૂર્વ આચાર્ય , તેમજ ૫૧ થી વધુ સ્વૈચ્છિક સંસ્થાઓ - ટ્રસ્ટીઓ દ્વારા સાલ મોમેન્ટો આપી સ્વાગત કરેલ હતું .શાળાના બાળકો તરફથી પ્રતિક ભેટ આપી એસ એલ પરમારનું સન્માન કરવામાં આવ્યો હતું .

વય નિવૃત શ્રી એસ એલ પરમાર, સુપરવાઈઝર નિવૃત્ત થતાં માતૃ સંસ્થાને શાળાને બે પંખા, બાર ખુરશી, શાળાના આચાર્ય એસ જી દરિયાણીને સ્ટાફ પરિવારની ઉપસ્થિતિમાં અર્પણ કરેલ હતા. સ્વાગત આવકાર પ્રવચન એસજી દરિયાણીએ કરેલ હતું. અને સાડા ત્રણ દાયકાની અવિરત સેવા પૂર્ણ કરનાર એસ એલ પરમારની ખોટ સંસ્થાને સાલશે ,પરંતુ તેમણે સંસ્થામાંથી નિવૃત્ત નહીં કરીએ, તેને પ્રવૃતિમય બનાવવાની જવાબદારી અમારી સાથે તેમના પરિવારને સોંપીએ. તેમ જણાવી શેષજીવન આનંદમય બને તેવી શુભેચ્છા પાઠવી હતી. શાળાના કોમર્સ શિક્ષક આર એમ ચૌહાણે તેમના પ્રતિભાવમાં પરમારની કાર્યશૈલીને બિરદાવી ,શિસ્તબધ્ધ વ્યક્તિ વિદાય લે ત્યારે સંસ્થાને ખોટ પડે છે, સંસ્થા - સ્ટાફ - વિદ્યાર્થીઓ પ્રત્યેની લાગણી હંમેશા યાદ રહેશે. તેમનું નિવૃત્તિ મય જીવન સુખમય બને તેવી શુભેચ્છા. ધો. ૧૧ના વિદ્યાર્થીઓ વતી આદિત્યએ ,પરમાર સાહેબની શૈક્ષણિક કારકિર્દીની પ્રશંસા કરી, જે શીખવા મળ્યું તે જીવનમાં ઉતાર્શું, તેમ જણાવ્યું હતું. સન્માન પત્રનું વાંચન અનમબેન પઠાણે કરેલ હતું.

પરમાર પરિવારના આશાબેન પરમાર તથા શ્રીમતી દિપાલી કુશ પરમારે પરિવારની વ્યક્તિ જયારે તેમની સેવામાંથી ગૌરવ પદ રીતે નિવૃત્ત થાય, તેનાથી વિદાયનો વિશેષ આનંદ શું હોય, આજે જયારે આ સમારંભમાં તેમની સેવાની યાદ કરાય છે, ત્યારે અમને પરમાર પરિવારને ગૌરવ થાય છે.અને આપ સૌએ આ કાર્યક્રમમાં પધારી શોભામાં અભિવૃદ્ધિ કરવા બદલ સૌ અધિકારીગણ, સંતશ્રી, સ્નેહીજનો, મિત્રો, ખાસતો આ શાળાના સ્ટાફ પરિવારનો આભાર વ્યક્ત કરેલ હતો.

સન્માનનો પ્રત્યુતર આપતા શાળાના સુપરવાઈઝર શ્રી એસ એલ પરમારે જણાવ્યું હતું કે આ મારી કર્મભૂમિ છે જયાંથી કારકિર્દીની શરૂ કરી ત્યારે સુખદ અંત આવ્યો એ જ મારા કાર્યની સફળતા .સૌનો પ્રેમ આદર મળ્યો છે, અને આપ્યો છે તેનું આજે જે સફળતા મળી છે તે મારા પિતાજીને અર્પણ કરું છે. સૌ સ્ટાફ પરિવારે મારા કાર્યકાળ દરમિયાન આપેલ સાથ સહકાર બદલ આભાર.આજના પ્રસંગે શાળાના નિવૃત પ્રિન્સિપાલ સર્વ શ્રી આર એસ પટેલ, એન કે ધોરિયા, ડી ડી જોષી, તેમજ વિવેકાનંદ હાઈસ્કૂલના પૂર્વ પ્રિન્સિપાલ કે એસ સિંધવ, મથડા પ્રા.શાળા, નવાગામ પ્રા.શાળાના આચાર્ય શ્રી જીતેન્દ્રસિંહજી જાડેજા, ભાવેશભાઈ સરિયા, જખરાભાઈ કેરસિયા, નરશીભાઈ ડાંગર, રણછોડભાઈ માતા, ચંદિયા, સુવઈ હાઈસ્કૂલના આચાર્ય પરીયા લવજી, મહેશ ભટ્ટિયા, વનરાજસિંહ જાડેજા, રમણીકભાઈ રાઠોડ, કુશ પરમાર, અંજાર ગર્લ્સ હાઈસ્કૂલના અબ્દુલભાઈ અંજારિયા મહેન્દ્રબા જાડેજા સંદીપભાઈ ડાભી હિરેનભાઈ દવે રવિ દાન ગઢવી શ્રુતિબેન સોલંકી વિશ્રુતિબેન ગોહિલ કલ્પનાબેન જરુ, રેખાબેન પંડ્યા, રસમિતાબેન રાદડિયા, મીનાબેન ઠક્કર, સોનલબેન ડાંગર, તેમજ વિવિધ શાળાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

શાળામાં યોજાયેલ કાર્યક્રમનું સંચાલન યુ જી વ્યાસે તેમજ કાર્યક્રમને સફળ બનાવવા સર્વે સ્ટાફ પરિવારે જેહેમત લીધી હતી આભાર વિધિ રાહુલભાઈ નાઈએ કરેલ હતી .

ચેક પરત ફરવાના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

મુંદરા : ચેક પરત ફરવાના કેસમાં મુંદરાની અદાલતે મોટી ખાખરના આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આ કેસની વિગત મુજબ ઝરપરાના ફરિયાદી વાલજી હરી મીઢાણીએ મોટી ખાખરના આરોપી વૈદ્ય અજીતભાઈ વીરજીભાઈની વાડીમાં ફેન્સિગનું કામ કર્યું હતું જેના બદલામાં આરોપીએ આપેલ ૩.૧૩ લાખનો ચેક બેંકમાં અપુરતી સિલકના કારણે પરત આવતા ફરિયાદીએ ફરિયાદ દાખલ કરાવી હતી. આ કેસ એડી.જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં ચાલી જતા અદાલતે દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આરોપી પક્ષે એડવોકેટ કૈલાસદાન કે. ગઢવી, કરશન કે. ગઢવી, રાહુલ એસ. રાઠોડ અને હરદાસ પી. ગીલુઆએ હાજર રહી દલીલો કરી હતી.

કોંગ્રેસ નહીં ઝૂકે! સુરતમાં ભાજપની જીતને કોંગ્રેસ કોર્ટમાં પડકારશે : કરી લીધી મોટી તૈયારીઓ

અમદાવાદ : લોકસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન પહેલા ભાજપે કોંગ્રેસને મોટો ઝટકો આપ્યો છે. સુરતમાં પક્ષના ઉમેદવાર મુકેશ દલાલની જીત બાદ ભાજપ ઉત્સાહમાં છે અને પાર્ટીએ ૪૦૦ને પાર કરવાના લક્ષ્યાંક સામે હુંકાર ભરી છે. કોંગ્રેસ હવે ચંદીગઢ મેયરની ચૂંટણીની તર્જ પર આ મામલાને કોર્ટમાં લઈ જવાની તૈયારી કરી રહી છે. ચૂંટણી પંચ સમક્ષ સુરતનો મુદ્દો ઉઠાવ્યા બાદ કોંગ્રેસની લીગલ ટીમ તેના પર વિચાર-વિમર્શ કરી રહી છે.મુકેશ દલાલ ભાજપના પહેલા એવા નેતા છે જેઓ લોકસભામાં બિનહરીફ ચૂંટાયા છે. સુરત બેઠક ભાજપનો જૂનો ગઢ છે. આ સીટ પર ૧૯૮૪થી સતત ભાજપનો કબજો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ મામલાને કોર્ટમાં પડકારવાનો નિર્દેશ આપતા કહ્યું છે કે કાયદાકીય વિકલ્પો ખુલ્લા રાખવામાં આવશે.

ભુજ મિલિટરી સ્ટેશન ખાતે નવનિર્મિત યુદ્ધ સ્મારકનું અનાવરણ

૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધના નાયકોની હાજરીમાં યોજાયો કાર્યક્રમ

ભુજ : આજે ભુજ મિલિટરી સ્ટેશન ખાતે બાલ્ડ ઈગલ બ્રિગેડ દ્વારા આયોજિત એક ગૌરવપૂર્ણ કાર્યક્રમમાં, લેફ્ટનન્ટ જનરલ ગુરબીરપાલ સિંઘ, ડીજી એનસીસીએ ૧૯૬૫ અને ૧૯૭૧ના પાકિસ્તાના સાથે યુદ્ધમાં ભાગ લીધેલ યુદ્ધના નિવૃત્ત સૈનિકો અને સ્થાનિક નાયકોની હાજરીમાં તાજેતરમાં નવીનીકરણ કરાયેલ યુદ્ધ સ્મારકનું અનાવરણ કર્યું હતું. નવીનીકરણ કરાયેલ યુદ્ધ સ્મારકને શ્રદ્ધાંજલિ પાર્ક નામ આપવામાં આવ્યું છે. નવ નિર્મિત સ્મારકમાં મધ્ય ગુંબજની બંને બાજુએ બે નવી સ્થાપિત તકતીઓ છે જયાં બિઅર બેટ, પોઈન્ટ ૮૪ અને કચ્છના રણમાં અન્ય સ્થળોએ લડાયેલી ભીષણ લડાઈઓના ઐતિહાસિક અહેવાલો કોતરેલા છે. ૧૯૬૫ના યુદ્ધના આપણા શહીદ નાયકોની બહાદુરી અને બલિદાનને શ્રદ્ધાંજલિ આપી પુષ્પાંજલિ અર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

રણ સેક્ટરમાં ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં લડેલા સૈનિકો અને યુદ્ધ વેટરન્સની હાજરી આ ઈવેન્ટની ખાસિયત હતી. આ કાર્યક્રમમાં માધાપરની ૧૪ વીરાંગનાઓએ પણ હાજરી આપી હતી, જેમણે ભારતીય સશસ્ત્ર દળોને ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન ભુજ એર સ્ટ્રીપના પુનઃનિર્માણમાં મદદ કરી હતી. યુદ્ધ વેટરન્સ અને વીરાંગનાઓને મુખ્ય મહેમાન દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્મારકમાં નેશનલ કેડેટ કોર્પ્સના પસંદગીના કેડેટ્સ પણ હાજર હતા જેઓ રાષ્ટ્રના બહાદુર હૃદયોની ગૌરવપૂર્ણ હાજરીમાં દેખીતી રીતે મંત્રમુગ્ધ થયા હતા.

રાપર-માણાબા બસના મુસાફરનું ખિસ્સુ કપાયું

રાપર : બસ સ્ટેશનમાં બાદરગઢના નરશીભાઈ માંડણભાઈ વેરાંત (પટેલ) રાપર - માણાબા બસમાં ચડવા જતા હતા. ત્યારે પેસેન્ઝરની ભીડમાં કો અજાણ્યા ઈસમે ફરિયાદીના પેન્ટના જમણા ખિસ્સામાં રહેલ પાકિટ ચોર્યું હતું. પાકિંટમાં રહેલ ૫૦૦ અને ૧૦૦ના દરની નોટો મળી ૬,૭૦૦ હતા. તેમજ ફરિયાદીનું ડ્રાઈવિંગ લાયસન્સ, બેંક એટીએમ, પાનકાર્ડ, ચુંટણીકાર્ડ, આધારકાર્ડ અને ફરિયાદીની પત્નીનું આધારકાર્ડ હતું. જે નજર ચુકવીને લઈ જતાં રાપર પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

દયાપરમાં ઘર પાસે પાર્ક કરેલી તલાટીની બાઈક ચોરાઈ

ભુજ : લખપત તાલુકાના દયાપર ગામે આવેલ ભક્તિનગર સોસાયટીમાં આવેલ મકાનની બાજુમાં કમ્પાઉન્ડમાં મૂળ બનાસકાંઠાના અને હાલે દયાપરમાં રહેતા તલાટી સુરેશકુમાર નારણભાઈ ઉપાધ્યાય સ્પેલન્ડ મોટર સાઈકલ જી.જે. ૩૬ કે ૩૯૮૮ કિ.રૂા. ૨૫૦૦૦ વાળીને પાર્ક કરી રાખી હતી. જે બાઈકને કોઈ ચોરી કરી જતાં ગુનો નોંધાવ્યો હતો.

નલિયા એરફોર્સ નોકરી કરતા યુવાને ગળેફાંસો ખાધો

નલિયા : અહીં એરફોર્સ સ્ટેશનમાં મૂળ ઉત્તરપ્રદેશના કાનપુરના હાલે એરફોર્સ સ્ટેશનમાં મેડિકલ ઓફિસર ડો. એયઝાદ હુસેને રહેણાંક કવાટરમાં સીલીંગ પંખામાં સાડી વડે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લીધો હતો. જેને સારવાર માટે લઈ જવામાં આવતા સારવાર મળે તે પહેલા તબીબે મૃત જાહેર કર્યો હતો. જે અંગે કોઠારા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જોખમી એલ.ઈ.ડી. લાઈટો ધરાવતા વાહન ધારકો

ક્ષત્રિય સમાજની નારાજગી દૂર કરવા રાજ્યના ગૃહમંત્રીએ ભુજમાં બેઠક યોજી

ભુજની મુલાકાતે આવેલા ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ મહામંત્રી રત્નાકરજીએ શહેરની ખાનગી હોટલમાં ક્ષત્રિય સમાજના ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે બંધ બારણે કર્યો પરામર્શ : સ્થાનિક આગેવાનોએ વિવાદનો અંત લાવવા પૂરતા પ્રયાસો કરવાની ખાતરી આપી

ભુજ : કેન્દ્રિય મંત્રી પુરૂસોત્તમ રૂપાલાના એક વિવાસ્દપ નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં ભભૂકી ઉઠેલા આક્રોશ ભારતીય જનતા પાર્ટી માટે ચિંતાનું કારણ બન્યો છે. રાજ્યની ૨૬ પૈકીની ૨૫ લોકસભા બેઠક માટે આગામી તા.૭મી મેના મતદાન થવાનું છે. મતદાનને આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા હોવાથી ક્ષત્રિય સમાજની નારાજગીને દૂર કરવા ભાજપાએ કવાયત તેજ કરી છે. જેના ભાગરૂપે ગઈકાલે રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી અને ભાજપના પ્રદેશ મહામંત્રી રત્નાકરજી ભુજ દોડી આવ્યા હતા. ભુજની એક ખાનગી હોટલમાં જિલ્લામાં ભાજપના ચૂંટાયેલા ક્ષત્રિય જન પ્રતિનિધિઓ, જિલ્લા સંગઠનના હોદ્દેદારો વગેરે સાથે બંધ બારણે બેઠક યોજી હતી. આ બેઠકમાં પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ અને કચ્છ-મોરબીના સાત ધારાસભ્યોએ ભાગ લીધો હતો.

રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીએ અને મહામંત્રી રત્નાકરજીએ જિલ્લાના ક્ષત્રિય આગેવાનોને કેન્દ્રિયમંત્રી પુરૂસોત્તમ રૂપાલાએ સંબંધિત નિવેદન બદલ માફી માગી લીધી હોવા સહિતની વિગતો આપી હતી. સમગ્ર પ્રકરણમાં ક્ષત્રિય સમાજની નારાજગી વાજબી છે પરંતુ જ્યારે રૂપાલાજીએ મારી માફી માગી લીધી ત્યારે વિવાદનો અંત લાવી લેવા અનુરોધ કર્યો હતો. અબડાસાના ધારાસભ્યએ જણાવ્યું કે, સમાજના પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ મહામંત્રી રત્નાકરજી સાથે બેઠકમાં રૂપાલાજીના નિવેદન સામે સમાજમાં પેદા થયેલી નારાજગી કઈ રીતે દૂર થાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. સમાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓ આપસમાં ચર્ચા કરી શું નિર્ણય આવે છે તે જાણ કરશું તેવું તેમને જણાવવામાં આવ્યું છે.

સમાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓ નારાજગી દૂર કરવા પુરતા પ્રયત્નો કરી રહ્યા છે. આ બેઠકમાં સમાજમાં નારાજગી સ્વયંભૂ હોવાનું સ્થાનિક સભ્યોએ જણાવ્યું હતું. સ્થાનિક આગેવાનોએ નારાજગી દૂર કરવા બનતા પ્રયાસો કરવાની ખાતરી આપી હતી. આ બેઠકમાં ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, પ્રદ્યુમનસિંહ જાડેજા, કેશુભાઈ પટેલ, અનિરૂદ્ધ દવે, માલતીબેન મહેશ્વરી, ત્રિકમભાઈ છાંગા, કાંતિભાઈ અમૃતિયા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ધવલ આચાર્ય, વગેરે હાજર રહ્યા હતા.

રામદૂત અતૂલિત બલધામા.. અંજનિપુત્ર પવનસૂત નામા...

ભુજમાં હનુમાન જન્મોત્સવની ઉમંગભેર ઉજવણી

દાંડીવાળા હનુમાન

પડદાભીટ્ટ હનુમાન

પંચમુખા હનુમાન

સંકટમોચન હનુમાન

શહેરના ઐતિહાસિક હનુમાન મંદિરો પર ભાવિક ભક્તોની લાગી કતારો : સુંદરકાંડ પાઠ, હનુમાન ચાલીસા, પઠન, મહાઆરતી, હોમ-હવન, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોનું આયોજન : હનુમાન ભક્તોએ સિંદૂર, તેલ, માળા અર્પણ કરી દર્શનનો લીધો લાભ

ભુજ : રામદૂત હનુમાનજી દાદાનો જન્મોત્સવ આજે જિલ્લામથક ભુજમાં ભક્તિભાવ ભેર ઉજવાયો હતો. શહેરમાં આવેલા વિવિધ ઐતિહાસિક અને પૌરાણિક હનુમાન મંદિરો પર વહેલી સવારથી જ હનુમાન ભક્તો ઉમટ્યા હતા. બજરંગબલીને પ્રિય એવા સિંદૂર, તેલ, આકડાની માળા, નાળિયેર પ્રસાદ અર્પણ કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. ભુજના વિવિધ મંદિરો ખાતે સુંદરકાંડના પાઠ, હનુમાન ચાલીસા પઠન, મહાઆરતી, મહાપ્રસાદ, હોમ-હવન આદિના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આજે સાંજે ભુજના સૌથી પૌરાણિક પડદાભીટ્ટ હનુમાન મંદિરે પરંપરાગત મેળો ભરાશે.

સંવત ૧૮૬૧ મા સ્વયંભૂ પ્રગટ થયેલ હનુમાનજીની મૂર્તિ શહેરના પડદાભીટ્ટ હનુમાન મંદિર ખાતે આવેલી છે. આ મંદિર પર દર વર્ષની પરંપરા અનુસાર આજે હનુમાન જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. વહેલી પરોઢે આરતી સાથે ઉજવણીનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ સુંદરકાંડના પાઠ, સત્યનારાયણની કથા, પૂજા-પાઠ, રૂદ્રી, હનુમાન ચાલીના પઠન, વસ્ત્ર પરિધાન, સિંદૂર અને શણગાર, નૈવેદ્ય, પંજુરી પ્રસાદવિધિ સહિતના કાર્યક્રમ યોજાયા હતા. પૂજારી કનકપુરી જગદીશપુરીએ જણાવ્યું કે, સાંજે ૪થી રાત્રે ૧૧ સુધી મેળો પણ ભરાશે.

ભુજના પાંચ સૈકા જુના રાજાશાહી વખતના સંકટ મોચન હનુમાન મંદિરે હોમ-હવન અને સુંદરકાંડના પાઠ કરાયા હતા. ભુજના હમીરસર તળાવ સમીપે આવેલા સંકટ મોચન હનુમાન મંદિરે ખુબ મોટી સંખ્યામાં હનુમાનજી દાદાના દર્શનાર્થે ભાવિકો ઉમટ્યા હતા.

ભુજમાં મહેરઅલી ચોક સમીપે પંચમુખા હનુમાન મંદિર ખાતે મંદિરનો વર્ષનો સૌથી મોટો ઉત્સવ ભક્તિભાવ સાથે ઉજવાયો હતો. કાયસ્થ જ્ઞાતિ મંદિર ટ્રસ્ટ સંચાલિત આ મંદિર વર્ષો જુનું મંદિર છે. પંચમુખા હનુમાનજીના નામ પરથી શેરીનું નામ પણ પંચમુખા હનુમાન શેરી રાખવામાં આવ્યું છે. બપોરે ૧૨ કલાકે હનુમાન જન્મોત્સવ ઉજવાયો હતો. જ્યારે રાત્રે સંગીતમય મહાઆરીતનું આયોજન કરાયું છે. ભુજના ભીડગેટ નજીક આવેલા દાંડીવાળા હનુમાન મંદિરે વિવિધ કાર્યક્રમો સાથે હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. દાંડીવાળા હનુમાન કચ્છમાં સૌથી મોટા હનુમાન તરીકે ઓળખાય છે. મંદિરની ૨૩મી પેઢીએ પૂજા કરતા મહેન્દ્રગીરી ગોસ્વામીએ જણાવ્યું હતું કે, વર્ષો પહેલાં આ મંદિર પર દીવાદાંડી થતી તેથી મંદિરનું નામ દાંડીવાળા હનુમાન પડ્યું છે. ઝવેરગર ચંચળગર, મનુભાઈ દરજી, નરેશભાઈ ગોવિંદરજી પરમાર, વિનોદ દરજી, કૈલાશભાઈ, હાર્દિક તન્ના, રાજુ સલાટ, હિરેન ગણાત્રા, શીતલ દરજી, આનંદ ઠક્કર વગેરે મંદિરે સેવા કરી રહ્યા છે. ભુજ શહેરમાં આવેલા તમામ હનુમાન મંદિરો ખાતે આજે હનુમાન જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા છે. બહોળી સંખ્યામાં હનુમાનભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

બાલાજી હનુમાન મંદિર-માધાપર

ભુજની બાજુમાં આવેલું માધાપર ગામે યક્ષ મંદિરની બાજુમાં આવેલું બાલાજી હનુમાન મંદિરે હનુમાન જયંતિ નિમિતે સવારથી લોકોની ભીડ જોવા મળી હતી. સવારના આરતી ત્યારબાદ પરિવર્તન ફાઉન્ડેશનના કાર્યકરો, પ્રમુખ મયુર ગોહિલના માર્ગદર્શન હેઠળ રંગોળી કરવામાં આવી હતી. ત્યારબાદ મંદિર પરિસરમાં આવેલી ગૌશાળામાં બાજુમાં ૪૦ ફૂટ ઉંચો ટાવર દાતાઓના સહયોગથી લગાડવામાં આવ્યો છે. આ ટાવર લગાડવાનો ઉદેશ એક જ છે કે સવાર-સાંજ મંદિરમાં આરતી થાય ત્યારે સમગ્ર માધાપરવાસીઓને ધ્વનિ માધ્યમથી આરતીમાં સામેલ થાય. આ ટાવર સંભવિત માધાપર ગામે પ્રથમ છે. આજરોજ વિવિધ કાર્યક્રમમાં બપોરે મહાપ્રસાદ સાંજે આરતી રાખવામાં આવી છે તેવું મંદિરના મહંત રામદાસજી બાપુએ જણાવ્યું હતું.

સંત સ્મૃતિ મહોત્સવમાં હનુમાનજીને અભિષેક કરાયો



ભુજ : અહીંના નૂતન સ્વામિનારાયણ મંદિર ખાતે ચાલી રહેલા સંત સ્મૃતિ મહોત્સવ અને સમૂહ ભાગવત સપ્તાહ પારાયણ દરમિયાન આજે હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. કથા દરમિયાન સવારના સત્રમાં હનુમાનજીનો અભિષેક, પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. હનુમાન દાદાને અન્નકૂટ પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. કચ્છભરમાંથી મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

કળિયુગના કપરાકાળમાં હનુમાનજીની ભક્તિ શ્રેષ્ઠ

સાંજે ૫ વાગ્યે દશાંશ હોમાત્મક યજ્ઞનો પ્રારંભ થશે

અંજાર : અહીં આવેલા જેડેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં આયોજિત અને ૧૪ મા વર્ષમાં પ્રવેશેલી અખંડ હનુમાન ચાલીસાનો મારુતીનંદન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજે પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે સંતો-મહંતો સામાજીક ક્ષેત્રના આગેવાનોના હસ્તે દિપપ્રાગટ્ય કરવામાં આવ્યો હતો.

સમગ્ર વિશ્વમાં શાંતિ બની રહે અને જીવ માત્રના કલ્યાણ અને પર્યાવરણમાં શુદ્ધી લાવવા માટે મારુતિનંદન ચે.ટ્રસ્ટ દ્વારા હનુમાન જયંતીના દિવસે ૧૪ મા વર્ષમાં પ્રવેશેલી અખંડ હનુમાન ચાલીસાના પાઠ સાથે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આશીર્વચન પાઠવતા સચ્ચિદાનંદ મંદિરના ત્રિકમદાસજી મહારાજે ટ્રસ્ટ દ્વારા કરાતા સામાજિક, સેવાકીય, ધાર્મિક, તબીબી ક્ષેત્ર કરાતી કમગીરીની સરહાના કરતા જણાવ્યું કે, હાલમાં કલયુગ ચાલી રહ્યો છે. હનુમાનજી ચિરંજીવ છે તેમની ભક્તિ કરવી શ્રેષ્ઠ છે. હનુમાનજીનું જીવન જ્ઞાન, ભક્તિ અને ત્યાંગ તેમાંથી મનુષ્યએ પ્રેરણા લેવા જેવી છે. મારુતિનંદન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વસંતભાઈ કોડરાણીએ જણાવ્યું હતું કે, ટ્રસ્ટ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. અહીં દર શનિવારે અલગ અલગ વિસ્તારોમાં હનુમાન ચાલીસાના પાઠ, સત્સંગ, ધાર્મિક કાર્યો સાથે શિક્ષણ કાર્ય કરવામાં આવે છે.

અંજારના રામસખી મંદિરના મહંત કીર્તિદાસજી મહારાજે સંસ્થાની સેવાકિય પ્રવૃત્તિની સરાહના કરતા જણાવ્યું કે, કોરોનાના કપરા સમયમાં આ ટ્રસ્ટે ખુબ સારી કામગીરી કરી છે. હનુમાનજીના જીવન ઉપરથી દરેક મનુષ્યએ પ્રેરણા લેવી જોઈએ. હનુમાનજીએ ત્યાગ અને સેવાના કાર્યો કર્યા છે તેના ઉપરથી બોધ પાઠ આજના જમાનામાં લેવાથી કોઈ સમસ્યા આવશે નહીં.

સ્વામિનારાયણ મંદિરના શોનકમુનિએ આશીર્ચવન પાઠવતા જણાવ્યું કે, હોમાત્મક યજ્ઞ જેવી પ્રવૃત્તિ કરવી ખુબ જરૂરી છે. માતૃ સ્પર્શ હોસ્પિટલના એમ.ડી. આકાશ કોડરાણી દ્વારા પધારેલા સંતો-મહંતોનું સ્વાગત કરી કહ્યું હતું કે, અંજાર શહેરમાં શિક્ષણ અને મેડિકલ સેવા વધારવામાંઆવે તેવો આશાવાદ વ્યક્ત કર્યું હતું અને હનુમાન ચાલીસાના અખંડ પાઠ તા.૨૩/૪ના મંગળવારે સાંજે ૫ વાગ્યા સુધી ચાલુ રહેશે ત્યારબાદ દશાંશ હોમાત્મક યજ્ઞનો પ્રારંભ થશે તેવું ટ્રસ્ટના ટ્રસ્ટી જેરામભાઈ રાવલીયાએ કહ્યું હતું.

આ વેળાએ અંજાર સુધરાઈ પ્રમુખ વૈભવભાઈ કોડરાણી, ગોવિંદભાઈ કોઠારી, રામજીભાઈ ધેડા, શહેર ભાજપના પ્રમુખ ડેનીભાઈ શાહ, ગાંધીધામ શહેર ભાજપ પ્રમુખ પંકજભાઈ ઠક્ક, ગાંધીધામ તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ગુજરીયા, મનન ઠક્કર, પવન ઠક્કર, દિવ્ય કોડરાણી, પાર્થભાઈ સોરઠીયા, નિલેશભાઈ ગોસ્વામી, ત્રંબકપુરી ગોસ્વામી, ઈશ્વરપુરી, જગદીશભાઈ પટેલ, બલરામ જેઠવા, સંજયભાઈ દાવડા, તેજસ મહેતા અને વિકાસ પૂજરા વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા. મંદિરના પૂજારી રમણિકગર માધવગર ગોસ્વામીએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન વિનોદભાઈ ખોડીયારે કર્યું હતું.

રાપર સહિત વાગડ વિસ્તારમાં હનુમાન જન્મજયંતીની ઉજવણી કરાઈ

રાપર : ચૈત્ર સુદ પૂનમ એટલે રામ ભક્ત હનુમાનજી મહારાજનો જન્મદિવસ નિમિત્તે વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપર સહિત સમગ્ર વાગડ વિસ્તારમાં ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી જેમાં રાપરના પૌરાણિક રાપરિયા હનુમાન મંદિરથી ભવ્ય શોભાયાત્રાનુ આયોજન વાગડ રામાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું જે શહેરના મુખ્ય બજાર, દેના બેંક ચોક, માલી ચોક થઈ પરત રાપરિયા હનુમાન મંદિર ખાતે આવેલ જ્યાં બાર વાગે હનુમાનજી જન્મોત્સવ આરતી મહાપ્રસાદ તથા એકસો એક કિલોના લાડુનો હનુમાન દાદાને પ્રસાદ ચઢાવવામાં આવ્યો હતો જેમાં રાપર શહેરના આગેવાનો તથા રામાનંદી સાધુ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મહાપ્રસાદના દાતા સ્વ. સાધુ રણછોડદાસ ખીમદાસ પરીવાર રહ્યો હતો. ઉપરાંત નિલપર રોડ ખાતે આવેલ તત્કાલ હનુમાન મંદિર ખાતે મહાઆરતી, મહામંત્ર, હનુમાન ચાલીસા, આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગેલીવાડી તથા તકિયાવાસ હનુમાન મંદિર ખાતે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત હનુમાનજીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાપર મેઘમેડી હનુમાન મંદિર, રણેશ્વર હનુમાનજી મંદિર સહિત વાગડ વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

કચ્છ લોકસભા

તપાસણી ૨૬ એપ્રિલે હાથ ધરાશે. ત્યારબાદ બીજી તપાસ ૩૦ એપ્રિલે અને ત્રીજી વખતની ચકાસણી ૪ મેના રોજ હાથ ધરાશે. આમ, મતદાનના ત્રણ દિવસ પહેલા કચ્છ લોકસભા બેઠકના ઉમેદવારોના ખર્ચના રજિસ્ટરની ત્રણ વખતની તપાસણી પૂર્ણ કરાશે. ચૂંટણી ખર્ચ માટે નિમાયેલા નિરીક્ષકો ખર્ચના રજિસ્ટરોની તપાસણી કરશે. ચૂંટણી માટે ઉમેદવારોને નક્કી કરેલી મર્યાદામાં જ ખર્ચ કરવાનો હોવાથી તેમણે ખર્ચનું રજિસ્ટર નિભાવવાનું હોય છે. જો ઉમેદવાર નિયમ અનુસાર ખર્ચ રજિસ્ટરની તપાસ ન કરાવે અને પોતાના ખર્ચની વિગતો રજૂ ન કરે તો તેની સામે ડિસ્ક્વોલિફાય સુધીના પગલાં પણ લેવાઈ શકે છે.

બોર્ડ પરીક્ષાના

ધ્યાને આવેલા સામૂહિક કોપી કેસના નિકાલ માટે પરીક્ષા સમિતિની બેઠકમાં હિયરીંગ કરી નિર્ણય લેવામાં આવતા હોય છે. શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા સમિતિ બોલાવી ગુણદોષના આધારે નિર્ણય કરવા માટે ચૂંટણી આચાર સંહિતાને કારણે શિક્ષણ બોર્ડે ૧૦ દિવસ પહેલા ચૂંટણી પંચને મંજૂરી માટે દરખાસ્ત કરી છે, જેનો કોઈ પ્રત્યુત્તર શિક્ષણ બોર્ડને નહીં મળવાને કારણે પરીક્ષા ગેરરીતિનો મામલો અટક્યો છે. ઉલ્લેખનીય છે કે, દર વખતે અમુક વિદ્યાર્થીઓ નિર્દોષ છૂટતા હોય છે. તેનું પરિણામ જાહેર કરવામાં આવતું હોય છે. આવા નિર્દોષ વિદ્યાર્થીઓની કારકીર્દિનો પ્રશ્ન ઊભો થયો છે. આ વખતે પરીક્ષા સમિતિ ચૂંટણી આચાર સંહિતાને કારણે મળી શકી ન હોય આ મામલો ગુંચવાયો છે. શિક્ષણ બોર્ડની પરીક્ષા વખતે કચ્છમાં પ્રથમ દિવસે જ એક કોપી કેસ સામે આવ્યો હતો. આ ઉપરાંત રાજ્યમાં ૪૨ જેટલા વિદ્યાર્થીઓ કોપી કરતા પકડાતા તેમની સામે કોપી કેસ કરાયો હતો. ત્યારબાદ સીસીટીવી ફૂટેજની ચકાસણી દરમિયાન ૪૧૦ કોપી કેસ નોંધાયા હતા.

કચ્છ જિલ્લા મજદૂર સંઘ દ્વારા અલ્ટ્રાટેક સામે ધરણા પ્રદર્શન કરાયું

ભુજ : અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા ભારતીય મજદૂર સંઘ સંલગ્ન સેવાગ્રામ સિમેન્ટ કર્મચારી સંઘના હોદ્દેદાર દીપક પરમારને કંપની દ્વારા રાગદ્વેશ રાખી તેમની રત્નાગીરી ખાતે બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત પ્લાન્ટની અંદર ઔદ્યોગિક કેન્ટીનની સુવિધા સબસીડી દરે આપવા, એસ. આર.એ. એલાઉન્ટસમાં વધારો કરવા, ડસ્ટ એલાઉન્સ અને હીટ એલાઉન્સ ચાલુ કરવા, વેજ બોર્ડના શ્રમીકોને નિવૃત્તિ સમયે તેમના ઘરસામાનને વતન ખાતે લઈ જવાની સુવિધા આપવા, શ્રમીકોને મેડિક્લેમ ઈન્સ્યોરન્સનો લાભ આપવા સહિતના પ્રશ્ને કચ્છ જિલ્લા મજદૂર સંઘ દ્વારા એક દિવસીય પ્રતિકાત્મક ધરણા કરવામાં આવ્યા હતા.

અલ્ટ્રાટેક કંપનીના ગેટ સામે ધરણામાં સંઘના પ્રદેશ અધ્યક્ષ જે.ડી. મજુમદાર, મહામંત્રી ગિરીશભાઈ પટેલ, ઉદ્યોગ પ્રભારી શૈલેષભાઈ જોષી, ઉપાધ્યક્ષ સહદેવસિંહ જાડેજા, સિમેન્ટ ઉદ્યોગના રાષ્ટ્રીય અધ્યક્ષ સુરેશભાઈ સંઘાર સહિત કચ્છ જિલ્લા ભારતીય મજદૂર સંઘના હોદ્દેદારો, સંઘ સંલગ્ન તમામ ઉદ્યોગના કર્મચારીઓ હાજર રહ્યા હતા તેવું કચ્છ જિલ્લા મંત્રી જિજ્ઞેશગિરિ ગોસ્વામીની યાદીમાં જણાવાયું હતું.

ભચાઉમાં જમ્મુ કાશ્મીરના યુવાને ગળે ફાંસો ખાધો

ભચાઉ : શહેરના ગોલ્ડન હોટલના પાર્કિંગમાં જમ્મુ કાશ્મીરના યુવાને ફાંસો ખાઈ લીધોલ હતો. આ અંગે ભચાઉ પોલીસમાં કુરજીતસિંગ કાલીસીંગ સરદારે જણાવ્યું હતું કે, ભચાઉની ગોલ્ડન હોટલના પાર્કિંગમાં સનદેસકુમાર જગનાથ (ઉ.વ. ૪૧)એ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લીધો હતો. જેની લાશને સરકારી હોસ્પિટલ ભચાઉ લઈ જવાતાં ત્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

ગાંધીધામમાં ૧૬ વર્ષિય યુવતીનું અપહરણ

ગાંધીધામ : શહેરના ગણેશનગર પાસે રાજસ્થાનના પરિવારની ૧૬ વર્ષિય દિકરીનું કોઈ અજાણ્યા ઈસમે લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદથી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી જતાં ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશન ગુનો નોધાવ્યો હતો.

વિશ્વાસઘાતના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીધામ : શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ વિશ્વાસઘાત ઠગાઈના ગુનામાં ચાર મહિનાથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપી સિધિક નૂરમામદ માંજોઠી (ઉ.વ. ૪૨) (રહે ભુજના ત્રાયા)એ ફરિયાદીના કબ્જાના ગોડાઉનમાંથી નિર્ધારીત જગ્યાએ માલ નહીં પહોંચાડી અન્ય જગ્યાએ રૂપિયા ૧૫,૫૨,૮૨૪નો માલ ખાલી કરીને કંપની સાથે વિશ્વાસઘાત કર્યો હતો. માલ ખરીદનાર તરીકે સંડોવણી ખુલતા આરોપી છેલ્લા ચાર મહિનાથી નાસતો ફરતો હતો. હ્યુમન સોર્સના માધ્યમથી તેમજ બાતમીનાઆધારે પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો.

ગાંધીધામની મારામારીના કેસનો આરોપી પકડાયો

ગાંધીધામ : શરીર સબંધી ગુનામાં ૮ મહિનાથી નાસતો ફરતો આરોપીને ઝડપી પાડ્યો હતો. ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૮ મહિના અગાઉ ગાંધીધામ ભાનુદર્શન એપાર્ટમેન્ટમાં થયેલ મારામારીના કેસમાં ધરપકડથી બચવા નાસતા ફરતા આરોપી રાજેશ ધોગે કામી (ઉ.વ. ૨૪) (રહે ભાવેશ્વરનગર, ભુજ મૂળ નરરિનાત, જિ. કાલીકોટ, નેપાળ)ને પેટ્રોલિંગ દરમ્યાન હ્યુમન સોર્સના માધ્યમથી બાતમીના આધારે ધરપકડ કરી હતી.

જય હનુમાન... જ્ઞાન ગુણસાગર...

ગાંધીધામ સંકૂલમાં હનુમાન જયંતીની ભક્તિભાવભેર ઉજવણી

ગાંધીધામ સંકૂલમાં વિવિધ હનુમાન મંદિરો ખાતે સંગીતમય આરતી, હોમ-હવન, સુંદરકાંડ પાઠ, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોનું આયોજન : બજરંગબલીના ભક્તોએ વહેલી સવારથી મંદિરો પર લગાવી કતાર

ગાંધીધામ : પવનપુત્ર મારુતિનંદન હનુમાનજી મહારાજની જન્મજયંતી આજે ગાંધીધામ સંકુલમાં ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહી છે. સંકૂલમાં આવેલા વિવિધ હનુમાન દાદાના મંદિરો ખાતે સંગીતમય આરતી, હોમ-હવન, સુંદરકાંડના પાઠ, મહાપ્રસાદ, કિર્તન જેવા કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આજે વહેલી સવારથી જ ગાંધીધામ, આદિપુર, અંતરજાળ સહિતના વિસ્તારોમાં આવેલા હનુમાન મંદિરો ખાતે ભાવિક ભક્તોની કતારો જોવા મળી હતી. ભક્તોએ બજંરબલીને આકડાની માળા, સિંદુર, નાળીયેર પ્રસાદ, તેલ અર્પણ કરી પૂજન કર્યું હતું. મંદિરો સુંદરકાંડના પાઠ, હનુમાન ચાલીસાના અખંડ પાઠ, કિર્તન વગેરેથી ગાજી ઉઠ્યા હતા.

ગાંધીધામના ઓસ્લો અંબાજી મંદિ ખાતે હનુમાન જન્મોત્સવ નિમિત્તે સવારે સુંદરકાંડના પાઠ, હનુમાન ચાલીસા અને મહાઆરતીના કાર્યક્રમ યોજાયા હતા. બપોરે મહાપ્રસાદનો લાભ મોટી સંખ્યામાં ઉમટેલા હનુમાનભક્તોએ લીધો હતો. જીઆઈડીસી ઓસ્લો સ્થિત નારી ચણીયા હનુમાન મંદિર ખાતે બહોળી સંખ્યામાં હનુમાન દાદાના ભક્તો ઉમટ્યા હતા. નારી ચણીયા હનુમાન મંદિર ખાતે મહાઆરતી, હનુમાન ચાલીસાના પાઠ સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આદિપુરના પંચમુખી હનુમાન મંદિર ખાતે ભક્તોએ પવનપુત્રને સિંદુર, માળા, પ્રસાદ અને તેલ અર્પણ કરી દર્શનનો લાભ લીધો હતો. આદિપુરના સુપ્રસિદ્ધ પંચમુખી હનુમાન મંદિર ખાતે પણ હનુમાન જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

અંતરજાળના પાતળિયા હનુમાન મંદિરે આરતી, હવન, પ્રસાદ, શોભાયાત્રા સાથે હનુમાન જન્મોત્સવ ઉજવાયો હતો. આજે રાત્રે સંગીતમય ભવ્ય મહાઆરતીનું પણ આયોજન કરાયું છે. તેવું મંદિરના પૂજારીએ જણાવ્યું હતું. મુન્દ્રા સર્કલ ખાતે આવેલા રામદાસ હનુમાન મંદિર, ડીસી-૫ મા આવેલા જયવીર હનુમાન મંદિર ખાતે વહેલી સવારથી હનુમાન ભક્તો ઉમટ્યા હતા. દાદાને તેલ-સિંદૂર અને માળા અર્પણ કરી દર્શનનો લાભ લીધો હતો. રામદૂત હનુમાનજી મહારાજનો જન્મોત્સવ ગાંધીધામ સંકુલમાં આવેલા મંદિરો ખાતે ભક્તિભાવ સાથે ઉજવાયો હતો.

અવસાન નોંધ

તુણા (તા. અંજાર) : આદમ મામદ કાતિયાર (ઉ.વ. ૭૨) તે ઈસ્માઈલ મામદના ભાઈ, કાસમ, સલીમ, અભુ મોલાના પિતા, હાજી અબ્દુલ રહીમના સસરા, અકબર આમદ કાતિયારના બનેવી તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૨૪-૪ના સવારે ૯થી ૧૦ નિવાસસ્થાન તુણા ખાતે.

ભુજ : ચંદુલાલ વેલજીભાઈ ઠક્કર (ઉ.વ. ૮૨) તે સ્વ. સાકરબેન વેલજીભાઈના પુત્ર, ગં.સ્વ. ધર્મિષ્ઠાબેન (પૂર્વ કારોબારી અધ્યક્ષ ભુજ નગરપાલિકા)ના પતિ, પ્રશાંત, લ્યુનાના પિતા, બીનાબેન, દીપકકુમારના સસરા, મહાવીર, દીષ્નિના દાદા, જયના નાના, સ્વ. માધવજી (બાબુભાઈ), સ્વ. છોટુભાઈ, સ્વ. હરિભાઈ, સ્વ. પ્રવીણભાઈ, રમેશભાઈ, સ્વ. નર્મદાબેન શંકરલાલ પવાણી, સ્વ. માયાબેન મંગલજી (ફરસાણી દુનિયા), સ્વ. લીલાવંતીબેન લક્ષ્મીદાસ ગણાત્રાના ભાઈ, સ્વ. વિજયાબેન ચત્રભુજ ઠક્કર (બાબુ બિટર)ના જમાઈ, રંજનબેન, વસંતબેન, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. પ્રદીપભાઈ, સરયુબેનના બનેવી તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૪ના મંગળવારે સાંજે ૪થી ૬ ભાનુકાંત લાલજી પલણ સભામંડળ હોલ (એ.સી. હોલ), કતિરા પાર્ટી પ્લોટ, વી. ડી. હાઈસ્કૂલ પાસે, ભુજ ખાતે.

ભુજ : મૂળ નાગોરના ગોવિંદભાઈ ડાયાભાઈ ચોટારા (ઉ.વ. ૪૭) તે સ્વ. ડાયાભાઈ કાનજીભાઈ અને લીલબાઈના પુત્ર, દિનેશભાઈ, સ્વ. કાન્તિભાઈના ભાઈ, ધરતી, રાજદીપના પિતા, જયદીપ, રોહિત, મનીષના કાકા, કુનાલ, પ્રિયાંશના દાદા તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૪ના સવારે ૧૦થી ૧૧ ઔદિચ્ય બ્રહ્મસમાજવાડી, શિવકૃપા નગર, કોલેજ રોડ, ભુજ ખાતે.

ભુજ : મૂળ કુરબઈના લુહાર હાજી સુલેમાન આમદ (ઉ.વ. ૬૯) તે મ. આમદ ફકીરમમાદ (કુરબઈવાળા)ના પુત્ર, મામદ હુશેન, મોહમદ સિધિકના પિતા, ઈબ્રાહીમ આમદના મોટા ભાઈ, અહેમદ, આશિફના દાદા, લુહાર મોહમદ નિશાર, લુહાર ગફુરના સસરા, લુહાર મ. અબ્દુલા અયુબ (તુંબડી)ના જમાઈ, લુહાર અલીમામદ, ઈસ્માઈલ, ઈશાકના બનેવી તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૨૪-૪ના બુધવારે સવારે ૧૦થી ૧૧ ચાકી જમાતખાના, મહેંદી કોલોની, ભુજ ખાતે.

કેરા (તા. ભુજ) : સુરેશ શિવજી પવાણી (ઉ.વ. ૫૩) તે સ્વ. શિવજી ઠાકરશીના પુત્ર, સ્વ. ગાવિંદ ઠાકરશી, સ્વ. પ્રેમજી ઠાકરશીના ભત્રીજા, સ્વ. ભચીબેન ધારસી આથા (દેશલપર ગુંતલી)ના દોહિત્ર, સાંકરુબેન કાળુભાઈ (સેલવાસવાળા)ના જમાઈ, ભારતીબેનના પતિ, રાકેશ, પૃથ્વી, કિશનના પિતા, કીર્તિભાઈ (દહીંસરા), મહેશભાઈ (કેરા), ઉષાબેન મહેશભાઈ રૂપારેલ (વર્માનગર), કલ્પનાબેન પ્રદીપભાઈ સોતા (રામપર-વેકરા), ભાવિનીબેન મનોજભાઈ રૂપારેલ (આદિપુર), હેતલબેન અમૂલભાઈ સોમેશ્વર (સુરજપર)ના ભાઈ, વિશાલ, મયંક, ડોલીના કાકા, ઓમ, આસ્થાના મોટાબાપા તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૪ના સાંજે ૪થી ૫ લોહાણા મહાજનવાડી, કેરા ખાતે.

કુકમા (તા. ભુજ) : ઠક્કર રમેશચંદ્ર મોહનલાલ (ઉ.વ. ૬૯) તે ગં.સ્વ. મણિબેન મોહનલાલ ઠાકરશીના મોટા પુત્ર, સ્વ. નાનબાઈ, સ્વ. પ્રેમાબાઈના પૌત્ર, સાવિત્રીબેનના પતિ, અશોકકુમાર, મંજુલાબેન રમણીકલાલ, ઉષાબેન કાંતિલાલના મોટાભાઈ, હંસાબેન અશોકકુમારના જેઠ, વિપુલ, નીતા, કુંતલ, પૂજાના પિતા, મિલન, પ્રતીકના મોટાબાપા, જુલીબેન, મયૂરભાઈ, હેમલભાઈ શાલિનભાઈના સસરા, પ્રીતિબેન, મિત્તલબેનના મોટા સસરા, જય, સિયાના દાદા, દેવવ્રત, આહુતિ, રુચાના મોટા દાદા, જિગર, નીરજ, ડેનિશ, ખુશ્બૂ, જાનકીના મોટા મામા, પૂજા, અર્ચા, મનન, પ્રિશના નાના, ચત્રભુજ ત્રિકમજી ગણાત્રા (લુડવા - ગઢશીશા)ના દોહિત્ર, કમળાબેન લાલજી ગોવિંદજી ચંદન (જડોદર)ના મોટા જમાઈ, લહેરીભાઈ, ભરતભાઈ, પ્રકાશભાઈ, સ્વ. સુભાષભાઈ, સ્વ. અનસૂયાબેન, માયાબેનના મોટા બનેવી તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૪ના મંગળવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ ક.ગુ.ક્ષ. સમાજવાડી, કુકમા ખાતે.

મુંદરા : ગિરિનારાયણ બ્રાહ્મણ ગં.સ્વ. પુષ્પાબેન (ઉ.વ. ૭૭) તે સ્વ. સુરેશ જેઠાલાલ વ્યાસના પત્ની, સ્વ. જનકગૌરી નિર્ભયશંકર ઠાકરના પુત્રી, રચના સંજય રાવલ (અમેરિકા), નિધિ માનસ વ્યાસ (મુંબઈ)ના માતા, સ્વ. શુભદ્રાબેન શશિકાંત ભટ્ટ (મુંદરા), દક્ષા શશિકાંત ભટ્ટ (જામનગર)ના ભાભી, સ્વ. બલવંત ઠાકર, અશ્વિન ઠાકર, અલ્પાબેન અનિલભાઈ જાનીના બહેન તા. ૧૭-૪ના કાંદીવલી (મુંબઈ) મધ્યે અવસાન પામ્યા છે. (લૌકિક વ્યવહાર બંધ છે.) સંપર્ક : શ્રીકાંત વ્યાસ (મુંદરા) : ૯૪૨૮૦ ૮૦૬૨૧, ભાવના મનોજ વ્યાસ (ભુજ) ૭૬૦૦૭ ૮૬૩૫૧.

રતડિયા મોટા (તા. માંડવી) : ભાનુશાલી સુરેન્દ્રભાઈ (બાબુભાઈ) શિવજીભાઈ ગોવિંદજીભાઈ ગોરી (ઉ.વ. ૮૨) તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૪ના સાંજે ૪થી ૫ નિવાસસ્થાન રતડિયા મોટા ખાતે.

પિયાવા-મસ્કા (તા. માંડવી) : મેઘજી મૂરજીભાઈ હાલાઈ (ઉ.વ. ૫૨) તે અમરતબેનના પતિ, સ્વ. રાધાબાઈ મૂરજીભાઈ માધવજીના પુત્ર, દેવેશ, ચાંદની, માનસીના પિતા, વેલજીભાઈ, જીણાભાઈ, સ્વ. લાલજીભાઈ, માવજીભાઈ, ભીમજીભાઈ, કાનજીભાઈ, ગં.સ્વ. અમરતબેન, વિરબાઈના ભાઈ, જશુબેન નારાણભાઈ કારા (રામપર-વેકરા)ના જમાઈ તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા (બેસણું) તા. ૨૪-૪ના સવારે ૭.૩૦થી ૮.૩૦ નિવાસસ્થાન પિયાવા-મસ્કા વાડી વિસ્તાર ખાતે.

ગુંદિયાળી-શેખાઈ બાગ (તા. માંડવી) : અમૃતબેન (બચુબાઈ) (ઉ.વ. ૧૦૦) તે સ્વ. કાનજી જીવરામ વ્યાસના પત્ની, સ્વ. વેલજી ગોવિંદજી જાંજાણીના પુત્રી, સ્વ. દયારામ, કરશન લાલજીના બહેન, સ્વ. શંકરજી, સ્વ. અજરામલ, સ્વ. પદમશીના નાના ભાઈના પત્ની, સ્વ. રામબાઈ મૂરજી (ભુજ), સ્વ. વેજબાઈ સામજી અજાણીના ભાભી, જેન્તીલાલ, સ્વ. નવીન, ચૂનીલાલ, સ્વ. વસંતલાલ, વિનોદ, પુષ્પાબેન ઉમિયાશંકર મોતા (બાગ), દમયંતીબેન રામજી મોતા (બાગ)ના માતા, રાધાબેન, ગોદાવરીબેન, સ્વ. કમળાબેન, મંજુલાબેનના સાસુ, હસમુખ, નીતિન, કૌશિક, વિપુલ, જયોતેશ, હરેશના દાદી તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. માવિત્ર અને સાસરા પક્ષની સાદડી તા. ૨૩-૪ના મંગળવારે બપોરે ૩થી ૫ શેખાઈબાગ રાજગોર સમાજવાડી ખાતે.

અંજારમાં દાદા હાટકેશ્વરના પ્રાગટયોત્સવની ધામધુમથી ઉજવણી

ગાંધીધામ : અંજાર વડનગરા નાગર જ્ઞાતિ સમાજ દ્વારા ચૈત્ર સુદ ચતુર્દશીના દિને ઈષ્ટ દેવ દાદા હાટકેશ્વર નો પ્રાગટયોત્સવ ની ભાવપૂર્વક ઉજવણી શહેર ના ખત્રી ચોક પાસે આવેલ હાટકેશ્વર મહાદેવ મંદિરે આજરોજ કરવા મા આવેલ.

પાટોત્સવ નિમિતે શ્રી હાટકેશ્વર મહાદેવ ના મંદિરે વિવિધ કાર્યક્રમ નુ આયોજન કરવા મા આવેલ. સાંજે ૪:૦૦ થી ૬:૩૦ સુધી લઘુર દ્રાભિષેક, ત્યાર બાદ ૭:૦૦ કલાક સુધી સમુહ મા મુહીમનપઠન ના પાઠ સહિત ના ધમકાયક્રમ યોજાયા ત્યાર બાદ વધમાન સોસાયટી મધ્યે આવેલ રઘુવંશી સમાજ વાડી પાસે હાટકેશ હોલ ખાતે સામાન્ય સભા યોજાઈ અને આજ સ્થળે સમાજ દ્વારા સમુહમા મહાપ્રસાદ રાખવા મા આવેલ. આ મહાપ્રસાદ મા મિષ્ટાન શ્રી લક્ષમીપ્રસાદ વોરા પરિવાર તરફથી રાખેવા મા આવેલ આ પાટોત્સવ મા બાળકો ,યુવાન વગ ,સહિત વડીલો સાથે જ્ઞાતિ આગેવાનો સહિત જોડાયા અને મહાપ્રસાદ નો લાભ લીધો હતો .

આદિપુરમા એક દિવસીય વિનામૂલ્ય યોગ શિબિર યોજાઈ

અમયારા પેટ્રોલ પંપના સંચાલકોનો વિશેષ સહયોગ સાપડેલ.

આદિપુર : આદિપુરથી શિણાય જતાં રોડ પર આવેલ નવી નમદા કેનાલની પાળ ઉપર એક દિવસીય વિનામૂલ્ય યોગ શિબિર યોજાઈ,જેમાં પતંજલિ યોગ સમિતિ- કચ્છ દ્વારા શિણાય પાસેની નર્મદા કેનાલ પર જીલ્લા પ્રભારી ભરતભાઈ ઠક્કર,લક્ષ્મણભાઈ ચેતનાની,સુનિલભાઈ હડીયા (અનુપમ મિશન),દાશકીશનજી(ભારત પ્રટ્રોલીયવાળા)દ્વારા સમુહમા યોગ પ્રણાયામ,ધ્યાન,સૂર્ય ત્રાટક કરવામા આવ્યુ, પ્રવિણભાઈ દરજી(ગાંધીધામ), નાયરભાઈ, અનીલભાઈ અખાણી, કાંતિભાઈ ઉમરાણીયા,ગીરધરભાઈ ટાંક, અમૃતભાઈ સોની,, ચંદ્ર કાન્તભાઈ સોનીએ યોગ વર્ષ દરમિયાન વ્યવસ્થા જાળવેલ,ગુજરાત રાજય યોગ બોર્ડના કોચ ભુપેન્દ્રભાઈ સોઢાએ બધાને મતદાન કરવા ખાસ ભલામણ કરેલ,યોગને જીવનના દરરોજના કામમા રોજ એક કલાક યોગ કરવાનો સંકલ્પ નયનાબેન દાસજી, આશાબેન ખંડેલવાલ,વિષ્ણુભાઈ ચેતનાનીએ લીધેલ,આ કાર્યક્રમને સફળ બનાવવા નયનબેન ઝાલા,જયશ્રીબેન સિંધી,મીનાબેન ખત્રી,માયાબેન જુરાણી, અમૃતભાઈ ટાંકએ ભારે જહેમત ઉઠાવેલ. યોગ શિક્ષક જયાબેન થાવાણીએ જણાવેલ કે પતંજલિ યોગ સમિતિ - કચ્છ દ્વારા પૂરા કચ્છમા વર્ષો થી વિનામુલ્ય યોગ વર્ગો ચાલે છે, શિણાય મધ્યે આવેલ ભારત પ્રટ્રોલીમ

લખપત તાલુકાના મીંઢીયારે ગામે વોટરશેડના કામમાં ગેરરીતિ

દયાપર : લખપત તાલુકાના મીંઢીયારે ગામે વોટરશેડના કામમાં વ્યાપક ગેરરીતિ થઈ હોવાની ફરિયાદ તાલુકા પંચાયતના સદસ્ય જીજાબાઈ આમદ જતે કરી છે. જિલ્લા જળસ્રાવ વિકાસ એકમને આપેલી અરજીમાં તેમણે જણાવ્યું હતું કે, ગામમાં વોટરશેડની કામગીરી લાંબા સમયથી બંધ હતી તે ફરી શરૂ કરવામાં આવેલ છે. એક જ જગ્યાના અલગ અલગ એંગલથી ફોટા બનાવી શરૂ કરવામાં આવેલ કામો તાત્કાલિક બંધ કરવા માંગ કરી હતી. જો કામો બંધ કરવામાં ન આવે તો સ્થાનિક ખેડૂતો અને વોટરશેડ સમિતિ વચ્ચે ઘર્ષણ થવાની સંભાવના છે. જેથી કામ બાબતે યોગ્ય ખુલાસો ન થાય ત્યાં સુધી કામગીરી બંધ રાખવા રજુઆત કરી હતી. વોટરશેડની સમિતિમાં પાનપ્રોના માણસોને પણ લેવામાં આવ્યા છે. ફકત બે એકર જમીન વેંચાણ લેનારનો સમિતિમાં સમાવેશ કરાયો છે. જયારે મીંઢીયારી ગામના સ્થાનિક ખેડૂતોને સમિતિમાં લેવામાં આવ્યા નથી. હાલે જે રીતે કામ કરવામાં આવે છે તે સ્થળ મીંઢીયારી સીમાડાથી બહાર સાનપ્રો સુભાષપરનો સીમાડો છે. માત્ર બીલો બનાવવા માટે કામ બતાવવામાં આવી રહ્યું છે. આ સમિતિ દ્વારા થતા કામોની વીજીલન્સ ટીમ દ્વારા તપાસ કરાવવા અને તપાસ ન થાય ત્યાં સુધી તાત્કાલિક અસરથી કામ બંધ કરાવવા માંગ કરી હતી.

સુડોકુ

6			9		4			1
		2	6		3	7		
		4		1		3		
	9						4	
4			8		1			6
	3						2	
		7		2		8		
		8	3		5	4		
5			4		7			2

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

ગઈકાલનો ઉકેલ

4	9	7	1	5	8	6	2	3
2	5	3	4	6	7	9	8	1
8	6	1	9	2	3	7	4	5
7	3	8	5	9	2	1	6	4
5	2	6	8	4	1	3	9	7
1	4	9	7	3	6	2	5	8
9	7	2	3	8	5	4	1	6
6	1	5	2	7	4	8	3	9
3	8	4	6	1	9	5	7	2

કચ્છ કુશળ

શ્રદ્ધા સ્કૂલ એન્ડ કોલેજ - માધાપર

● કોલેજ દ્વારા ૩ થી ૧૨ વર્ષના તમામ બાળકો માટે નિઃશુલ્ક સમર કેમ્પનું આયોજન તા.૨૯/૪ થી ૨/૫ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી, શ્રધ્ધા સ્કૂલ, બાપાદયાળુ નગર, જૂનાવાસ, માધાપર ખાતે. નામ નોંધાવવા ફરજીયાત છે.

વી.ડી. પ્રા. શાળા ભુજ

● શેઠ ડી.એન. ટ્રસ્ટ સંચાલિત (વી.ડી.) પ્રા. શાળા, ભુજ દ્વારા સમર કેમ્પ નું આયોજન વ્યાજબી ફી સાથે તા.૨૪/૪ થી ૨૮/૪ દરમિયાન સવારે ૯ થી ૧૨ કલાક સુધી રાખેલ છે. ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓ (માત્ર છોકરોઓ,) માટે છે. રજિસ્ટ્રેશન સમય બપોરના ૧ થી ૫ સુધી.

રત્નકણિકા

હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમ તે પ્રગટ હોહિ મૈ જાના.- ગોસ્વામી તુલસીદાસજી

પંચાગ

કનકચંદ્ર સી. વ્યાસ

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ સુદ-૧૨ વટસાવિત્રી વ્રતારંભ, પ્રદોષ, ચંપક દ્વાદશી તા.૧ જૂન ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૧૧, ચિત્રા નક્ષત્ર, વરિયાન યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૧

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

આપની આવતી કાલ કેવી જશે...?

કનકચંદ્ર સી. વ્યાસ

મેષ — પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.

વૃષભ — મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થ જીવનમાં ચકમક ઝરે.

મિથુન — ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.

કર્ક — અગત્યના કાર્યોમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.

સિંહ — સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક મહત્વના પ્રશ્નોનો ઉકેલ મળે.

કન્યા — પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.

તુલા — પુરૂષાર્થ વધારવાથી કાર્ય સફળતા મળે. અકારણ ચિંતા રહે.

વૃશ્ચિક — વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.

ધન — પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.

મકર — સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.

કુંભ — આવક કરતા જાવક વિશેષ રહે. મનમાં મુંઝવણ અનુભવાય.

મીન — આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા મળે.

કચ્છની પ્રજાએ નીતેશ લાલણની જીતને પોતાનું લક્ષ્ય બનાવી લીધું છે

કચ્છ લોકસભા કોંગ્રેસના ઉમેદવારનો પ્રચાર અભિયાન બંદરિય માંડવી પંથકમાં પહોંચ્યું

ભુજ : કચ્છ લોકસભા કોંગ્રેસના યુવા ઉમેદવાર નિતેશભાઈ લાલણ (માતંગ)નું પ્રચાર અભિયાન બંદરિય માંડવી પંથકમાં પહોંચ્યું છે. જ્યાં જન-જનનો બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

ઉમેદવાર નીતેશભાઈની સાથે કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુર્વેન્દ્રસિંહ જાડેજા, તાલુકા પ્રમુખ ખેરાજ ગઢવી, રાજેન્દ્રસિંહ જાડેજા, વિપક્ષી નેતા અરવિંદસિંહ જાડેજા, હાજી ભોલુ શેઠની ટીમ દ્વારા બિદડા, મોટા ભાડીયા, ગુંદિયાળી, બાડા, કોડાય, રાયણ મોટી, દુર્ગાપર, મોટા લાયજા બાદ આ પ્રચાર ઝુંબેશ માંડવી મધ્યે જાહેરસભામાં ફેરવાઈ હતી. આ સભાને સંબોધતા નિતેશભાઈએ જણાવ્યું હતું કે, માંડવી બંદર,શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં જેટલો વિકાસ થવો જોઈએ તેટલો થયો નથી. માંડવી વિસ્તાર સાથે ભાજપના સાંસદ તથા ગુજરાત સરકાર દ્વારા સતતઅન્યાય થયેલ છે. ઉપરાંત પ્રજા પાયમાલ છે. મોંઘવારીથી ત્રસ્ત છે. ભાજપનાં નેતાઓએ તમામ ક્ષેત્રે બેફામ ભ્રષ્ટાચાર આચર્યો છે. સરકારની યોજનાઓમાં પણ ભાજપનાં નેતાઓએ પોતાના ઘર ભર્યા છે. પ્રજાને ભાગે તો પારાવાર મુશ્કેલી છે. વધુમાં વધુ અન્યાય નર્મદા યોજના મુદ્દે થયેલ છે. નર્મદા યોજનામાં ભાજપના નેતાઓનો ભ્રષ્ટાચાર જગ જાહેર છે. લગભગ કેનાલો તૂટી ગઈ છે, જેનાથી ખેડૂતોના ખેતરોમાં પાણી પહોંચ્યું નથી, જે હળાહળ અન્યાય છે, જેથી તમામ આગેવાનોએ એકસૂરમાં સત્તા પરિવર્તનની હાકલ કરી હતી. ઉમેદવાર શ્રી લાલણે આક્રોશપૂર્વક જણાવ્યું હતું કે, તમામ મોરચે નિષ્ફળ નિવડેલ સરકારને બદલવાનો સમય પાકી ગયો છે. સમગ્ર કચ્છમાં પરિવર્તનની લહેરે છે તો માંડવીની પ્રજાએ પણ આ પરિવર્તન લાવવા વધુમાં વધુ કોંગ્રેસ તરફી મતદાન કરી સેવાનો એક મોકો આપવા આહ્વાન કર્યું હતું. આ પ્રવાસ બાદ માંડવી મધ્યેની જાહેરસભામાં વક્તાઓએ ભાજપ સરકારને આડેહાથ લેતા જણાવ્યું હતું કે, માંડવી શહેરની સમસ્યાઓ બાબતે ભાજપનાં સત્તાધિશો તદન બેદરકાર રહ્યાં છે. પરંપરાગત જળસ્રોતો, સફાઈ તથા પાણી ગટર જેવી બાબતોમાં સુવિધા ન આપનાર ભાજપનાં સત્તાધિશો કેમ જનસુખાકારીની વાત કરી શકે? ઉપરાંત માંડવીનો વિશ્વ વિખ્યાત જહાજ ઉદ્યોગ પણ મૃતઃપાય થઈ ગયેલ છે, જેથી આ સરકારને સત્તા પર રહેવાનો કોઈ હક્ક જ નથી તેવી આકરી ઝાટકણી માંડવી શહેરના પ્રમુખો પુનિત જોષી, અકબર મંધરા વિગેરેએ કાઢી હતી અને ભાજપ ને સત્તાસ્થાનેથી દૂર કરવાની શરૂઆત લોકસભા ચૂંટણીથી કરવા કોંગ્રેસ તરફી જંગી મતદાન કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રવાસ તથા જાહેરસભા દરમ્યાન આગેવાનો કલ્પના જોષી, જાકુબ મથડા, સવિતા સોલંકી, વલ્લભ વેલાણી, પચાણભાઈ મહેશ્વરી, નાગશી ગઢવી, ભરતસિંહ જાડેજા, ઈસ્માઈલભાઈ (ત્રગડી), રણજીતસિંહ જાડેજા, પન્નાભાઈ રબારી, ઉમરભાઈ ભટ્ટી, યાકુબભાઈ વાઘેર (વાઘેર સમાજ પ્રમુખ), હરજીભાઈ નારોલા, ફાલ્ગુની જોષી, આસીફ સુમરા, અલ્તાફ રેલીયા, લાલજીભાઈ પટેલ વગેરે આગેવાનો કાર્યકરો સાથે બહોળી સંખ્યામાં જોડાયા હતા એવું કચ્છ લોકસભા મીડિયા કો-ઓર્ડિનેટર ગનીભાઈ કુંભાર, ઘનશ્યાસિંહ ભાટી તથા સંકલન વિભાગના ધીરજ ગરવા દ્વારા જણાવાયું હતું.

કોંગ્રેસના ઉમેદવારને રાજપૂત ક્ષત્રિય સમાજની માતા-બહેનોએ "સ્વાભિમાન"ની લડાઈમાં વિજય થવા આપ્યા આશિર્વાદ

ભુજ : કોંગ્રેસ પક્ષના કચ્છ લોકસભાના ઉમેદવાર નિતેશભાઈ માતંગ દ્વારા મુન્દ્રા ક્ષેત્રના પ્રવાસ દરમિયાન મુન્દ્રા શહેર ખાતે અખિલ ગુજરાત રાજય કરણીસેના તથા કચ્છ જિલ્લા કરણી સેનાના નેજા હેઠળ યોજાયેલ સ્વાભિમાન સંમેલનમાં રાજપૂત ક્ષત્રિય સમાજની માતા-બહેનોના આશીર્વાદ મેળવવા પહોંચ્યા હતા અને માતા-બહેનોએ કુમકુમ તિલક કરી અને નિતેશ માતંગને રાખડી બાંધી અને આશીર્વાદ આપ્યા હતા અને રાજપૂત ક્ષત્રિય સમાજની માતા-બહેનોએ સ્વાભિમાનની લડાઈમાં સાથ આપવા વચન આપ્યું હતું. નિતેશ માતંગની જીત એ જ લક્ષ્ય મુજબ રાજપુત મહિલા સ્વાભિમાનની લડાઈમાં સંપૂર્ણ સાથ સહકાર આપવા સંગઠિત થઈ "વિજયી ભવ"ના આશીર્વાદ આપ્યા હતા.

ઉપરાંત કચ્છ જિલ્લાના તમામ સમુદાયને આ સ્વાભિમાનની લડાઈમાં સંપૂર્ણ પણે સાથ આપવા આહવાન કર્યું હતું. સમગ્ર કચ્છ વ્યાપી મહિલા સ્વાભિમાનનું વાતાવરણ પેદા કરવા તથા તમામ કચ્છીજનોને કોંગ્રેસ તરફી મતદાન કરી પરિવર્તન લાવવાની વાત પર ભાર મૂક્યો હતો અને નિતેશભાઈ લાલન માતંગ દ્વારા કચ્છની પ્રજાને કોંગ્રેસ તરફી મતદાન કરી પરિવર્તન લાવવા અનુરોધ કરાર્યો હતો એવું લોકસભા મીડિયા કોર્ડીનેટર અને જિલ્લા પ્રવક્તા ઘનશ્યામસિંહ ભાટી દ્વારા જણાવાયું હતું.

મહેશ્વરી સમાજની આસ્થાના પ્રતિક નલિયા નજીકના ગુડથરવાલા પ.પૂ. મોટા મતિયાદેવના મેળાની તૈયારીઓ પૂરજોશમાં

દર વરસે ૩ લાખથી વધુ ભાવિકો આસ્થા સાથે શિશ નમાવે છે : ગાંધીધામ અંજાર થી માંડવી-નલિયા, ભુજ-નલિયાના માર્ગે આજથી પદયાત્રીઓનો પ્રવાહ શરૂ થતા સેવા કેમ્પો ધમધમી ઉઠશે : તા.૨૬, ૨૭, ૨૮ એપ્રિલ ત્રિ-દિવસિય મેળા માટે વિવિધ ખાણી-પીણીના સ્ટોલ, ચગડોળ સહિતના આકર્ષણો

નલિયા : મહેશ્વરી સમાજની આસ્થાના પ્રતિક એવા નલીયા નજીકના ગુડથરવાલા પ.પુ.મોટા મતિયાદેવના સ્થાનકે વાર્ષિક યાત્રા (મેળા)ની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.આશરે ૩ લાખ જેટલા ભાવિકો દર વરસે આસ્થા સાથે અત્રે શીશ નમાવે છે.

મહેશ્વરી સમાજ માટે તીર્થધામ સમાન નલીયા નજીકના ગુડથર સ્થિત પ.પુ. મોટા મતિયાદેવના સ્થાનકે વાર્ષિક યાત્રા (મેળા)ની શ્રી ગુડથરવાલા મોટા મતિયાદેવ સેવા ટ્રસ્ટ દ્વારા તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.ટ્રસ્ટના પ્રમુખ લક્ષ્મણભાઈ ભરાડીયા, કિશનભાઈ ખનીચા, પ્રકાશભાઈ મારાજ સહિતનાએ તૈયારીઓની માહીતી આપતા જણાવ્યું હતું કે અત્રે દર વરસે આશરે ૩ લાખ જેટલા ભાવીકો આસ્થા સાથે શીશ નમાવે છે.અત્રે આવનાર યાત્રિકોને કોઈ અગવડ ન પડે તે માટે ટ્રસ્ટ દ્વારા વિવિધ સુવિધાઓ કરવામાં આવે છે.ત્રિ-દિવસિય મેળા અંતર્ગત એપ્રિલ તા.૨૬ ના મહાઆરતી, તા.૨૭ ના રાત્રે ધર્મગુરૂઓ દ્વારા બારમતી પંથનું વાંચન, જ્ઞાનકથન સાથે રાત્રી દરમ્યાન મેળો અને તા.૨૮ ના સવારે પેડી પ્રસાદ યોજાશે. મેળા નિમિત્તે સુવ્યવસ્થિત આયોજન મુજબ વિશાળ આયોજન કરાયું છે.સ્ટોલો અને વિવિધ ખાણી-પીણીના સ્ટોલ તથા ચગડોળ તથા વિવિધ મનોરંજનના સ્ટોલ ધંધાર્થીઓને ફાળવવામાં આવ્યા છે.પાણી-પુરવઠા, આરોગ્ય, વીજ તંત્ર, પોલીસ સહિતના તંત્રો દ્વારા દર વરસે આયોજકોને સુંદર સાથ-સહકાર મળે છે જેના થકી મેળાની મોજ ભાવિકો માણી શકે છે.મેળા નિમિત્તે કચ્છના વિવિધ ભાગોમાંથી દર વરસે ૭૦ થી ૮૦ હજાર જેટલા પદયાત્રીઓ દર વરસે પદયાત્રા સાથે અત્રે આવે છે.ગાંધીધામ-અંજારથી વાયા ભુજ અને માંડવી-નલીયા માર્ગે પદયાત્રીઓ માટે સેવાભાવીઓ દ્વારા ગામે-ગામ સેવાકેમ્પો યોજાય છે.આ વરસે અત્યારથી જ ગાંધીધામ-અંજારથી પદયાત્રીઓનો પ્રવાહ શરૂ થઈ ગયો છે.જ્ઞાતિના કલાકારો દ્વારા રાસ-ગરબા સહિતના કાર્યક્રમો પણ યોજાય છે.વિવિધ સમાજોના અગ્રણીઓ અને દાતાઓનું ટ્રસ્ટ દ્વારા સન્માન કરાય છે.મહેશ્વરી સમાજ ધર્મગુરૂ પ.પુ.નારાયણદેવ લાલણે આશીર્વચન આપશે.

પવિત્ર યાત્રાધામ વિકાસ ગ્રાંટ અંતર્ગત અહિં સરકારશ્રી દ્વારા કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે જે અંતર્ગત પ્રથમ તબક્કે થયેલ રૂા.૧ કરોડની ગ્રાંટની ફાળવણી હેઠળ પેવર બ્લોક સહિતના વિકાસ કામો હાલ ચાલુ છે અને તબક્કાવાર હજુ વધુ વિકાસ કામોનું આયોજન કરાયું છે.

ટુ - વ્હીલરના પસંદગીના નંબર મેળવવાં ઓકશન કરાશે

ભુજ : પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ભુજ - કચ્છ દ્વારા ટુ- વ્હીલર (મોટર સાયકલ)ના ગોલ્ડન, સિલ્વર નંબરોની સિરિઝ જીજે ૧૨ એચડીનું ઓકશન શરૂ કરવામાં આવનાર છે. ઓનલાઈન અરજી ૩૦/૪ના સાંજે ૪ કલાકે શરૂ થશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨/૫ના સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનની શરૂઆત તારીખ ૨/૫ના સાંજે ૪ કલાકે થશે અને ઈ-ઓકશન તા.૪/૫ના સાંજે ૪ કલાકે સમાપ્ત થશે.

કુકમામાં બે માસૂમ સંતાનો સાથે માતાએ આપઘાત કરી લેતા અરેરાટી

પતિ કામ પર ગયો હતો અને પાછળથી પરિવાર વિખેરાયો

ભુજ : તાલુકાના કુકમા ગામે રહેતા મૂળ બોટાદ જિલ્લાના શ્રમજીવી પરિવારના માતાએ પોતાના માત્ર દોઢ વર્ષના પુત્ર અને ચાર વર્ષની પુત્રી સાથે આત્મહત્યા કરી લેતા સમગ્ર કચ્છમાં અરેરાટી ફેલાઈ જવા પામી છે. પરપ્રાંતીય શ્રમજીવી પરિવારની મહિલાએ અગમ્ય કારણોસર ઘરની છતમાં બે બાળકોને કપડાં રસ્સામાં લટકાવ્યા બાદ પોતે પણ ગળેફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લીધું હતું.

પધ્ધર પોલીસમાંથી મળતી વિગતો મુજબ કુકમા ગામે આહિર સમાજવાડીની પાછળ આવેલ કનૈયાબે ગામના હાજી રજાક શેખની ઓરડીમાં રહેતા અને ટ્રેકટર ચાલક તરીકે નોકરી કરતા મૂળ બોટાદ જિલ્લાના બરવાળા ગામના વિજય ઠાકોરના ૨૩ વર્ષિય પત્ની સંગીતાબેને પોતાની ચાર વર્ષીય પુત્રી સંધ્યા અને દોઢ વર્ષના પુત્ર રાજવીર સાથે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યા હતા. આત્મહત્યા કરી લેનાર મહિલાએ પ્રથમ પોતાના બે સંતાનોને મોતને ઘાટ ઉતાર્યા બાદ પોતે પણ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું જોકે આ મહિલાએ શા માટે આત્મહત્યાનું પગલું ભરવું પડ્યું તે અંગે હજુ કોઈ વિગતો પ્રાપ્ત થઈ નથી. તપાસ કરતા પદ્ધર પોલીસ સ્ટેશનમાંથી મળતી વિગતો મુજબ માતા સાથે કામ ઉપર ગયેલા મૃતકના પતિને તેના સાઢું ભાઈએ ફોન કરી સંગીતા બેન ફોન ઉપાડતા ના હોય તપાસ કરવાનું કહેતા તેઓ ઘરે પહોંચી દરવાજો ખટખટાવ્યો હતો પરંતુ દરવાજો ના ખુલતા ઘરની બારીના દરવાજા ખોલી અંદર નજર કરતા માતા અને સંતાનો છતમાં મૃત અવસ્થામાં ઝૂલતા જોવા મળ્યા હતાં. હતભાગીના મૃતદેહોને જીકે જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

રાયધણપર ગામે બીકેટી કંપની દ્વારા ૧૦.૩૦ લાખના વિકાસના કામોનું લોકાર્પણ કરાયું

ભુજ : ધરતીકંપ પછી કચ્છમાં મોટા ઉદ્યોગો આવ્યા છે. આ ઉદ્યોગો આવવાના કારણે તેની આસપાસના ગામોની જરૂરિયાત મુજબ સીએસઆર ફંડમાંથી ગામના વિકાસ કામો થાય છે ત્યારે ભુજ તાલુકાના રાયધણપર ગામે બીકેટી કંપની દ્વારા વિકાસના કામોનું તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાયધણપર ગામની થોડે દૂર સ્મશાન આવેલું છે ત્યાં ચોમાસામાં ખૂબ તકલીફ રહેતી હતી. ગામના આગેવાનોએ સ્મશાનમાં છાપરા, બાઈન્ડ્રીવોલ, આરસીસી, પેવર બ્લોક વગેરે કામ કરાવી આપવા બીકેટી કંપનીમાં વાત કરી હતી, જેના અનુસંધાને કંપનીના સીએસઆર હેડ ડી.ડી. રાણા અને દશરથસિંહ ઝાલાએ કંપનીના મેનેજમેન્ટને વાત કરતા તેમના દ્વારા લીલીઝંડી આપવામાં આવી હતી અને કામ ચાલુ થયું હતું. આ કામના લોકાર્પણ વેળાએ ગામના લોકોમાં આનંદ - ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ અંગે વધુ વિગતો આપતા શ્રી ઝાલા અને શ્રી રાણાએ જણાવ્યું હતું કે, આશરે ૧૦.૩૦ લાખથી ઉપરના કામો આ ગામના વિકાસ માટે કરાયા છે. અગાઉ પણ રાયધણપર ગામમાં ગૌશાળામાં શેડ, બાઉન્ડ્રી વોલ અને સીસીટીવી કેમેરાની જરૂરિયાત જણાતા બીકેટી કંપની દ્વારા સીએસઆર ફંડમાંથી વિકાસના કાર્યો થયા છે. આ વેળાએ ગામના અગ્રણીઓ, કંપનીના અધિકારીઓ અને ગામના લોકો હાજર રહ્યા હતા.

ખરીફ પાકોના વાવેતર સમયે બિયારણની ખરીદી કરતી વખતે ખેડૂતોએ કાળજી રાખવી હિતાવહ

ભુજ : રાજયના તમામ ખેડૂતોને આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણ ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે જણાવવાનું કે, બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ, પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ સંજોગોમાં લાયસન્સ, પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહી. જેથી, છેતરપીંડીથી બચી શકાય.

બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું. બિયારણની થેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂરી થઈ ગયેલ નથી તે બાબતે ખાસ ચકાસણી કરવી અને કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા બિયારણની ખરીદી કરવી નહીં. વાવણી બાદ ખરીદેલ બિયારણનું પેકેટ, થેલી તેમજ તેનું બીલ પણ સાચવી રાખવુ જરૂરી છે. ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા ૪જી અને ૫જી જેવા જુદા જુદા નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં તેમજ આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક તાલુકાના ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), ખેડૂત તાલીમ કેન્દ્ર, સંસ્કાર નગર, ભુજ-કચ્છ ફોન.૦૨૮૩૨-૨૨૧૦૩૮ને જાણ કરવી.

ભુજમાં હરતા-ફરતા છાશ કેન્દ્ર દ્વારા દરરોજ ૩૦૦ લીટર છાશ વિતરણ શરૂ

ભુજ : માનવજયોત સંસ્થા ભુજ અને રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ દ્વારા એક સદ્ગૃહસ્થ દાતા પરિવારનાં સહયોગથી હરતા-ફરતા છાશ કેન્દ્રનો પ્રારંભ કરાયો હતો.

ભીડ ગેટ વિસ્તારમાં યોજાયેલ કાર્યક્રમમાં સંસ્થાનાં અધ્યક્ષ પ્રબોધ મુનવરે જણાવ્યું હતું કે, ઉનાળાની કાળઝાળ ગરમીમાં જરૂરતમંદ લોકો તથા શ્રમજીવી વર્ગને દરરોજ નમક-જીરા- બરફવાળી સ્વાદિષ્ટ છાશ પીવડાવવામાં આવશે. દરરોજ ૩૦૦ લીટર છાશ હરતા-ફરતા વાહનથી શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં પહોંચશે, જેથી જરૂરતમંદોની આંતરડી ઠરશે. પ્રથમ મહિને જય સ્વામિનારાયણનાં નામે એક સદ્ગૃહસ્થ, બીજા મહિને જય શ્રી કૃષ્ણનાં નામે એક સદ્ગૃહસ્થ તેમજ ત્રીજા મહિને જય જલારામ બાપાનાં નામે એક સદ્ગૃહસ્થનાં સહયોગથી આ છાશ કેન્દ્ર ચાલશે. રવજીભાઈ હાલાઈ, શીવજીભાઈ પિંડોરીયા, લાલજીભાઈ હાલાઈ, માવજીભાઈ પિંડોરીયાએ હરતા-ફરતા છાશ કેન્દ્ર વાહનને સ્ટાર્ટ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જયારે આભાર દર્શન સુરેશભાઈ માહેશ્વરીએ કર્યું હતું. વ્યવસ્થામાં પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, સહદેવસિંહ જાડેજા, શંભુભાઈ જોષી, કનૈયાલાલ અબોટી, મનસુખભાઈ નાગડા, દિપેશ શાહ, રફીક બાવા, નિતિન ઠક્કર, પ્રતાપ ઠક્કરે સહયોગ આપ્યો હતો.

હાજીપીર મેળાને અનુલક્ષીને વિવિધ જાહેરનામા જારી કરાયા

ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ,દરગાહ પરિસરમાં શંકાસ્પદ વસ્તુઓ લઈ જવા પર મનાઈ અને પદયાત્રી સેવા કેમ્પ માટે સૂચનો જારી કરાયા

ભુજ : આગામી તા.૨૭/૪ થી તા.૨૯/૪ દરમિયાન હાજીપીર ખાતે હાજીપીરનો મેળો (ઉર્ષ) તથા તા.૨૯/૪ થી તા.૩૦/૪ સુધી આમારા ગામ પાસે આવેલ કરોળપીરનો મેળો યોજાનાર છે. આ મેળા દરમિયાન જિલ્લા બહારથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં પગે ચાલીને હાજીપીર ખાતે દર્શનાર્થે જાય છે. આ વિસ્તારમાં આર્યિયન કેમીકલ પ્રા.લી.કંપની, સત્યેશ તથા નિલકંઠ કંપની કાર્યરત છે અને તે કંપનીના ભારી માલવાહક વાહનો આર્યિયન કંપનીથી હાજીપીર ફાટક સુધી સિંગલ પટ્ટી રોડ પર અવર જવર કરે છે. ભારે માલવાહક વાહનોની અવર-જવરને કારણે પદયાત્રીઓને મુશ્કેલી પડે અને અકસ્માત થવાની સંભાવનાઓ રહે છે, જેથી જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા જાહેર કરાયેલા જાહેરનામા અનુસાર તા.૨૩/૪ થી તા.૩૦/૪ સુધી હાજીપીર ફાટકથી આર્યિયન કેમીકલ પ્રા.લી.કંપની, સત્યેશ કંપની તથા નિલકંઠ કંપની તેમજ ધોરડોથી નિલકંઠ કંપની સુધી ભારે વાહનો પરિવહન કરી શકશે નહીં.

આ ઉપરાંત તા.૨૫/૪ના વહેલી સવારે ૬ કલાકથી તા.૩૦/૪ના રાત્રિના ૨૪ કલાક સુધી હાજીપીર ખાતે આવેલી હાજીપીર દરગાહના સંકુલમાં તેમજ આમારા ગામ પાસે આવેલા કરોળપીરના પરીસરમાં પ્રસાદની વસ્તુ જેવી કે શ્રીફળ વિગેરે લઈ જવા પર મનાઈ ફરમાવાઈ છે તેમજ પદયાત્રીઓ માટે કેમ્પ યોજતી સંસ્થાઓએ સંસ્થાનું નામ, સરનામું, ટેલીફોન - મોબાઈલ નં, કેમ્પનું સ્થળ અને કેમ્પનો હેતુ, કેમ્પના મુખ્ય સંચાલકો - આયોજકોના નામ - સરનામા, ટેલીફોન - મોબાઈલ નંબર, કેમ્પ માં સેવા આપનાર સ્વયંસેવકોના નામ - સરનામા, ટેલીફોન - મોબાઈલ નંબર, કેમ્પમાં વિતરણ થનાર ચીજવસ્તુ - ખાધપદાર્થની સંપૂર્ણ વિગત, કેમ્પ કેટલા દિવસ માટે લગાડવાનો છે તેની વિગત, જે જગ્યાએ કેમ્પ લગાડવાના હોય તે જગ્યાએ લાઈટ રીફલેકટર રાખવા, સફાઈ માટે સ્વીપર વિગેરેની જરૂરી વ્યવસ્થા કરવી, યાત્રાળુઓ માટે શુધ્ધ પાણીનો ઉપ યોગ કરવો, રસ્તા પર વધારાના સ્પીડબ્રેકર કે બમ્પ ન બનાવવા તથા પ્લાસ્ટીકની થેલીનો ઉપયોગ કરવાનો રહેશે.

ગાંધીધામમાં પેટ્રોલ છાંટી સળગવાનો પ્રયાસ કરનાર મહિલાનું સારવાર દરમિયાન મોત

ગાંધીધામ : શહેરના ગણેશનગર વિસ્તારમાં રહેતી મહિલાએ જાતે ઘરે પેટ્રોલ છાંટીને સળગવાનો પ્રયાસ કરનાર મહિલાનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ અંગે ગાંધીધામ બી ડિવિઝન પોલીસમાંથી મળતી વિગતો મુજબ જગદીશભાઈ અનુભાઈ દેવરિયાએ જણાવ્યું હતું કે, નેણબેન અતુલભાઈ દેવરિયા (ઉ.વ. ૮૦) (રહે ગણેશનગર, ગાંધીધામ) વાળા પોતે માનસિક તેમજ આર્થિક રીતે પીડાતા હોવાથી પોતાના ઘરે પેટ્રોલ છાંટી સળગવાનો પ્રયાસ કરાયો હતો. જે શરીરે દાઝી જવાના કારણે પ્રથમ સારવાર માટે રાબાગ હોસ્પિટલ અને વધુ સારવાર માટે જી.કે. જનરલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં સારવાર દરમિયાન નેણબાઈએ અંતિમ શ્વાસ લીધા હતા.

આપણા કચ્છમાં સૌપ્રથમ લેડી રૂમેટોલોજીસ્ટ
('વા', સંધિવા)ના ડોકટર
નવા સરનામે હવે કાયમી મળશે

ડો. પૂજા બેલાણી
MD, DM (JIPMER Pondicherry)
કન્સલ્ટન્ટ રૂમ્યુટોલોજીસ્ટ એન્ડ ઈમ્યુનોલોજીસ્ટ
સાંધા, સ્નાયુઓ અને 'વા' નાં નિષ્ણાંત

તમારે ક્યારે રૂમેટોલોજીસ્ટને મળવાની જરૂર છે ?
- હાથ અને પગના સાંધાઓમાં દુખાવો થવો અને સોજા આવવા.
- ગોઠણ, ડોક અથવા કમરનો દુખાવો.
- સ્નાયુનો દુખાવો અથવા સવારે શરીર જકડાઈ જવું.
- લાંબા સમયનો કે વારંવાર તાવ આવવો, મોઢામાં વારંવાર ચાંદા પડવા.
- ઠંડીમાં આંગળીના ટેરવા ભુરા કે સફેદ પડી જવા.
- આંખો અને મોઢુ સુકાઈ જવા, આંખો વારંવાર લાલ થઈ દુખાવો થવો.

કચ્છ રૂમેટોલોજી સેન્ટર
મયુર લેબોરેટરીની બાજુમાં, પ્લોટ નં. TBX6, આદિપુર-કચ્છ.
એપોઈન્ટમેન્ટ માટે : 99741 42914

PGVCL
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
નાના માવા મેન રોડ-રાજકોટ
CIN U40102GJ2003SGC042908, website : www.pgvcl.com
ગાંધીધામ વિભાગીય કચેરી
રામબાગ રોડ, આનંદમાર્ગ સ્કુલની બાજુમાં, ડી.સી.-૨, ગાંધીધામ

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની જાહેર નોટીસ

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે, વીજ લાઈન ઉપર અગત્યની પ્રીમોન્સુન મેઈન્ટેનન્સની કામગીરી કરવાની હોવાથી નીચેના જણાવેલ વિસ્તારોમાં ૦૬:૦૦ થી ૧૦:૦૦ દરમ્યાન વીજ પુરવઠો બંધ રહેશે.

તારીખ	૧૧ કે.વી.	સમાવેશ થતો વિસ્તાર
૨૪.૦૪.૨૪	એસ.વી.પી.	સેક્ટર-૧,૨,૩,૭ પુનમ સોસાયટી અને સપનાનગર સી લાઈન

કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી

મિત્રાંજલિ

આપની અણધારી વિદાયથી પરિવાર પર આવી પડેલ દુઃખને જીરવવાની પરમકૃપાળુ શકિત અર્પે અને આપના દિવ્ય આત્માને પ્રભુ ચરણમાં વાસ આપે એવી પ્રાર્થના સહ...

સ્વ.વિશનજીભાઈ લધા રૂડાણી
ગઢશીશા

યાદ કરતાં આપને, માફી આંખે ઢલકે પાણી
વિશનજી વિચારશે નહિં, મારા ઘરમાં રૂડાણી
ઉદાર દલ ના આદમી, જેમ નિર્મળ ઝરણાં વાણી
ઓચિંતો ચર્વર્મે ચંચર્યો, આ વિશનજી રૂડાણી
આવકારો ખુબ ઉજળો, દલમાં જે ઠાકાર
જ્ઞાવાળુ જીવન જીવી ગયો, ભયો દેવ તણો ઠરબાર
મળે હૈયાના હેતથી મોટપણા રાખે મન
તારો જોટો જડે ના જગમાં, જગમાંથી વિદાન
કહે મહેશ કરે પ્રાર્થના, પ્રભુ થઈ દે જે પ્રસન્ન
ગઢશીશાને મળતા રહે આવા વ્હાલ ઓયા વિશન

-:: શોકાતુર મિત્રો ::-
- મહેશદાન જે. બોડસા (નિવૃત પોલીસ ઈન્સ્પેક્ટર)
- નરશીભાઈ કે. વાઘેલા (પીએસઆઈ પોરબંદર)
- જીતુભા સાહેબજી સોઢા (દનણા)
- પેલભારથી મંગલભારથી ગોસ્વામી (ધોડાલખ)
- હરિભારથી વલ્લભભારથી ગુસાઈ (એએસઆઈ દયાપર)
- પ્રદિપભાઈ પેલજી સોની (ભુજ)
- હિંમતલાલ રેવાશંકર રાજગોર (કિસાન એગ્રો - ગઢશીશા)
- ગુણવંતભાઈ વ્યાસ (પ્રતિનિધિ - કચ્છઉદય)

ગઢશીશા (તા.માંડવી-કચ્છ.)

ભુજવાસીઓને સુવિધા સજજ વોક-વે આપવાની સુધરાઈની દાનત અને આવડત જ નથી

કરોડોના માતબર ખર્ચે મંથરગતિએ ચાલી રહેલા વોક-વેના નિર્માણ સામે ડેઈલી વોકર્સે વ્યક્ત કર્યો આક્રોશ : લોકેશન પર પ્લાનીંગના મેપ મૂકવામાં નથી આવ્યા : સિનિયર સિટીઝનો, મહિલાઓને ભારે હાલાકી : ઠેર-ઠેર ખાડાઓના કારણે ચાલતા - ચાલતા પડી જાય છે વોકર્સ : પીવાના પાણી અને શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓનો ખટકતો અભાવ : લાઈટના અભાવે લુખ્ખા તત્ત્વોને મળી રહ્યું છે મોકળું મેદાન : સુધરાઈ તંત્ર દ્વારા ઝડપભેર ગુણવત્તાસભર વોક-વેનું નિર્માણ કાર્ય પૂર્ણ કરાય તેવી પ્રબળ લોકલાગણી

ભુજ : અંદાજીત ૯ માસ અગાઉ શહેરમાં વોક-વેનો મામલો ભારે ચકચારી બન્યો હતો. ભુજને માંડ મળેલા અને જર્જરીત બની ગયા છતાં જેનો શહેરવાસીઓ સતત ઉપયોગ કરતા રહ્યા તે વોક-વેનું કામ તકલાદી થતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી ત્યારે તત્કાલિન નગરપતિએ હોદ્દાની રૂએ મળેલી વિશેષ સત્તાનો ઉપયોગ કરી વોક-વેના પ્રોજેક્ટને પડતો મૂકી દેવાનો નિર્ણય વ્યક્ત કર્યો હતો. ભારે વિવાદનો વંટોળ ઉઠ્યા બાદ ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે મોરચો સંભાળ્યો હતો અને ૨૫ થી ૩૦ વર્ષ સુધી શહેરની શોભા વધારતું રહે તેવો વોક-વે બનાવવાની વાત કરી હતી, પરંતુ હાલે વોક-વેના મંથરગતિએ ચાલી રહેલા કામથી ભુજવાસીઓમાં રોષ ફેલાયો છે.

આ અંગે ભુજના વોક-વે પર કચ્છ ઉદયની ટીમે લટાર મારતા દરરોજ વોકીંગ માટે આવતા સિનિયર સિટીઝનો, યુવાનો અને મહિલાઓએ વ્યથા વર્ણવી હતી. ભુજના આરોગ્ય પ્રત્યે સભાન યુવકોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કરોડોનો માતબર ખર્ચ થવા છતાં લોકોને જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્ર સદંતર નિષ્ફળ રહ્યું છે ત્યારે સુધરાઈમાં આવડત નથી કે દાનત નથી તેવો સવાલ ઉઠે તે સ્વાભાવિક જ છે.

વોક-વેના કામ માટે સૂચનો - મંતવ્યો મેળવી લેવાયા બાદ વોક-વે કેવું બનશે તેનો કોઈ મેપ તૈયાર કરાયો નથી અને જો કોઈ નક્કર પ્લાન તૈયાર કરાયો છે તો જાહેર જનતા જોઈ શકે તે માટે મૂકવો જોઈએ. ભુજના સામાજિક અને રાજકીય અગ્રણી ભરતભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, વોક-વે શરૂઆતથી જ વિવાદગ્રસ્ત રહ્યું છે. વોક-વેના નિર્માણ માટે સવા બે કરોડનો ખર્ચ થવાનો છે, પરંતુ તેના પ્લાન અંગે શહેરવાસીઓને કોઈ વિગતો સુધરાઈએ આપી જ નથી. ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે જૂના કોન્ટ્રાક્ટર પાસેથી જ કામ કરાવવાનો આગ્રહ શા માટે રાખ્યો છે. સુધરાઈમાં નવી બોડી આવ્યા બાદ કારોબારી ચેરમેન અને બાંધકામ સમિતિના ચેરમેન દેખરેખ રાખી રહ્યા છે, પરંતુ કામ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. વોક-વેનું કામ ઝડપભેર પૂર્ણ થાય તે જરૂરી છે.

ભુજના વોક-વે પર છેલ્લા પાંચ વર્ષથી નિયમિત વોકીંગ માટે આવતા ભાવનાબેન ગોસ્વામીએ જણાવ્યું હતું કે, ઠેર-ઠેર ખાડાઓ અને પથ્થરોના ઢગ ખડકાયેલા છે. થોડા સમય અગાઉ તેઓ વોકીંગ કરતી વખતે પડી જતા પાંસડીઓમાં ગંભીર ઈજાઓ પહોંચતા બે મહિના સુધી બેડ રેસ્ટ કરવાની ફરજ પડી હતી. વર્ષ ૨૦૧૧થી નિયમિત વોકીંગ માટે આવતા વિજ્ઞાન શિક્ષક સંજીવભાઈ જોષીએ જણાવ્યું હતું કે, વોકીંગ ટ્રેક પર આડેધડ ખોદકામ થયું છે. આ વોકીંગ ટ્રેક હાલે ખૂબ જોખમી બન્યો છે. નિયમિત વોકીંગ માટે આવતા લોકોએ એકસૂરે જણાવ્યું હતું કે, વોક-વે પર પીવાના પાણી, શૌચાલય અને લાઈટની અસુવિધા ખટકે છે. વોક-વે પર નિયમિત સફાઈ પણ પણ થતી ન હોવાથી ઠેર-ઠેર ગંદકી ફેલાયેલી રહે છે, જેથી પોતાના આરોગ્યને સુદ્રઢ કરવા વોક-વે પર આવતા લોકો બીમાર પડે છે અથવા ઈજાગ્રસ્ત બને છે. નિયમિત વોકીંગ કરતા લોકોએ જણાવ્યું હતું કે, વોક-વેનું કામ ઝડપભેર પૂર્ણ થાય અને ગુણવત્તાસભર થાય તે ઈચ્છનીય છે. સુધરાઈ તંત્ર અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ માત્ર વાતો કરવાના બદલે નક્કર કામગીરી કરી બતાવે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

બ્યુટીફિકેશનનો કરોડોનો ખર્ચ એડે ગયો

ભુજના હમીરસર તળાવને અમદાવાદના કાંકરિયા તળાવ જેવું વિકસીત બનાવવા કરોડોનો ખર્ચ કરાયો હતો. બ્યુટીફિકેશનના નામે કરવામાં આવેલ ખર્ચ પાણીમાં ગયો હોવાનું ભુજવાસીઓ જણાવી રહ્યા છે.

ભુજના હમીરસર તળાવને ફરતે બ્યુટીફિકેશનના નામે હલકી ગુણવત્તાના બાંકડા પાથરવાનું કામ મુખ્ય રહ્યું હતું. હમીરસર તળાવમાં પેન્શનર્સના ઓટલા સામે પાથરવામાં આવેલા બાંકડા પર ખાણી-પીણીના ધંધાર્થીઓએ કબજો જમાવી દીધો છે તો રામધૂનની સામે ગોઠવાયેલા બાંકડા પર સાધુ-ફકીરો, ભિખારીઓએ અડ્ડો જમાવી દીધો છે. લકવ્યુ બાંકડા અમુક તુટી ગયા છે તો અમુક હાલત ખસ્તા છે. લકવ્યુ પાસે સૌચાલ્યા છે જે સૌભાના ગાઢયા સમાન બંધ હોય છે. બ્યુટીફિકેશનના નામે લગાવવામાં આવેલ બાંકડા, વીજપોલ વગેરે તદ્દન હલકી ગુણવત્તાના હોવાથી અનેક સ્થળે બાંકડાઓ ખખડધજ બની તૂટી પણ ગયા છે. બ્યુટીફિકેશનના કામમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનું ભુજવાસીઓ જણાવી રહ્યા છે.

કચ્છ લોકસભા બેઠકના ઉમેદવારોના ખર્ચની ત્રણવાર તપાસ થશે

લોકસભાના ઉમેદવાર માટે ચૂંટણી પંચે ૯૦ લાખ રૂપિયાના ખર્ચની મર્યાદા નક્કી કરી છે : જો ઉમેદવાર નિયમ અનુસાર ખર્ચ રજિસ્ટરની તપાસ ન કરાવે અને પોતાના ખર્ચની વિગતો રજૂ ન કરે તો તેની સામે ડિસ્ક્વોલિફાય સુધીના પગલાં પણ લેવાઈ શકે

ભુજ : કચ્છ લોકસભાની બેઠક માટે ઉમેદવારોના ખર્ચ રજિસ્ટરોની ૩ વખત તપાસ કરાશે. આ માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ખર્ચ રજિસ્ટરની ચકાસણી માટેનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ૨૬ એપ્રિલથી શરૂ થનારી ખર્ચ રજિસ્ટરની ચકાસણી ૪ મે સુધીમાં પૂર્ણ કરાશે. લોકસભાની ચૂંટણી દરમિયાન ઉમેદવાર રૂપિયા ૯૦ લાખની મર્યાદામાં ખર્ચ કરી શકે છે, જેથી આ ખર્ચની ચકાસણી કરવા માટે ઉમેદવારે ખર્ચ રજિસ્ટર નિભાવવાનું હોય છે અને આ રજિસ્ટરની ચૂંટણી તંત્ર દ્વારા તપાસ કરાતી હોય છે. જિલ્લા પંચાયત ખાતે ખર્ચના રજિસ્ટરની ચકાસણી માટેની કાર્યવાહી હાથ ધરાશે. જેમાં સૌપ્રથમ ૨૬ એપ્રિલના રોજ પૂર્વ લોકસભા બેઠકના ઉમેદવારોના ખર્ચના રજિસ્ટરની ચકાસણી કરાશે.

આ અંગેની વિગતો મુજબ કચ્છ લોકસભા બેઠક માટે સોમવારે ઉમેદવારી પરત ખેંચવાના છેલ્લા દિવસે ચિત્ર સ્પષ્ટ થયું છે. કચ્છ લોકસભા બેઠક પર હવે મુખ્ય રાજકીય પક્ષો સહિત ૧૧ ઉમેદવારો ચૂંટણી મેદાને રહ્યા છે. જેથી હવે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અન્ય કાર્યવાહી માટેની તૈયારીઓ શરૂ કરી દીધી હોવાનું જાણવા મળે છે. જેમાં કચ્છ લોકસભા બેઠકના સંસદીય મતદાર વિભાગના ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારોના ચૂંટણી ખર્ચના રજિસ્ટરની તપાસણી માટેનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ચૂંટણી પ્રક્રિયા દરમિયાન દરેક ઉમેદવારના ચૂંટણી ખર્ચ રજિસ્ટરોની કુલ ત્રણ વાર તપાસણી કરવાની રહે છે. આ ઉમેદવારોના ચૂંટણી ખર્ચ અંગે તપાસણી કરવા માટેનું સમયપત્રકની તારીખોની જાહેરાત કરવામાં આવી છે.

ચૂંટણી અધિકારીએ પ્રસિદ્ધ કરેલી યાદી અનુસાર, ચૂંટણી ખર્ચ રજિસ્ટરોની ત્રણ વખતની તપાસણીનું સમયપત્રક જોઈએ તો કચ્છ લોકસભા બેઠકના ઉમેદવારોના ચૂંટણી ખર્ચ રજિસ્ટરોની સૌથી પહેલી

અનુસંધાન પાના નં.૫ પર

સલમાન ઘર ફાયરીંગ કેસ : કચ્છથી ઝડપાયેલા શાર્પ- શુટર્સની ધરપકડ બાદના નવા કડાકા-ભડાકા

૧૦ રાઉન્ડ ફાયર કરવાનો આદેશ... પોલીસે સલમાન ખાન કેસમાં કર્યો મોટો ખુલાસો : સુરતમાં અલગ -અલગ દિશામાં તપાસનો ધમધમાટ ચયાવત : રીવોલ્વર સાથે ૩ મેગેઝીન અને ૧૩ રાઉન્ડ કારતુસ પણ મળી આવ્યા : પોલીસતંત્ર ઝડપાયેલા બે શખ્સોના ફોનનો કેમ નથી મેળવતા કબ્જો? આ શખ્સોના ફોન કબ્જે લઈ અને ઘનિષ્ઠ તપાસ થશે તો મજબુત કડીઓ હાથ લાગશે

ગાંધીધામ : સલમાન ખાન ફાયરિંગ કેસમાં કચ્છમાથી બે શખ્સો-શાર્પસંટર્સને પકડી પાડયા બાદ હવે વધુ કેટલાક ચોંકાવનારો ખુલાસા સામે આવ્યો છે. શૂટર્સને સલમાન ખાનના ઘર પર ૧૦ રાઉન્ડ ફાયરિંગ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. અનમોલ વિશ્નોઈએ બંને શૂટરોને ૧૦ રાઉન્ડ ફાયર કરવાનો આદેશ આપ્યો હતો. બંને શૂટર્સ ૧૦ રાઉન્ડ ફાયરિંગ કરવાના ઈરાદે એક નહીં, પરંતુ બે બંદૂકો સાથે સલમાન ખાનના ઘરની બહાર પહોંચ્યા હતા. એક બંદૂક સાગર પાલ પાસે હતી, જ્યારે બીજી વિકી ગુપ્તા પાસે હતી.

ફાયરિંગની ઘટનાને અંજામ આપ્યા બાદ શૂટરોએ બંને બંદૂકોને સુરતની તાપી નદીમાં ફેંકી દીધી હતી. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ હવે ખાનગી મરીન મારફત સુરતની તાપી નદીમાં બંને બંદૂકોને શોધી રહી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે બંને શૂટરોને બંદૂક વિશ્નોઈ ગેંગના લોકોએ આપી હતી, પરંતુ હજુ સુધી તેમની ઓળખ થઈ નથી. શૂટર હોળી દરમિયાન બંદૂક લઈને બિહાર ગયો હતો. ત્યાં, બંને શૂટરોએ એક જ બંદૂકથી ફાયરિંગની પ્રેક્ટિસ કરી અને હોળી પછી મુંબઈ પાછા ફર્યા હતા.સલમાન ખાનના ઘરે ગોળીબાર કર્યા બાદ શૂટર વિકી ગુપ્તા તેના નાના ભાઈ સોનુ ગુપ્તાના સંપર્કમાં હતો અને તેની સાથે લાંબા સમય સુધી વાત કરતો હતો. તેના આધારે ક્રાઈમ બ્રાન્ચ હજુ પણ સોનુ ગુપ્તાની સતત પૂછપરછ કરી રહી છે. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને શૂટર સલમાન ખાનના ઘરે ગોળીબાર કરવાના હતા, પરંતુ પકડાઈ જવાના ડરને કારણે માત્ર એક જ શૂટર ગોળીબાર કરી શક્યો હતો. મોટાભાગના પુરાવા એકત્ર કરી લેવામાં આવ્યા છે અને ટૂંક સમયમાં જ ક્રાઈમ બ્રાન્ચ લોરેન્સ વિશ્નોઈની કસ્ટડી માટે કોર્ટમાં જશે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ આ કેસમાં વધુ કેટલીક કલમો ઉમેરી શકે છે. આ કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં ૧૦ લોકોના નિવેદન નોંધ્યા છે. બે શૂટરો કોની કારમાં દહિસરથી સુરત ભાગી ગયા હતા તે કાર ચાલકનું નિવેદન હજુ નોંધવાનું બાકી છે.બીજીતરફ કચ્છમાથી પકડાયેલા બે શાર્પશુટર્સ દ્વારા એવી કેફિયત અપાઈ હતી કે, તેઓએ ફાયરીંગમાં ઉપયોગમાં લીધેલી રીવોલ્વર સુરતની તાપી નદીમાં ફેકી દીધી હતી જે મામલે ગઈકાલે શોધખોળ કરવામા આવી હતી અને હવે તે રીવોલ્વર તથા તેની સાથેના કારતુસો પણ પોલીસે શોધી કાઢયા હોવાના અહેવાલો સામે આવ્યા છે.બોલીવુડના દબંગ અભિનેતા સલમાન ખાનના બાંદરા-વેસ્ટમાં ગેલેક્સી અપાર્ટમેન્ટમાં આવેલા ઘરની બહાર ૧૪ એપ્રિલની સવારે ફાયરિંગ કરવાના આરોપ સર લૉરેન્સ બિશ્નોઈ ગેન્ગના બે શૂટર વિક્કી ગુપ્તા અને સાગર પાલની ગુજરાતના કચ્છમાંથી ધરપકડ કરવામાં આવી હતી. પૂછપરછમાં તેમણે મુંબઈથી કચ્છ જતી વખતે સુરતની તાપી નદીમાં ગન ફેંકી હોવાનું કહ્યું હતું. આથી આ મામલાની તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચના યુનિટ-૯ના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર દયા નાયક અને તેમની ટીમ ગઈ કાલે ગન શોધવા માટે એક શૂટર સાથે સવારના ૧૦ વાગ્યે સુરત પહોંચ્યાં હતાં.તાપી નદી પરના રેલવે બ્રિજ પર ક્રાઈમ બ્રાન્ચના ૧૫ અધિકારીઓએ ગુજરાત પોલીસની મદદથી નદીમાં બોટમાં બેસીને ડાઈવરોની મદદથી ગન શોધવાનો પ્રયાસ કર્યો હતો. ક્રાઈમ બ્રાન્ચની પોલીસે ગુજરાત પોલીસની મદદથી તાપી નદીમાં બોટમાં બેસીને શૂટરે જે જગ્યાએ પિસ્ટલ ફેંકી હોવાનું કહ્યું હતું ત્યાં તપાસ કરી હતી. હવે આ કેસમાં વધુ કેટલીક કડીઓ બહાર આવે તેમ જાણકારો માની રહ્યા છે.

કોપી કેસનો મામલો આચારસંહિતાના પગલે અટકી પડયો

બોર્ડ પરીક્ષાના વહેલાં પરિણામને લાગ્યું ચૂંટણીનું ગ્રહણ

બોર્ડની પરીક્ષા સમિતિની બેઠક થતી ન હોવાથી નિર્ણય લેવામાં વિલંબ

ભુજ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા દરમિયાન અને ત્યારબાદ સીસીટીવી ફૂટેજની ચકાસણીમાં કોપી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓના નિર્ણયનો મામલો ચૂંટણીના પગલે અટકી પડ્યો છે. આચાર સંહિતાને કારણે બોર્ડની પરીક્ષા સમિતિની બેઠક થતી ન હોવાથી નિર્ણય લેવામાં વિલંબ થયો છે. એક બાજુ શિક્ષણ બોર્ડ વહેલું પરિણામ જાહેર કરવા યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યું છે તો બીજી બાજુ પરીક્ષા સમિતિની બેઠક ન મળવાને કારણે કામગીરી અટકી છે. શિક્ષણ બોર્ડે રાજ્ય ચૂંટણી પંચમાં ૧૦ દિવસ પહેલા દરખાસ્ત કરી હતી, પરંતુ હજુ સુધી બોર્ડને જવાબ મળ્યો નથી.

આ અંગેની વિગતો મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ધોરણ- ૧૦ અને ૧૨ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવાનું કામ યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા આ વર્ષે ખૂબ જ વહેલુ પરિણામ જાહેર કરવા માટેની તૈયારીઓ પણ કરાઈ છે. જોકે, બીજી બાજુ પરીક્ષા દરમિયાન થયેલા કોપી કેસ તેમજ પરીક્ષા બાદ સીસીટીવીના ફૂટેજની ચકાસણી દરમિયાન ધ્યાને આવેલા ગેરરીતિના કેસ અને ઉત્તરવહી મૂલ્યાંકન દરમિયાન

અનુસંધાન પાના નં.૫ પર

શ્રી યદુનંદન એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ - માધાપર

જનરલ મિટિંગ

જયશ્રી કૃષ્ણ સાથે જણાવવાનું કે, તા.૨૪-૦૪-૨૦૨૪, બુધવારે સવારે ૧૦:૦૦ કલાકે નીચેના એજન્ડાની ચર્ચા-વિચારણા અંગે આહિર બોર્ડિંગ - માધાપર ખાતે જનરલ મિટિંગ રાખેલ છે. આ મિટિંગમાં ભુજ તાલુકામાં વસતા આહિર સમાજના તમામ વડીલો, સામાજીક આગેવાનો તેમજ યુવાનોએ ખાસ ઉપસ્થિત રહેવા નમ્ર વિનંતી.

એજન્ડા
હિસાબોનું વાંચન
નવી કમિટિની વરણી
પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે

પ્રમુખશ્રી સામજીભાઈ ભુરાભાઈ ડાંગર
લિ.
મંત્રીશ્રી સામજીભાઈ અમરાભાઈ ડાંગર

મોંઘવારીની મોકાણ । કચ્છમાં ગરમીને લીધે ગુલાબ-જાસ્મિન સહિતના ફુલોના ભાવમાં વધારો

ફુલોના ભાવમાં ૧૦થી ૨૦ ટકાનો થયો વધારો : લગ્ન મંડપની સજાવટ વગેરે માટે વધુ નાણાં ખર્ચવાની ફરજ

ભુજ : કચ્છ સહિત રાજયભરમાં ફુલની બજારમાં ગરમીના લીધે ફુલોની આવકમાં ઘટાડો થયો છે. બજારમાં માલની આવક ઘટવાની સાથે જ ભાવમાં તોતિંગ વધારો થયો છે. દર વર્ષે ઉનાળાની સીઝનમાં ગરમી વધપતાં જ ફુલોના ભાવ બમણા થઈ જતા હોય છે કારણ કે, ગરમીના લીધે ફુલો ઝડપથી સુકાઈ જાય છે અથવા જલદીથી કરમાવા લાગે છે. કચ્છ સહિત રાજ્યની બજારમાં ફુલોના ભાવમાં તોતિંગ વધારો થયો છે, જેમાં ગુલાબ, હજારીગલ, ડમરો, લીલી, કેસુડો, જાસ્મીન, કાર્નેશન, એન્યુરિયમ વગેરે ફુલોના ભાવ ઉંચાકાયા છે.

આ અંગે મળતી વિગત મુજબ કચ્છ જિલ્લામાં ઉનાળાનો પ્રારંભ થયા બાદ એપ્રિલ મહિનાના મધ્યભાગે ફરી એક વખત વાતાવરણીય બદલાવ જોવા મળ્યો છે. બે દિવસ સુધી વાદળછાયા વાતાવરણના પગલે લોકોને ગરમીથી આંશિક રાહત જરૂર મળી છે, પરંતુ ઉનાળાના પ્રારંભેથી ધાર્મિક અને સામાજિક વિધિઓમાં વપરાતા ફુલોની બજાર ગરમ થઈ છે. કચ્છની બજારમાં અંજાર સહિત સ્થાનિક ફુલોના બગીચા ઉપરાંત જિલ્લા બહારથી ફુલોની આવક થતી હોય છે. ગુજરાતનું સૌથી મોટૂં ફુલ બજાર અમદાવાદના જમાબપુર ખાતે આવેલું છે. રાજ્ય ભરમાં ફુલોની આવકમાં નોંધપાત્ર ઘટાડો થતાં મોટાભાગના ફુલોના ભાવમાં ૧૦થી ૨૦ ટકાનો વધારો થયો છે. જથ્થાબંધ બજારમાં ગુલાબના ફુલના ભાવ ૨૭૦ પ્રતિ કિલોથી વધીને ૩૦૦ને પાર થઈ ગયા છે. સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ફુલોમાં ગુલાબ અને જાસ્મિનનો સમાવેશ થાય છે. જાસ્મિનના ભાવ પણ રૂા. ૨૦૦ પ્રતિકિલોને પાર થઈ ગયા છે. ટગર, ડમરો, હજારીગલ, એન્યુરિયમ, કાર્નેશન, મેરીગોલ્ડ, ઓર્કિડ, પારસ, મોગરો વગેરેના ભાવમાં વધારો થયો છે.

ફુલ બજારના વેપારીઓના જણાવ્યા અનુસાર વાર, તહેવાર, તિથીમાં ફુલોની જરૂર વધુ પડતી હોય છે. ઉનાળો શરૂ થતાં ફુલો સુકાઈ જાય છે. આ ઉપરાંત ફુલની ખેતીમાં પાણીની પણ ખપત વધારે રહેતી હોય છે. ટ્રાન્સપોર્ટ ખર્ચ, આવકમાં ઘટાડો વગેરેના લીધે ફુલોના ભાવમાં વધારો થયો છે. આગામી દિવસોમાં લગ્નસરાની સીઝન શરૂ થશે, ત્યારે લગ્ન મંડપની સજાવટ વગેરેમાં લોકોને વધારે નાણાં ખર્ચવાની ફરજ પડી શકે છે.